

ફાગણ'૮૮નું

કુમાર

૯૯

મો અંક



આવતી કાલનાં નાગરિકોનું માસિક

તંત્રી - રવિશંકર રાવળ



(સર ચિનુભાઈના સૌજ.યથી)

કાંટો

ચિત્રકાર • કૃષ્ણલાલ ભટ્ટ

કુમાર

આવતી · કાલનાં · નાગરિકોનું · માનીતું · માસિક

ફાગણ

૧૯૮૮

વિશ્વતોમુખી

·ઉપજાતિ-વંશસ્થ·

હિમાલયે મસ્તકનાં ઉશીકાં!
ને બાહુ ઝીલે જલ ગંગ-સિંધુનાં!
સહ્યાદ્રિશૃંગે પગ એક ટેકવી,
ઝંખ્યા કરું દર્શન ભાગ્યઇંદુનાં.

વંટોળ ઊઠે મરુભોમના ઉરે,
સ્મિતે શમાવું સ્વર-મંજુ-કંપને:
ને વિન્ધ્યના શૈલશૂલે વીંધાઉં
તો યે હસું જાગૃત સ્વપ્નસિંચને.

ને એ ક્ષણે તો લઘુ માનવી મટી
બની રહું રાષ્ટ્ર-વિરાટ--ચેતના;
પ્રજાપ્રજાના ઉર-સ્પંદ-તાને
ગુંજી રહું ઊર્મિલ ઐક્ય-પ્રેરણા.

ઉકેલતો તારકશબ્દપોથી
ને પ્રેમધારા વહું વિશ્વતોમુખી.

ઉમાશંકર જોષી





મહત્ત્વાકાંક્ષા

સાચી અને ભ્રામક · તેની સાધના અને ધ્યેય · લોકસંગ્રહની પુણ્યજા

■મહત્ત્વાકાંક્ષાની આપણી વ્યાખ્યા ઘણીવાર માત્ર સ્વાર્થસાધનાનું રૂપ ધડી કાઢે છે. તમે મોટા હોદ્દાની ઈચ્છા રાખી અભ્યાસ કરી રહ્યા હો, તમે મોટા વેપારી બનવા ખાતર ચારે તરફની ખબરો પીંખી નાખતા હો, અથવા તમે રસાયણી બની એકાદ શોધથી લખલૂટ દોલતના માલિક બનવા માગતા હો કે વર્તમાનપત્રોમાં ચમકદાર લેખો લખી દેશ કે પ્રાંતના એક નામદાર વિદ્વાન ગણાવા માગતા હો ત્યારે તમે એને તમારી મહત્ત્વાકાંક્ષા તરીકે ગણાવો છો. હાલ તમને કંઇક અલભ્ય વસ્તુ કે અપ્રાપ્ય સ્થિતિની ઝંખના થઇ હોય તેને તમે મહત્ત્વાકાંક્ષા માની અજંપો વેઠી રહ્યા છો. એ વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત કરવા તમે જે પ્રયાસો કરી રહ્યા છો તેને તમે ત્યાગ અથવા આત્મભોગ માનો છો. અહીં જ માણસનું મન ભૂલ ખાતું જણાય છે.

■ધારેલી વસ્તુ કે સ્થિતિ પ્રાપ્ત થતાં જ તમારા પ્રયાસો અને તપશ્ચર્યા મંદ પડી જાય છે, તમારી જીવનજ્યોત ઠંડી પડી ગઈ લાગે છે. 'હવે શું?' ની મૂંઝવણ તમને ગૂંગળાવતી દેખાય છે. મહત્ત્વાકાંક્ષાને અંતે આવી મનોદશા થઇ જાય ત્યારે નક્કી સમજજો કે તમને મહત્ત્વાકાંક્ષા કરતાં બીજી જ કોઈ મનોવૃત્તિએ પ્રેર્યા હતા. આજે તમે જે મનોરથો ઘડી રહ્યા છો, જેને માટે તમે અભ્યાસ કે સંકટ સહી રહ્યા છો તેની ફલપ્રાપ્તિ થતાં તમે કેવી જીવનસ્થિતિ અનુભવશો તેનો વિચાર કરી શકો તો જ તમારી મહત્ત્વાકાંક્ષાનું રૂપ સ્પષ્ટ થાય. મોટી રાજ્યપદવી, લક્ષ્મીવૈભવ અથવા કીર્તિકળશ મેળવી બેસવામાં મહત્ત્વાકાંક્ષા સમાઇ જતી કે પાર પડી ગણાતી નથી એ ધ્યેય પ્રાપ્ત કરી તમે જગતને તમારી શી સેવાઓ આપવાના છો એ કહો તો જ તમારી મહત્ત્વાકાંક્ષાનો રંગ ઓળખાય.

■સાચી મહત્ત્વાકાંક્ષાનું તેજ કદી ઝાંખપ લેતું જ નથી. સાચી મહત્ત્વાકાંક્ષા સેવનારને કદી નિરાશા નડતી નથી; તેને કદી અશાંતિ કે અજંપો મૂંઝવતાં નથી. અનેક મહામૂલી ચીજોભરી મહાસાગરની સપાટીપર જેવી શાંતિથી મોટું જહાજ જગતના કોઇ કિનારા તરફ ચાલ્યું જતું હોય છે તેવી ધીરજ અને આશાથી સાચો મહત્ત્વાકાંક્ષી તેની સાધના ધપાવ્યે જ જાય છે. સાધનાનાં ફળો ઉતારીફતારી જગતની સુખસમૃદ્ધિમાં સંવૃદ્ધિ કરવા સિવાય તેને બીજા કોઇ પણ સંકલ્પ-વિકલ્પ થતા જ નથી. વસ્તુ અને વિદ્યાનો સંગ્રહ કરી લોકહિતાર્થે વાપરવાના તેના મનોરથ હોય છે. જગતની વાડીએ જ્ઞાન, ચારિત્ર્ય, સંસ્કાર અને માનવતાની ફોરમો પમરે તે જોઈ તેનું હૃદય રાચે છે. તેની સાધનાનાં ફળો લોકહૃદયને સંતૃપ્ત કરી શકે ત્યારે તે મહત્ત્વાકાંક્ષાની સાચી સીમાઓ જોઇ શકે છે.

■તમે દ્રવ્ય મેળવવાની ઇચ્છા કરો તેમાં પાપ નથી; તમે પદવી મેળવવા મથો તેથી ગુનેહગાર નથી; તમે કોઇ સમર્થ વિદ્વાન, ધીર શોધક અથવા સાહસપંથી વીર બનવા ચાહો તેની પણ હલકી ગણતરી નહિ કરીએ. પણ આજથી જ કહો કે પછી તમે શું કરવાના છો? કોઇને કહેવું ન હોય તો હૃદયમાં નક્કી કરી કોતરી રાખો કે તમારી પ્રાપ્તિનો શો સદ્વ્યય તમે કરવાના છો.

■તમારું દ્રવ્ય ભામાશા કે કાર્નેગીની પેઠે વાપરવાના ન હો તો તમારી એ મહત્ત્વાકાંક્ષા કેવળ વહીતરું ગણાશે. તમારી પદવી તમે વસિષ્ઠ, વૉશિંગ્ટન, લિંકન કે વિઠ્ઠલભાઇ પટેલની જેમ શોભાવી ન શકો તો તમે માત્ર નોકર ઉપનામને જ યોગ્ય બનશો. ગૅલિલીઓ કે ડૉ. નોગુચીની જેમ તમારી શોધો કરતાં બલિ બનવાની હામ ન હોય તો તમે વેદિયા છો. આર્યપથના પ્રાચીન પંથી મહર્ષિ અગસ્ત્ય કે આફ્રિકાના ભૂમિભેદુ લિવિંગ્સ્ટન અથવા ઉત્તર ધ્રુવમાં કબર થઇ પડેલા ઍન્ડ્રી; ઍમંડસન કે સ્કૉટ સરખા વીરો જેવી તમન્ના હશે તો તમારી રખડપટ્ટી પણ જગતની પુણ્યયાત્રા બનશે.

વૃદ્ધિની પાછળ આ નિયમ પ્રવર્તે છે: બીજારોપણ ઊગવું, મોટા થવું, ફૂલવું અને ફાલવું.

આમ થાય એટલે વસંત જઈ, ગ્રીષ્મ જઇ, વર્ષા જઈ, શરદ જઈ પાનખર આવે છે.

પાનખરે પાનખરે વનસ્પતિ લાશ જાય; મરણતોલ લાગે. પણ તેની જ પાછળ પલ્લવ લાવતી વસંત આવે છે.

ખરી વસંત પાનખરમાં છુપાએલી છે. પાનખરથી કોઇ માળી ભડકી જતો નથી. પણ તે જ વખતે પૂરી કાળજી રાખીને ખાતરપાણી નાખે છે.

ગિજુભાઇ

જડતી લ્યો

દિવસ બધો જડતી લ્યો. ટ્રંક જુઓ; પેટી જુઓ, પટારા જુઓ; અભરાઈ જુઓ, ટાંકાં જુઓ; ડાબલી જુઓ, ડૂબલી જુઓ; જોઇજોઇને નક્કી કરો.

તમારી સોય દેશી છે? ઘરના દોરા દેશી છે? ટાંક હોલ્ડર દેશી છે? શાહી ખડીઆ દેશી છે? કાગળ પૂંઠાં દેશી છે? કવર પનાં દેશી છે? સાબુ તેલ દેશી છે? બંગડી ચૂડલી દેશી છે? એરીંગ ચૂંક દેશી છે? ચણીઓ પોલકું દેશી છે? સાડી પોલકું દેશી છે? બાકસ બત્તી દેશી છે? દવા દેશી છે? ખાંડ ગોળ દેશી છે?

દેશી એટલે દેશી ભાઇઓએ કરેલું, આપણા ભાઇઓએ કરેલું, આપણી બહેનોએ કરેલું.

દેશી એટલે આપણા દેશમાં થએલું. આપણા દેશમાં નીપજેલું. આપણા દેશમાં બનાવેલું.

દેશી એટલે આપણા દેશના શેઠીઆઓએ કરાવેલું. આપણા દેશનાં માણસોએ ઉપજાવેલું. આપણા દેશનાકારખાનામાંથએલું.

દેશી એટલે આપણું ધન, આપણી રિદ્ધિ–સિદ્ધિ, આપણી ઈજ્જત, આપણો પ્રાણ. આપણા ઘરમાં દેશી છે?

['સૌને વંચાવો' અને 'સ્વદેશીની પ્રતિજ્ઞા' નામની બે ઉપયોગી પુસ્તિકાઓ સદુપયોગ કરનાર વિદ્યાર્થીઓને વિના-મૂલ્યે અને જિજ્ઞાસુઓને મફત આપવાના ઇરાદાથી શ્રી રામજી હંસરાજે અમરેલીથી પ્રકટ કરી છે, જેમાંની પહેલી પુસ્તિકા-માંથી વાનગી દાખલ એક ફકરો આ ઉપર ઉતાર્યો છે.]

'કુમાર'નો શતાંક

શતાંકનું નિવેદન બહાર પડ્યું ત્યારથી શુભેચ્છકો મિત્રો અને ઉત્સાહી વાચકો તરફથી તેને માટે લેખો, કાવ્યો, ચિત્રો, સંસ્મરણો વગેરેની સામગ્રી મળતી જ રહી છે ને હજી મળ્યે જાય છે. જે મર્યાદિત સાધનો અમારી પાસે છે તે જોતાં અમને લાગે છે કે અમારા બનતા પ્રયત્નો કરવા છતાં પણ અમે કદાચ તેને બરોબર નિયમિતપણે પ્રકટ નહિ કરી શકીએ. તો સૌ સદ્ભાવ ધરાવનારા ગ્રાહકો અને વાચકોને વિજ્ઞપ્તિ છે કે જે કાંઇ થોડીઘણી ઢીલ થાય તે અમારી મુશ્કેલી ધ્યાનમાં લઇને, તેને અનિવાર્ય ગણીને નિભાવી લેશો.

પરદેશના ગ્રાહકોને

વિનતિ કે ટપાલખાતાએ પરદેશના બુકપોસ્ટના દરમાં વધારો કરેલો હોવાથી નવા વર્ષથી અમારે પરદેશનું લવાજમ વધારીને રૂ. ૭-૮-૦ (અથવા ૧૨ શિલિંગ) કરવું પડ્યું છે. જેમણે પોતાનાં લવાજમો આ સૂચના મળતાં પહેલાં અમને પહોંચતાં કર્યાં છે તેમને બાકીની રકમ અમને મોકલવા વિનતિ છે.

તમારો ગ્રાહકનંબર

દરેક પત્રવ્યવહાર વખતે અચૂક લખવા વિનતિ છે. તે વિના ઉત્તરો આપવામાં અતિશય અડચણ થાય છે. ૯૭મા અંકથી બદલાયેલા નવા ગ્રાહક નંબર ધ્યાનમાં લઈ નોંધી રાખશો.




ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

આ વખતનું પ્રથમ ઈનામ એક બહેન—કુમારી હીરા બહેન કોઠારી (મુંબાઇ)—ને મળે છે તે આનંદજનક બીના છે. કુમારીઓ આ કળા હસ્તગત કરશે તો જીવનની સ્થિરતા-માંથી કોઇ કાળે અનેક મધુર અને સુંદર ચિત્રો કરવાની તક તેમને ખૂબ મળવાની. આ ચિત્ર કોઇ પણ ટીકા વગરનું સુંદર દૃશ્ય રજૂ કરે છે. સ્વચ્છ આકાશ નીચે આવેલું પહાડો વચ્ચેનું આ રળિયામણું સરોવર અને મહાલયો, કુદરત સાથે માનવ-સંસ્કૃતિની સુંદર સંવાદિતા કરી બતાવે છે. બીજાં બે ઈનામો લેનારા ભાઇ અશ્વિન ઓઝા (વડોદરા)નાં સૂરજમુખી અને ભાઈ નવીન ખાંડવાળા (સાન્તાક્રુઝ)નું 'ક ને કંઇ નહિ ક' સુરુચિભર્યા વિષયો છે. એ બંનેમાં ફોટોગ્રાફી સારી કહી શકાય એવી હોવા છતાં વસ્તુવિધાનમાં ખાસ પ્રયત્નની જરૂર રહી છે. કક્કો લખનારી બાલિકા લગભગ પૂઠ રાખી તેના કામમાં લીન બની ગએલી, કૅમેરાથી અજાણ જ રહી હોત તો ચિત્ર વધારે અસરકારક બની જાત. સૂર્યમુખી ફૂલો અને પાન વધુ ઘેરી ભૂમિકા પર બતાવ્યાં હોત તો ઠીક લાગત.

બીજાં ચિત્રોમાં ભાઇ ડાભીના ચિત્રપ્રસંગો ધ્યાન ખેંચે એવા છે; પણ જોઈતા માપમાં મોટા કર્યા નથી. છતાં તેના એક ચિત્ર 'ગામડાના રાસ'ને ઉત્તેજનપાત્ર ગણી ઈનામ આપ્યું છે. સિદ્ધપુરવાળા ભાઇ બાબુલાલના હાથે સારાં ચિત્રો ચડે છે, પણ જોઇએ તેવી ગોઠવણમાં લેવાતાં નથી. 'વિસામે' નામના ચિત્રમાં પ્રવાસી જાતિનાં બાળકો અને લબાચા પાડ્યાં છે, પણ બહુ સમાવી લેવાના લોભે ચિત્રરસ ઊડી ગયો છે. એ એક જ નેગેટિવમાંથી બે ચિત્રો થઇ શકે એવું લાગે છે. તે જ પ્રમાણે ભાવનગરથી ભાઇ મન્વંતરાયે મોકલેલું 'નટ'નું ચિત્ર કૅમેરાની હાજરી પાત્રોનાં મોં પર ઉઘાડી પાડી દે છે. ઘણા કુતૂહલપૂર્ણ ચહેરાવાળું ને નટ તરફ એકાગ્રતાભર્યું આ ચિત્ર એથી નિષ્ફળ બન્યું છે.

હરીફાઇ માટે આવતાં ચિત્રો માત્ર આંકેલી યોગ્યતાનાં નથી હોતાં, એટલે તેમને અપાએલાં ઈનામો આંકેલી રકમનાં નથી અપાતાં. હરીફાઇમાં ઇનામ લેનારા કૃપા કરી આ વાત ધ્યાનમાં રાખશો. આ અંક મળ્યા પછી આવતી હરીફાઇનો નિર્ણય એક અઠવાડિયે કરી નાખીશું, એટલે મોકલનારાઓ ત્વરા રાખે; નહિતો પછીના અંકમાં તેમને લેવામાં આવશે.



આવી મુસીબત વચ્ચે પણ ડૉ. મહેન્દ્રલાલ સત્યને ચુસ્તપણે વીરની માફક વળગી રહ્યા. સાચા મિત્રો તથા શુભેચ્છકોએ ઘણીઘણી સલાહ આપી, પણ ડૉ. સરકાર તો પોતાની માન્યતામાં દૃઢ જ રહ્યા. જે લોકો જૂની પદ્ધતિ પાછી ગ્રહણ કરી લેવાની સલાહ આપતા તેમને પોતે એક જ જવાબ આપતા, કે 'હું આ ધંધો જ છોડી દઉં ને બીજું કોઇ કામ હાથ ધરૂં તે ગનીમત, પણ સત્યને કદી નહિ છોડું. મારી પ્રામાણિક માન્યતાને ખાતર મારે જે સહન કરવું પડશે તે ખુશીથી સહન કરી લેવા તૈયાર છું, પણ જેને હું સત્ય માનું છું તેને સત્ય તરીકે મારી સર્વ શક્તિથી જાહેર કરવા ચૂકીશ નહિ.'

આમ ૧૮૬૭ના ફેબ્રુઆરી માસની ૧૬મી તારીખ હિંદમાં તબીબી ધંધાનો એક યાદગાર દિવસ બન્યો. તે દહાડે ડૉ. સરકાર વૈદકમાં સુધારાને ખાતર એકલા અટૂલા બહાર પડ્યા. તેમનું હૃદયબળ અડગ હતું. તે માનતા કે પ્રભુ એ જ સત્ય છે

વિજ્ઞાનને માર્ગે જેણે સાચી દેશોન્નતિ જોઈ; વિજ્ઞાનની શોધ એ સત્યની શોધ છે, ખરી નિષ્ઠાથી જેણે હિંદમાં વૈજ્ઞાનિક કેળવણીનો ખ્યાલ લોકપ્રિય બનાવવા પાછળ ઝર્યા ને ભગીરથ પ્રયત્નો વડે ઉચ્ચ વૈજ્ઞાનિક શોધખોળોના કેન્દ્ર સમું હિંદનું પ્રથમ ઊભું ને પગભર થયું;—તે, નીડર સત્યસેવક

ડૉ. મહેન્દ્રલા

ઉપરના બનાવનું વર્ણન ડૉ. મહેન્દ્રલાલે જાતે આપ્યું છે: 'આ સભાને બીજે જ દિવસથી હું ખરેખરો બહિષ્કૃત થયો. પાણીનો રેલો ફેલાય તેમ ચારેકોર એવી અફવા ફેલાઇ ગઇ કે હું ગાંડો બની ગયો છું અને તેથી જ ઊંટવૈદોની એક અતિ નિંદ્ય પદ્ધતિનો હું ગુલામ બન્યો છું. મેં ગણિતને એવું ખાડે મૂક્યું છે કે મૂળ અખંડ ભાગ કરતાં તેના ખંડને જ હું મોટો ગણવા લાગ્યો છું. મારા દર્દીઓ અસંખ્ય હતા; તેમને મારામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. પણ તે સર્વે હવે માનવા લાગ્યા કે મેં મારા જૂના સિદ્ધાંતો છોડી દીધા છે; તેથી એક પછી એક એમ મારા બધા દર્દી મારી સારવાર નીચેથી ચાલ્યા ગયા. મારો ધંધો એકાએક બંધ થઇ ગયો. ૭ મહિના લગી મને એક દર્દી સરખો યે ન મળ્યો. જે લોકો મારી પાસેથી મફત દવા તથા સલાહ મેળવી જતા તે લોકો પણ, હું મારી જૂની પદ્ધતિએ જે દવા આપતો તે જ માગતા અને મારી નવી પદ્ધતિ ન અજમાવવા મને વીનવતા !'

અને સત્ય એ જ પ્રભુ છે. પોતે તો માત્ર ઇશ્વરના હાથનું એક હથિયાર છે. તેમના વ્યક્તિત્વ તથા જીવનના ધ્યેયની આ દૃષ્ટિને લીધે જ તેમની આખી કારકિર્દી આ પ્રકારની બંધાઇ. કોઇ દુન્યવી સત્તાથી તે ડરતા નહિ. ઇશ્વર અને સત્યના બળ વડે જ તે ઝૂઝતા. આવા શૌર્યને લીધે જ આ દેશની ભિન્નભિન્ન પદ્ધતિના અનુયાયીઓમાં તે સહિષ્ણુતા તથા મિત્રતાનો ભાવ લાવી શક્યા.

ફરી ધીમેધીમે અનુકૂળ સંજોગો ઊભા થતા ગયા અને તેમનો ધંધો પાછો ચાલુ થયો. ફરી પાછા તેમની પાસે દર્દીઓ તથા સલાહ લેનારાનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. દર્દીઓને તો આરામ જ થઇ જતો હોય તો

કઇ પદ્ધતિ પ્રમાણે ચિકિત્સા કરી તેમને દવા અપાય છે તેની તો તેમને થોડી જ પડી હોય છે. તેથી હવે અગાઉ કરતાં પણ વધુ સારો ધંધો ચાલવા લાગ્યો. ફરીથી કલકત્તાના સૌથી આગળપડતા દાક્તરોમાં તેમણે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું. જે સંજોગોમાં બીજો કોઈ કાચોપોચો માનવી પોતાની માન્યતાને બાજુએ મૂકી દે એવા કસોટીના સમયમાં નીડરપણે ને હિંમતથી આ સત્યનો મહાન ભક્ત પોતાની માન્યતાને અવિચળ વળગી રહ્યો હતો. હવે તો તે માટે તેની ખૂબખૂબ પ્રશંસા પણ થઇ અને તેમણે ભારે કીર્તિ સંપાદન કરી.

તંત્રી અને પ્રચારક

ડૉ. મહેન્દ્રલાલ સરકાર આત્મશ્લાઘાથી તદ્દન અળગા રહેતા. વ્યાખ્યાનમાં જ્યારેજ્યારે પોતાની જાતને માટે બોલવાનો ફરજ પડે ત્યારે પોતે અતિ સંકોચ અને શરમથી બોલતા. કોઇ પદાર્થનો પડછાયો તેની પાછળ પડ્યો હોય તેમ તેઓ કાર્યહેતુની પાછળ રહેતા. પોતે

ને સત્ય એજ ઇશ્વર છે એવી ભક્તિ-
આત્મવિસર્જન કર્યું; જેની જીવનતપ-
અને જગનામી 'વિજ્ઞાન વિકાસ મંડળ'
અને હિંદની વૈજ્ઞાનિક કેળવણીના પિતા

લ સરકાર

એમ માનતા કે વિજ્ઞાનનો હેતુ આગળ વધારવામાં ગોટામાં મોટી સેવા આત્મવિસર્જનથી કરી શકાય છે. વિજયનગર પ્રયોગશાળાનો પાયો નાખતી વેળા વાઇસ-રૉય તથા હિંદીઓ ને યુરોપિયન સંભાવિત ગૃહસ્થોની મળેલી સભામાં અતિ વિનયથી બોલતાં ડૉ. મહેન્દ્ર-લાલે પોતાને માટે ત્રીજા પુરુષમાં વાત કરેલી કે 'બુદ્ધિને સારૂ તે કંઇ નામાંકિત નહોતો; પણ તેનામાં કંઇક કહેવાની જ્ઞાનની તૃષા હતી. જ્ઞાન મેળવવા થોડો ઉત્સાહ હતો. જ્ઞાન મેળવતાં કંઇક અવર્ણનીય આનંદ તેને થતો અને પોતાને થતા આનંદમાં બીજા ભાગ લે એવી તેની ઉત્કંઠા હતી.' ડૉ. મહેન્દ્રલાલના ચારિત્ર્યની આ જ કુંચી છે.

હોમીઓપથીની પદ્ધતિનો ઉપયોગ જાહેરને સારૂ પ્રસિદ્ધ કરવા કોઈ યોગ્ય સાધનની તેમને જરૂર લાગવા માંડી. આ સ્થિતિનો વૃત્તાંત તેમણે જાતે આપ્યો છે: 'મને લાગ્યું કે ખૂબ વિકાસ પામી શકે તેવા લોકો-પકારક સત્યનાં મૂળ હું જે પદ્ધતિમાં જોઇ શક્યો તેનો માત્ર હું જ ઉપચાર કરી સંતોષથી બેસી રહું એટલું બસ નથી, પણ તેના વિકાસમાં મારાથી બનતો ફાળો આપી જનસમાજમાં તથા વૈદોમાં તેનું જ્ઞાન ફેલાવવા મારાથી બનતા પ્રયત્નો મારે કરવા જોઇએ. એ સમયના હિંદના એકલા જ જૂના મતવાદી માસિક—ઇન્ડિયન મેડિકલ ગેઝેટ–દ્વારા આ કામ કરવાની આશા નહોતી. મારા પર જે પાયા વગરના અને નિંદાપાત્ર આક્ષેપો થયા હતા તે પર મારા જવાબ પ્રસિદ્ધ કરવા જેટલું સૌજન્ય પણ તેણે દાખવ્યું નહોતું. અન્ય માસિકો દ્વારા આ કામ કરવું મને અયોગ્ય લાગ્યું, એટલું જ નહિ પણ હલકું જણાયું. જો મારૂં કામ મારે યથાસ્થિત બજાવવું હોય તો મારૂં પોતાનું પત્ર જ પ્રસિદ્ધ કરવું જોઇએ એમ મને જણાયું. હિંદના અન્ય છાપાવાળાની ચાલુ વૃત્તિ જોઇ આ જોખમ ઉઠાવવાનું મને મન થયું.'

એટલે ડૉ. સરકારે ૧૮૬૮ના જાન્યુઆરી માસથી કોઇ ખાસ પંથ કે વાડાના નામ વિનાનું 'કલકત્તા જર્નલ ઑફ મેડિસીન' શરૂ કર્યું. આ પત્રના જન્મ પછી તેના પ્રચારકાર્ય વડે જ હોમીઓપથી બંગાળામાં લોકપ્રિય બની, દાક્તરોનો અસહિષ્ણુતાનો તથા મૂર્ખ અંધપરંપરાનો ભાવ અદૃશ્ય થયો અને દર્દને અટ-કાવવાની ઔષધની રીતિને વધુ અગત્ય મળી.

આ દેશના ઉદ્ધારને સારૂ સૌથી ઉત્તમ માર્ગ 'સુખી અજ્ઞાન' નહિ પણ ખરૂં જ્ઞાન જરૂરી છે એવી માન્યતાથી લોકોને કેળવવાનું ડૉ. મહેન્દ્રલાલે શરૂ કર્યું. તે કહે છે 'જાતની સુધારણાર્થે જ નહિ પણ દેશના પુનર્વિધાન માટે પણ હિંદીવાનોને વિજ્ઞાનના અભ્યાસની ખાસ જરૂર છે એમ મારૂં દૃઢ માનવું છે. નહિ તો આ જરૂરિયાત માટે તેમને ઢંઢોળી જાગૃત કરવાના પ્રયત્નમાં હું જીવનનો ભોગ કદી ન આપત.' ડૉ. સરકાર પોતાને ઘેર રોજ સાંજે વૈજ્ઞાનિક વૃત્તિ-વાળા ચુનંદા મિત્રો તથા વિદ્યાર્થીઓનું એક નાનું મંડળ જમાવી તેમાં વિજ્ઞાનના વિષય પર વ્યાખ્યાનો

(અનુસંધાન આગળ પાન ૧૦૧મે)

સાચા સાહસની શોધમાં

સાચું સાહસ કયું? બેદરકારીભરી બહાદુરી? અવિચારી ઝંપલામણો? મૃત્યુ સાથેનાં દ્વંદ્વયુદ્ધ? ભીષણ તોફાનો ને ભયંકર વાવાઝોડાંનો સામનો? કે આફતના અવતાર જેવા ઝનૂની જંગલી સાથેનું યુદ્ધ?

મશહૂર સાહસખેડુ સીનેમા નટ

ડગલાસ ફેરબૅંકસ

આ બધી વાતો નકારીને કાંઇક નવીજ વસ્તુ બતાવે છે.

તમે ગમે તેટલાં રોમાંચક સાહસો ખેડો, પણ તેમાંથી તમને ખાસ કંઇ ઉપયોગી મળે નહિ તો તે બધાં નકામાં છે. ખૂટી જાય ત્યાં સુધી તમે નવાંનવાં પરાક્રમો શોધ્યા કરો, વારંવાર બદલાતા દૃશ્યથી મન કંટાળી જાય ત્યાં સુધી સફરો ખેડ્યા જ કરો, ખુદ મૃત્યુ સાથે બાથ ભીડવી પડે એવા સંજોગો અનુભવો, પણ તે બધામાં જો કંઇ અર્થ ન હોય, એ ગાંડાં પરાક્રમોમાં કંઇ ધ્યેય પ્રાપ્ત કરવાપણું ન જ હોય તો તેમાં મને ઝાઝો ફાયદો લાગતો નથી. એનો ક્ષણિક ઉત્સાહ શમી ગયા પછી તમને તમારા એ નવા અનુભવમાંથી શું જાણવાનું મળ્યું તેનો વિચાર કરો, ત્યારે તમારા મગજ ઉપર જે છાપ રહે તે જ મારા મત પ્રમાણે ખરા પરાક્રમની પરીક્ષા છે. તમે દક્ષિણ ધ્રુવની શોધ કરો. પણ તેથી જો તમારા જ્ઞાનમાં કંઇ ઉપયોગી વધારો થાય નહિ તો તમારૂં સાહસ ખાલી ને નિરૂપયોગી છે.

મારો સ્ટુડિયો જોવા આવેલા એક ગૃહસ્થે મને પૂછ્યું કે 'તમે તમારાં સાહસોમાં સૌથી મહાન કયું ગણો છો?'

અનેક મહેમાનો અને મુલાકાતીઓ મને અનેક પ્રકારના પ્રશ્નો પૂછ્યા જ કરે છે. જિજ્ઞાસુઓને તાકવાનું હું એક નિશાન થઇ પડ્યો છું. તેથી પ્રશ્નોના ઉત્તર આપવાની કળામાં મને સારી તાલીમ મળી છે. અને આ સવાલો પણ ઘણાખરા એકસરખા હોવાથી મારે જવાબ આપવા માટે ઝાઝો વિચાર કરવો પડતો નથી. પણ ઉપરનો સવાલ નવીન જ હતો. તેનો જવાબ આપતાં પહેલાં વિચાર કરવાની જરૂર હતી. મારૂં મોટામાં મોટું સાહસ કયું? હું વિચારમાં પડ્યો.

એક ભયંકર રાત્રે હું એક અજાણ્યા પર્વત પર બરફના તોફાનમાં સપડાઇ ગયો હતો તે મને યાદ આવ્યું. હું અને મારો સાથી ભૂલા પડ્યા હતા. કોઇ ભોમિયો સાથે નહોતો. અંધારામાં અને ઘૂમરડી લેતા બરફના વંટોળમાં અમને અમારાં અંગ પણ સૂઝતાં નહોતાં. અન્ન અને આશ્રયથી અમે બહુ દૂર હતા. અમને કોઇપણ પ્રકારની મદદ મળે એ પહેલાં ટાઢથી થીજીને મરી જઇએ એવું એ ભયંકર તોફાન હતું. આ કંઇક સાહસ જેવું હતું ખરૂં. પણ વખતના વ્હેણની પરીક્ષામાં એ નાપાસ થાય છે. કદાચ મોતમાં પરિણમત એવા જરા અવિચારી રખડપાટના ઝાંખા સ્મરણ સિવાય તેમાંથી મને કશું મળ્યું નથી.

ફિલ્મો ઊતરાવવાના મારા ધંધામાં તાત્કાલિક મહત્તાવાળા અસંખ્ય બનાવો મને યાદ આવે છે. 'મોલી કૅાડલ' ફિલ્મમાં અમે એક દ્વંદ્વયુદ્ધ ગોઠવ્યું હતું. તેમાં હું અને મારો બદમાશ દુશ્મન પર્વત પરથી ગબડી પડ્યા, અને મારૂં ખોપરૂં ચૂરો થતાંથતાં મેં માંડ બચાવ્યું. તેનું રક્ષણ કરવા જતાં મારી બે આંગળીઓ ભાંગી ગઇ. પરંતુ આમાં પણ અત્યારે મને ખાસ કંઇ લાગતું નથી. એક વખ જિંદગીના જોખમમાંથી પસાર થયો. પણ તેમાં શું? ખરેખર! સાહસનું કલેવર કંઇ જુદા જ પદાર્થનું બનેલું છે.

ઘણાં વરસ પહેલાં અમે 'અમેરિકાનો' નામની ફિલ્મ ઊતારતા હતા. અમે જે જગ્યા પસંદ કરી હતી ત્યાં એક ઝનૂની દેખાવનો મેકિસકન આવી ચડ્યો. ફિલ્મનો એક પાઠ ભજવવા જેવી વ્યક્તિને હું શોધતો હતો. આબાદ તેવો જ તેનો સીનો હતો. સૌ કહેવા લાગ્યા કે આ ગમારને કૅમેરા આગળ વેષ ભજવવાનો જરા પણ અનુભવ નથી, ફિલ્મ જેવી વસ્તુ દુનિયામાં હયાતી ધરાવે છે તેટલી પણ તેને ગમ નથી. ત્યારે તો મેં તેને જ રાખવાનો નિશ્ચય કર્યો. કારણકે કેટલીક વાર અણશિખાઉ ઍકટરની સ્વાભાવિકતાની જ જરૂર હોય છે.

જ્યારે આ મેકિસકનના મગજમાં ઘૂસ્યું કે જે

ચક્કર અમેરિકનો વચ્ચે પોતે આવી ભરાયો છે, તેઓમાંનો એક તેની સાથે લડવા માગે છે, અને બદલામાં પૈસા પણ આપે છે ત્યારે તો તેને ખરેખરો રસ પડ્યો. જોકે તેને વેષ ભજવતાં નહોતું આવડતું, પણ થોડી જ વારમાં જણાઇ આવ્યું કે તેને લડતાં તો અચ્છું આવડતું હતું.

મેં યુદ્ધની શરૂઆત સૂચવવા તેના માથામાં હળવેથી એક ટપલી મારી. ત્યાં તો તે એક મોટો છરો કાઢીને જંગલી જાનવરની માફક મારા ઉપર ધસી આવ્યો. આ આદમીના જુસ્સાભર્યા હુમલાને રોકવામાં મને બહુ જ રસ પડ્યો. છરાબાજીમાં તે બહુ કુશળ જણાયો. આ ખરેખરૂં યુદ્ધ નહિ, પણ લડવાની ફક્ત રમત હતી તે વાત તેના મગજમાં ઠસાવવા મેં ઘણો યે પ્રયત્ન કર્યો. પણ આ ગંભીર મેક્સિકનને મન બનાવટી યુદ્ધ જેવી વસ્તુ જ હયાતી ધરાવતી નહોતી! ધીંગાણું તે ધીંગાણું! એમાં વળી બનવા–બનાવવાનું કેવું?

મારા સાથીદારો વચ્ચે પડવા જતા હતા. પણ મને લાગ્યું કે હું તેને પૂરો પડું તેમ છું; ઉપરાંત આ રીતે સ્વાભાવિક યુદ્ધનો આબેહૂબ ચિતાર પણ મળી શકશે. તેથી મેં કૅમેરામૅનને હાંક્યે રાખવાનું કહ્યું. ઘડીક ઘરમાં અને ઘડીક ઘર બહાર એમ અમારૂં મેદાન બહુ વિસ્તાર પામ્યું. કૅમેરામૅનને પણ બહુ મુશ્કેલીઓ પડી. મને કેટલાક છરકા થયા, પણ ખાસ કંઇ ઇજા થઇ નહિ.

આ વર્ણન રસભર્યું લાગે છે, નહિ? પણ ખરા સાહસનો રસ્તો હજી મને સૂઝ્યો હોય તેમ લાગતું નથી. આવાં સાહસો તો હું સેંકડો ગણાવું. મેં ઘણાં મૂર્ખ સાહસો પણ કર્યાં છે. પણ એ બધાનાં બણગાં ફૂંકવાનો મારો ઇરાદો નથી. ખરા સાહસની કસોટીમાં તે પાર ઊતરતાં નથી.

મને લાગે છે કે સાહસિક વૃત્તિ એ બેદરકારીભરી અને અવિચારી બહાદુરી કરતાં જુદી જ વસ્તુ છે. સાહસમાંથી ભવિષ્યમાં કામમાં આવે એવો અનુભવ મળાવો જોઇએ. ખરબચડા પર્વતની ટોચ પરથી ગબડો તો તમને જે જાણવાનું મળે તે એટલું જ કે એ પરાણ માર્ગક્રમણનો એક પ્રકાર છે. અને મુસાફરીનું બીજું વાહન હોય ત્યાંસુધી તેનો ઉપયોગ કરવા જેવું નથી.

ત્યારે હવે હું જેને, મારૂં ખરૂં પરાક્રમ કહું છું તે વાત પર આવું. અને હું આગળથી જણાવી દઉં છું કે તેમાં રૂવાં ખડાં થાય તેવું કે નવાઇ પામવા જેવું કંઇ જ નથી. પણ આથી જો તમને તે નીરસ હોવાની બીતિ લાગે તો હું તમને ખાતરી આપું છું કે તે નીરસ તો નથી જ. આ સાહસમાં મૃત્યુ સાથે બાથંબાથી નથી, પણ જીવન સાથે મિલન છે. અને તે જ વધારે અગત્યનું, અને પરિણામે વધારે રસિક કામ છે.

જ્યારે હું અઢાર વરસનો થયો ત્યારે મારામાં કંઇક અજબ તાલાવેલી જાગી. આ તાલાવેલી તમને સમજાવવાની જરૂર નથી; કારણકે ઊગતી જુવાનીનું તે સાધારણ ચિહ્ન છે. મારે કંઇક જોઇતું હતું. એ 'કંઈક' શું હતું તે હું સમજતો નહોતો. પણ તેથી એ 'કંઈક' માટે મારી આકાંક્ષા લેશમાત્ર નરમ પડતી નહોતી. મારી આસપાસનું વાતાવરણ મારી આશાઓને બંધબેસતું નહોતું. (કોઇ પણ જુવાનને અઢાર વરસે તે કદી પણ બંધબેસતું હોતું નથી.) ઘેર મળી શકે તેના કરતાં મોટું, વધારે સાહસભર્યું, વધારે આકર્ષક એવું કંઇક હું શોધતો હતો.

ઉપર કહ્યું તેમ પોતાના ઘરના ઘરેડિયા જીવન સામે બળવો કરવાની દરેક જુવાનમાં જે સામાન્ય વૃત્તિ હોય છે તે સમજાવવી પડે તેમ નથી. કારણકે હું માનતો નથી કે કોઇપણ મનુષ્યે આ વૃત્તિનો હૃદયસ્પર્શી અનુભવ એક યા બીજે વખતે ન કર્યો હોય. સૌની જીંદગીમાં એક સમય એવો આવે જ છે કે જ્યારે દરેક માણસ એવો ભ્રમ સેવે છે કે તેને જિંદગીની મહાન વસ્તુઓ પોતાના ગામમાં મળે તેમ નથી. તે જે વાતાવરણ અને પરિસ્થિતિમાં પડ્યો હોય છે તે તેને કેદી તરીકે જકડી રાખનારી દીવાલ સમાં લાગે છે; જ્યારે સાહસ એ દીવાલો બહાર ગેલ કરી રહ્યું હોય છે અને દૂરદૂરના ક્ષિતિજ પરથી તેને બોલાવી રહ્યું હોય છે. અઢાર વરસની ઉમરે ઊગતી આશાઓની સિદ્ધિ હાથવેંતમાં લાગે છે અને વિજય મુલતવી રાખવાનું જરાપણ ગમતું નથી. જિંદગીમાં મારા માટે જો કંઈ સર્જાયું હોય તો તે મને હાલઘડી મળી જવું જોઇએ એમ હું ઇચ્છવા લાગ્યો.

તેથી મારી ઉચ્ચ અભિલાષાઓને યોગ્ય, કંઇક ખજાનો મળી આવશે જ એવી આશાએ હું ન્યૂ યૉર્ક ગયો. તેની શોધમાં મેં કૉલેજ અજમાવી, વેપાર

અજમાવ્યો અને કેટલા યે ધંધા ઉથલપાથલ કર્યા. પણ જીંદગીનો જે નવો માર્ગ હું લઉં તે માર્ગમાંથી સાહસ નાસી જતું હોય તેમ લાગ્યું. કયારેક કયારેક જે ગુપ્ત વસ્તુ હું શોધતો હતો તેની ઝાંખી મને થતી;—પણ ફક્ત ઝાંખી જ. મારી પરિસ્થિતિ અને વાતાવરણ હજી પણ મારે જે જોઇતું હતું તે મારાથી દૂર રાખવાનું કાવતરૂં કરી રહ્યાં હતાં. પછી મેં લંડન જવા વિચાર કર્યો. અલબત્ત! ન્યૂ યૉર્ક જેવા નિરસ શહેરમાં તે સાહસ ક્યાંથી દાટ્યું હોય? એને માટે તો આટલાંટિક પાર જવું જોઇએ!

તમારા ખીસામાં ફક્ત પચાસ જ ડૉલર હોય ત્યારે લંડન જવાનો વિચાર કરવો અને લંડન પહોંચવું એ બે જુદી જ વસ્તુઓ છે. પણ મારે મારી ઈપ્સિત વસ્તુની શોધ કર્યે જ છૂટકારો હતો; એટલે હું લિવરપૂલ જતા એક ઢોરના વહાણમાં ચડી બેઠો. રસ્તામાં, અલબત્ત ઘણાં નાનાં સાહસોનો સામનો કરવો પડ્યો. હું જ્યારે ઘેરથી નીકળ્યો ત્યારે મારા મનમાં ઉછળતા સાગર પર ગંધાતા ઢોરથી ભરેલા વહાણમાં મુસાફરી કરવાની જરા પણ અભિલાષા નહોતી. લિવરપૂલથી ખડકો ભાંગી, લાકડાં ઊચકી, અને પેટ ભરવા ખાતર જે કાંઇ કામ મળે તે કરી જ્યાં પહોંચવા હું અત્યંત આતુર હતો, અને જે સાચાં સાહસોનું નિવાસસ્થાન હતું તે લંડન પહોંચ્યો.

પણ સાહસની દેવી મારા શુભાગમનની વાત સાંભળી ગઇ હશે; કારણકે હું ત્યાં પહોંચ્યો ત્યારે હવામાં થોડો ફફડાટ અને શેરીમાં ઝાંખાં પગલાં મૂકી તે ત્યાંથી સરકી ગઇ હતી. ન્યૂ યૉર્ક કરતાં જરા જુદી તરેહના એક મોટા શહેર સિવાય બીજું કશું મને ત્યાં મળ્યું નહિ. અને ન્યૂ યૉર્ક કરતાં લંડન કોઇપણ રીતે સારૂં કે આકર્ષક લાગ્યું નહિ. અલબત્ત, આ રખડપાટમાં નવાઇઓ નહોતી એમ તો નહિ જ. સામે દેખાય છે તે શું છે તે જાણ્યા વગર, અજાણ્યા મુલકમાં મુસાફરી કરવામાં, પેટમાં ખાડો પડશે તે કયાં અને કેવી રીતે પૂરાશે તેની પણ ખબર વગર જીવનની એક ઝંખના પાછળ ભમવામાં, કંઇકે જરા આકર્ષક લાગે તો આતુરતાથી ઉતાવળે તેની પાછળ પડવામાં, ચિત્રવિચિત્ર મનુષ્યોનાં બારણાં ખખડાવવામાં, તેઓની ખુશામત કરવામાં,—આ બધામાં સાહસની ગંધ તો હતી જ; પણ ખરૂં સાહસ હજી ખોવાએલું જ હતું.

છેલ્લો અખતરો કરવાની ખાતર મેં પારીસ જવાનું નક્કી કર્યું. આ દુનિયા મારી જરૂરિયાતો પૂરી પાડવાને અસમર્થ છે, મારા ઉચ્ચ અભિલાષો માટે અયોગ્ય છે, એવા નિરાશામય અંજામ ઉપર આવવાનું મને ગમ્યું નહિ. દુનિયાને સુધારવા માટે એક છેલ્લી તક આપવા ખાતર હું પારીસ ગયો.


જ્યારે પારીસે પણ મને દગો દીધો ત્યારે કંઇક અણગમતી શંકા મારા મનમાં પેદા થવા લાગી. તે એ જ કે કદાચ આ દુનિયામાં નહિ, પણ મારામાં જ કંઇક ખામી હશે! એમ કેમ ન બને? જ્યારે તમને તમારી પરિસ્થિતિ અનુકૂળ લાગે નહિ ત્યારે હમેશાં આમ જ હોવાનો ચોકખો સંભવ છે. જુવાની હમેશાં પોતાની જાતને બાતલ રાખીને બીજાં બધાંની જ કડકાઇથી ચકાસણી કરે છે.

મારા મગજમાં જાણે સખત આંચકો વાગ્યો હોય તેમ આ વિચાર આવતાં મને થયું. જે ખોડખાંપણો માટે હું દુનિયાને દોષ દેતો હતો તે ખોડખાંપણો મારામાં જ કેમ ન હોય? મારૂં નિરાશામય વાતાવરણ મારી અંતરની સ્થિતિનું જ પ્રતિબિંબ કેમ ન હોય? મારે કબૂલ કરવું પડે છે કે આ પ્રશ્નોનો ઉત્તર હકારમાં આવ્યો. મહાન સાહસની શોધમાં મેં હજારો માઇલની સફર ખેડી હતી; અને એ અથડામણને અંતે છેવટે જાણવાનું એટલું જ મળ્યું કે સાહસ એ ભૂગોળનો વિષય નથી; પણ વેધક દૃષ્ટિ હોય તો દરેક જગ્યાએ તે મળી આવે છે. ન્યૂ યૉર્ક ગયો, આટલાંટિક ઓળંગ્યો, લંડનના ધુમ્મસમાં ડોકિયું કરી આવ્યો, પારીસની નવાઇઓ શોધી; અને આ બધો વખત હું જે અજાણપણે શોધી રહ્યો હતો તે તો હું પોતે જ નીકળ્યો!

સાચા સાહસની મહાન શોધનું આવું વિચિત્ર છેવટ આવવાથી ન્યૂ યૉર્ક જતી પહેલી જ પૅસેન્જર સ્ટીમરમાં હું નાવિક તરીકે દાખલ થઇ ગયો; કારણ કે મારે હવે ઝટપટ ઘેર જવું હતું. આગલી મુસાફરી કરતાં આ વધારે મઝાની નીવડી. તે, ઢોરને બદલે મનુષ્યના સહવાસમાં મને રસ હતો તેથી નહિ, પણ મને જીવનમાં એક નવું તત્ત્વ જડ્યું હતું અને હું તેનો અખતરો કરવા માગતો હતો તેથી. જે કિંમતી ખજાનાની શોધમાં નીકળ્યો હતો તે તો મને મળ્યો



શૃંખલાભંજન
નામના શ્રી રસિકલાલ પરીખના ચિત્રનો એક ભાગ







ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ઉપર : પીચોલા સરોવર–ઉદયપુર · ફોટો : કુ. હીરા કે. કોઠારી

નીચે : (૧) 'ક ને કંઈ નહિ ક' · ફોટો : નવીન ખાંડવાળા (૨) સૂરજમુખી · ફોટો : અશ્વિન ઓઝા

નહિ, પણ મારો જીવન અને દુનિયા સાથે શો સંબંધ છે તે હું સારી પેઠે સમજતો થયો. અત્યાર સુધી હું એક આતુર પ્રેક્ષક હતો અને દુનિયાના ખેલમાં મારે પણ વેષ ભજવવાનો છે તે જાણ્યા વગર દુનિયાને ખેલ શરૂ કરવાનો હુકમ કરતો હતો. મેં દુનિયામાં નવાઇઓ શોધી હતી; જાણે મારા પોતાનામાં કંઈ નવાઇ જેવું હોય જ નહિ! મેં આ ક્રમને હવે ઊલટો કરવાનો નિશ્ચય કર્યો. દુનિયાને ઉદાર દષ્ટિએ જોવી અને પોતાને ટીકાકારની દષ્ટિએ જોવો. કારણકે હવે મારા મગજમાં અજવાળું પડ્યું હતું કે મારે વાતાવરણ બદલાવવાની નહિ પણ તે જ વાતાવરણને સારી રીતે જોવા તીણી નજરની જરૂર હતી.

આ નવા દષ્ટિકોણથી જ્યારે મેં ન્યૂયૉર્ક જોયું ત્યારે તેણે મને મિત્રભાવે આવકાર આપ્યો. મેં જાણ્યું કે તેના દરેક ખૂણામાં સાહસ છુપાએલું છે.

જિંદગી પાસે ઉડાઉ માગણીઓ કરવાનું છોડી દઇ જિંદગી મારી પાસે જે માગણીઓ કરે તે પૂરી પાડવાનું મેં શરૂ કર્યું. અજાયબરીતે મારી પરિસ્થિતિ બદલાવા લાગી ને મારી અભિલાષાઓ અનુકૂળ ઊંચાઇએ આવવા લાગી. મારી દરેક શક્તિમાં વિકાસ થવા સાથે દુનિયા વધુ સુંદર બનવા લાગી. દુનિયા પાસે માગવાને બદલે હવે હું દુનિયાને આપવા લાગ્યો. અને જ્યારે દુનિયા મને નિરાશ કરતી ત્યારે તેનું કારણ મારા પોતાનામાં જ શોધી હું વધુ ને વધુ આપતો.

આ સાહસથી તમારાં રૂંવાડાં ખડાં નહિ થાય. પણ જિંદગીમાં, દુનિયા સાથે પ્રથમ આવો સખત વિરોધ, અને છેવટે આપણા પોતાનામાં ફેરફાર કરી દુનિયાને અનુકૂળ બનવાનું કંઇ ઓછું રસિક નથી. તમને તમારી પરિસ્થિતિ ન ગમે તો તમે તેમાં જરૂર ફેરફાર કરી શકો. પણ તે કેવી રીતે? પરિસ્થિતિથી નાસના ફરવાથી નહિ. કારણકે તેમ કરશો તો તે ગુપ્ત રીતે તમારી પાછળ જ પડશે. પરિસ્થિતિના દુશ્મન બની તેનો તિરસ્કાર કરવાથી પણ તમે તેને બદલી શકશો નહિ. પરિસ્થિતિને બદલાવવા તમારે જાતે બદલાવું પડશે. આમ બદલાઇને જ્યારે તમે તમારૂં વાતાવરણ નિહાળશો ત્યારે તમે તેની પાસેથી મરજીમાં આવે તે કામ લઇ શકશો.

(અંગ્રેજી ઉપરથી) **શામજી લવજી આલગિયા**

રઢ

ઊગતે તે પ્હોર અમે પાણીડાં ગ્યાં'તાં
રસ્તામાં રઢ એક લાગી જી રે;
ફૂલડે ફૂલડે તે ખીલે કોમળદિલ પાંદડી
જીવનની મ્હેક એમ જાગી જી રે.

છોડી ચકુલો અમે ઊભાં વિમાસણે
વનવનના વાયરા પીધા જી રે;
સૂરજનાં તેજ ને નદીયુંનાં નીરના
ઊંડા સંદેશ અમે લીધા જી રે.

ચડતે તે પ્હોર અમે મંદિરે ગ્યાં'તાં
જોતાંમાં રઢ એક લાગી જી રે;
ભવભવના ભેદ બધા આપે ઉકલ્યાને
આતમની ચેતના જાગી જી રે.

હળવે હૈયે તે અમે આવ્યાં આંગણિયે
પારણિયે પહોંચ્યાં સીધાં જી રે;
દિલડાંના દીપમાં દુનિયાના દેવનાં
કોટિક દર્શનો કીધાં જી રે.

આથમણે પ્હોર અમે રમવાને ગ્યાં'તાં
રમતાંમાં રઢ એક લાગી જી રે;
ગરબે ગરબે તે ઝગે આછેરી દીવડી
જીવનની જ્યોત એમ જાગી જી રે.

મુખડે મુખડે તે અમે દીઠાં શ્રી માતને
ચમકીને ચિત્તડાં ચીંધ્યાં જી રે;
હૈયાની હોંશ ને અંતરની આશનાં
હસતાં તે દાન અમે દીધાં જી રે.

રતિલાલ શુકલ

તાંબુ

એ પિત્તળની જોડીદાર ધાતુ વિષેનો સૂકો વિજ્ઞાનલેખ નથી પણ તામ્રવર્ણી કપિલા ગાયનું જીવનરસ ભરેલું રેખાચિત્ર છે.

ઉપલું મથાળું વાંચીને મહારાષ્ટ્રી ભાષાથી અજાણ વાચકો તો 'તાંબુ'ને પિત્તળની જોડીદાર ધાતુ જ માની લેશે. એથી ઊલટું, ગુજરાતી ન આવડનારા એકાદ મહારાષ્ટ્રી આગળ તમે (ધાતુ) શબ્દનો ઉપયોગ કરો તો! એ એનો 'ગાય' એવો અર્થ કરી, સંદર્ભ ઉપરથી અર્થ ઓળખી જવાની પોતાની બુદ્ધિમતાથી પોતે જ મુગ્ધ થઇ મલકયા વગર નહિ રહે.

'મોતિયો' એમ કોઇ બોલે તો ગુજરાતીઓના મનમાં જેમ કુતરા સિવાય બીજી કોઇ કલ્પના આવતી નથી તેમ જ 'તાંબુ' શબ્દના શ્રવણથી મહારાષ્ટ્રીના મનમાં ગાયની જ કલ્પના ખડી થાય છે. તાંબુ શબ્દ પાછળ એક જાતનો રોમાન્સ (Romance) છે. એના ઉચ્ચાર સાથે રમ્ય, નિષ્પાપ એવું બાલ્ય આંખ આગળ ખડું થાય છે. બાળપોથી ભણતી વખતે સમાજ કે સ્થળની પરવા કર્યા વગર લલકારેલાં પેલાં ગીત યાદ આવે છેઃ ये तांबु तू ये घरी; दूध तुझे बहु गोड. એ બાલગીતના ભણકારા, પ્રતિધ્વનીના પ્રતિધ્વનીની જેમ અસ્પષ્ટ પણ મધુર ગુંજન કરતા ભાસે છે. આજે પણ એ સૂર કાનમાં ઘૂમતા હોય એમ લાગે છે, કારણકે એની પાછળ જીવનના નાટકનો એક આખો અંક આવી જાય છે.

ત્યારે તાંબુ એટલે ગાય. મુખ્યત્વે રાતી (मराठी–तांबडा=લાલ) ગાય. પણ પછી ગમે તે ગાયને તમે હેતથી તાંબુ કહો તો તમને કોઇ ગુનેહગાર ન ગણે, 'લીલું પીતાંબર' કહેનારને જેમ ક્ષમા અપાય છે તેમ ગમે તે ગાયને તાંબુ કહેનારને ક્ષમા અપાય છે. હા. ધોળીને તો ઢવળી જ કહેવાય ને કાળીને कपिला જ.

પણ અમારી તાંબુનું નામ તો સાનુરૂપ હતું. એનો વર્ણ વરસાદથી એકઠા થએલા રાતા પાણી જેવો હતો. એ ઉપરથી જ અમે એનું નામ તાંબુ પાડેલું. પણ એ ગુજરાતી ગાય કાંઇ ઓછી હઠીલી ન હતી. આવીને તરત તો એણે આ એકદમ નવું અને મહારાષ્ટ્રી નામ સ્વીકારવાની ચોખ્ખી ના જ કહી. અનેક દિવસે એનો એ વિરોધ નબળો પડતો ગયો ને પછી તો એ નામમાં પોતે કયારે સહમત થઇ તેની એને પોતાને જ ખબર ન રહી. તાંબુના રાતા રંગ ઉપર એનું પોતાનું જ શુભ્ર દૂધ ઢોળાઇને થયાં હોય એવાં બે ત્રણ મોટાં શ્વેતવર્ણાં ધાબાં હતાં. રાતો વર્ણ આ શ્વેત વર્ણને શોભા આપતો હતો કે આ શ્વેત ધાબાં રાતાને શોભા આપતાં હતાં એની મને ખબર નથી; પણ બંનેથી તાંબુ શોભી નીકળતી એટલું હું જાણું છું.

ગાયની–અથવા બળદ વગેરે 'ગાયઢોર'ની ચાલવાની એક ખાસ રીત હોય છે. રિસામણાં લીધેલું છોકરૂં જેમ મા બોલાવે તેમતેમ 'હું નંઇ આવું...' એમ સૂર કાઢતું અને સાથે નૈસર્ગિક હાવભાવથી નકારાત્મક ડોકું ધુણાવતું પાછળપાછળ જાય છે તેમજ ગાયઢોરની ચાલનું હોય છે. ફરક એટલો જ કે ગાય આગળ આવતી હોય છે. કોઇપણ ગાયને સામેથી આવતી ધારીને જુઓ. એ પોતાનું માથું (અને માથા સાથે ચોંટેલા હોવાથી કાન પણ) હલાવતી હલાવતી જ આવતી હશે. એમાં પણ સૂક્ષ્મ ભેદ હોય છે. કેટલીક ગાયો અનાસક્તિથી માથું હલાવતી આવે છે; કેટલીક પાંડિત્ય બતાવતી હોય તેમ ભારેખમ રીતે માથું હલાવતી આવે છે; ઉરસ્ફોટ થાય ત્યાં સુધી ગાડી ખેંચનારા બળદનું હાલતું માંથું અને રડતી આંખો 'અસહાય્ય સ્થિતિ અને મરણની પ્રતિક્ષણ પ્રતીક્ષા' એવું મૂર્તિમંત ચિત્ર ખડું કરે છે; અને એકાદ વાછડું જયારે માથું હલાવતું આવે છે ત્યારે એના મોઢા ઉપરનો બાલ્યભાવ જોઇ એમ જ થાય છે કે આ બાઘું એના મનમાં શું સમજતું હશે?

બસ ત્યારે; તાંબુ પણ એમજ ચાલતી. પણ લખાણ લખાણમાં જેમ ફેર હોય છે તેમ તાંબુની ચાલમાં બીજાં ઢોર કરતાં ફેર હતો. એની ચાલ ઔર જ હતી.

તાંબુ આવી. બાળનો પ્રેમ હમેશાં ગાંડોગાંડો હોય છે. એણે તો એને બચી ભરી, એને ગળે લટકયો, એની આંખો બંધ કરી અને હું ધારૂં છું કે ઊપડી શકી હોત તો એને માથે પણ ઉપાડત. હું રહ્યો જરા ધર્મભોળો. એટલે મહારાષ્ટ્રી માન્યતા મુજબ મેં તો

એની પૂંછડીના વાળનો ગુચ્છો મારી આંખે લગાડ્યો. તેત્રીસ કોટિ દેવોનો વાસ એમાં હોય છે અને એથી આંખ સારી થાય છે એમ મનાય છે. જોકે મને તો આંખ સુધરવાનો અનુભવ ન થયો. પણ એનું કારણ કદાચ એ હશે કે મારા ચશ્માનો કાચ એ કામમાં કદાચ આડો આવ્યો હશે. અને કાચની ઠેઠ અંદરની બાજુ સુધી પૂંછડી ઘુસાડવાની ક્રિયા કરવા જેટલી મને સૂઝ ન હતી.

આવી એવી તાંબુ તો અવાક્ જ બની ગઇ. ઓ હો હો હો! આ શું? આટલા બધા ડુંગરા! આટલું બધું લીલુંછમ! ગુજરાત જેવું સપાટ ઉજ્જડ તો અહીં ક્યાં યે નહિ! ઘણા દિવસ તાંબુને ચિંચવડ કાવ્યભૂમિ–સ્વપ્નભૂમિ લાગી હશે! કારણ એના સ્વપ્નામાં તો સ્વર્ગ એટલે લીલાછમ ઘાસનું મેદાન જ આવતું હશે.

મારા કરતાં તાંબુને બાળ અને શામળભાઇ જોડે વધારે ફાવતું. બધા કહે છે કે હું દક્ષિણી જેવો લાગું છું પણ બાળને તો કોઇ ભૂલેચૂકે પણ દક્ષિણી ન કહે, અને શામળભાઇને દખણી કહેવાની કોઇની તાકાદ ન હતી. એટલે ગુજરાતી ગાયને આ બે ગુજરાતીઓ જોડે વધારે ફાવ્યું એમાં નવાઇ શી?

તાંબુને ખરારો કરવાનું કામ બાળનું. આ વિધિ ખરેખર પ્રેક્ષણીય રહેતો. બાળ અને તાંબુ એમાં કલાકો ગાળતા. એકબીજા ઉપર હેત વરસાવવામાં એમને સમયનું ભાન રહેતું નહિ. સાધારણતઃ આ પ્રમાણે કાર્યક્રમ રહેતોઃ—ખરારો કરવો; પછી પંપાળવું; વળી ખરારો; પછી એના વિશાળ ને સુંદર (!) ગાલ ઉપર એકાદ બચી; પાછો ખરારો ચાલુ; પછી ગળે લટકવાનું; પછી ખરારો; પછી આંખો મીંચવાની વગેરે.


આ રીતે રોજ હેત કરવાના નવાનવા તુક્કાઓ કાઢીને આ વિધિ કરવામાં આવતો. વાછડાની જેમ બાળને પણ જીભથી સાફ કરવાનું મન તાંબુને ન થયું એ બાળનું ભાગ્ય. એ બિચારી ગાવડી તો વૃદ્ધ દાદીમાની જેમ પોતાના પૌત્રનો આ વિચિત્ર શારીરિક પ્રેમ મૂંગે મોઢે સહન કરતી, અને એની પજવણી દરમિયાન જાણે કશું જ બનતું ન હોય એમ અનાસક્ત સાધુની જેમ પોતાનું નિત્યકર્મ—વાગોળવું ચાલુ રાખતી.

તાંબુની આંખો હાથ વડે બંધ કરીને પછી છોડવાની તો મને પણ બહુ મજા આવતી. ખડકનું ઝરણું દાબી રાખીને પાછું છોડીએ એટલે જેમ એ ને એ જ અને પહેલા જેવો જ સ્વચ્છ પાણીનો દદૂડો શરૂ થાય છે, તેમ ગાયની આંખો બંધ કરીને ઉઘાડીએ એટલે એનો એ જ પ્રેમનો પ્રવાહ પાછો ધોધમાર વહે છે.

બાળ ઉપર પક્ષપાત હોવાનું બીજું પણ એક કારણ હતું. શામળભાઇ દૂધ દો'તા હોય ત્યારે બાળ વાછડાનું કાર્ય કરતો. શામળભાઇને બાળના મોઢામાં અચૂક (આ સહેલું નથી; કરી જોજો) શેડ મારવાની અને બાળને ધારોષ્ણ દૂધ પીવાની ખૂબ મજા આવતી. તાંબુને તો કેટલાક અનાસક્ત લોકોની જેમ 'સબ સ્થિતિમેં આનંદ હૈ' હતું. એનું લક્ષ્ય આ માનવી વાછડા (ચીડાવવા ખાતર હું એને બલીવર્દ કહેતો) તરફ કે આર્ય શામળભાઇ તરફ ધ્યાન આપવાં કરતાં સામેના વાસણમાંનો એનો ભાવતો ખોરાક સાફ કરવા તરફ વધારે રહેતું. તાંબુને કોરમુ બહુ જ ભાવતું. કદાચ એ એની સેવ હશે.

એકવાર દો'વાનો વખત થઇ ગયો તો યે બાળ-શામળની જોડી દો'વા ગઈ નહિ, એટલે તાંબુ જ સીધી બંગલે આવી. એટલે જ એનો પેલો 'વાછડો' બેઠો હતો. ત્યાં આવીને એના પગ ચાટવા લાગી, અને એ રીતે એને દૂધ પીવા ઉશ્કેર્યો.

આ જ અરસામાં—કૉલેજના તત્ત્વજ્ઞાનના એક પ્રોફેસર કાકાસાહેબને મળવા આવેલા. એક દિવસે અમે બંને ઓટલે બેઠા હતા. એઓશ્રી 'પ્રાણીઓનું માનસ અને તેમને પ્રેમથી કેમ હેળવાય' એ વિષય ઉપરની એક અંગ્રેજી ચોપડી—ના ગ્રંથ —વાંચતા હતા. સામેના ખેતરની વાડ પાસે બાળ ઊભો હતો. ખેતરની સામી વાડની પેલી બાજુ તાંબુ હતી. બાળે બૂમ મારીઃ 'ઓ . . . .તાં બુઉઉઉ . . . .' તાંબુએ ચરતાંચરતાં માથું ઊંચું કર્યું અને બાળને જોયો. પણ આડી વાડ હતી. એટલે એક મોટી પ્રદક્ષિણા કરી એક છીંડામાંથી તે અંદર આવી અને ખંજવાળવા માટે પોતાનું ગળું એની સામે ધર્યું.



ગાયને ઝાલર ઉપર ખંજવાળવાથી બહુ સંતોષ થાય છે. એકાદ મિનિટ ખંજવાળીને બાળ એને ગળે લટક્યો. મેં એકદમ

પ્રોફેસરને કહ્યું, 'જુઓ તો ખરા, એ કેવો લટકચો છે!' પણ એ તો 'પ્રાણીપ્રેમ'ની ચોપડી વાંચવામાં મશગૂલ હતા! તે દિવસે મેં નક્કી કર્યું કે તત્ત્વજ્ઞાનથી 'આટલા બધા' વિદ્વાન થવાતું હોય તો આપણે તત્ત્વજ્ઞાની નથી થવું.

અમે ચિંચવડથી સિંહગઢ ગયા. તાંબુને સાથે લીધે જ છૂટકો હતો. પણ તાંબુ હતી ગુજરાતણ. કાઠિયાવાડની ગિરિકન્યા હોત તો યે ઠીક. પર્વત ચડવાની એને ટેવ નહિ. મહારાષ્ટ્રના કેટલાયે કિલ્લાઓ ગિરનાર જેવા ને જેટલા ઊંચા ડુંગર ઉપર આવેલા છે. પણ મહારાષ્ટ્રમાં અનેક પર્વતમાલા હોવાથી ગુજરાતની જેમ ત્યાં આ ડુંગરાઓને પર્વતને નામે કોઇ સંબોધતું નથી. એમાંના જ એક ડુંગરા પર સિંહગઢ છે. ત્રણ માઇલનો ચડાવ છે. જુવાનો હોંશભેર ચડી ગયા, માંદાઓ ખુરશીમાં ચડયા અને બાળકો વૃદ્ધ મજૂરોને માથે બેસી ચડયા; પણ તાંબુનું શું કરવું? એ તો ચડે જ નહિ. છેવટે એ મહાન કાર્ય શામળભાઇએ પોતાને માથે લીધું. ખોળનું એક પોટકું ખભે લટકાવી તેમણે તાંબુને લલચાવવા માંડી. કટકો બતાવતા જાય અને દોરતા જાય. તદ્દન નિરાશ થાય ત્યારે એકાદ નાનો કટકો ખવડાવે. બિચારી ભોળી તાંબુ ચડવા લાગી. મને થયું, તાંબુને એટલી પણ અક્કલ નહિ હોય કે આ કેવળ આમિષ છે! પરંતુ એ પણ આખરે તો હિંદુસ્તાનની જ ને! અનેકવાર અનુભવ થયાં છતાં આપણા લોકો પ્રગતિના પ્રમાણમાં સ્વરાજનો સાક્ષાત્કાર (Progressive realization of self-rule) કરાવવાનાં વચનોથી ન અંજાયા હોત તો તાંબુ પણ ખોળની લાલચથી ન અંજાત.

રાત પડી પણ ગઢ ન આવ્યો. અરધી ઊંચાઇએ એક ગામડું છે. ત્યાં જ રાતવાસો કરવો પડયો. પણ બીજે દિવસે તાંબુ ઓછી મુશ્કેલીથી ચડી ગઇ.

ડુંગરાઓની લીલી ચાર ગાય-ઢોરને ખૂબ માફક આવે છે. તાંબુનું દૂધ પુષ્કળ વધ્યું ને ઘાટું પણ થયું. તપેલામાંથી જાડી ગોદડી જેવી મલાઇની અખંડ રોટલી કાઢી ખાવાના અમારે વારા રાખવા પડયા હતા.

આસપાસનાં ગામડાંઓમાંથી ન માની શકાય એટલે સોંઘે ભાવે ઊંચા માવાના મિષ્ટ પેંડા સિંહગઢના શ્રીમંતો આગળ ગરીબ માવળાઓ લઇ આવતા. વિપુલ દૂધ હોતી પોતાની ગાયોનું દૂધ સોળ માઇલ દૂર પૂના મોકલવાની સગવડ ન હોવાથી માવળાઓ પાસે ઘી કે પેંડા સિવાય બીજો ઉપાય જ રહેતો નથી. અમે પણ એકવાર તાંબુના દૂધમાંથી પેંડા બનાવ્યા. તાંબુનું દૂધ પણ એટલું બધું ઘાટું થઇ ગએલું કે ખૂબ પ્રમાણમાં પેંડા બનેલા જોઇ સૌને નવાઇ લાગેલી.

તાંબુને સિંહગઢ ઉપરની પોતાની સહેજ અંધારાવાળી નાનકડી ઓરડી બહુ પ્રિય હતી. પૂર્વજન્મનો કોઇક ઋણાનુબંધ હોય એમ જ એના વર્તન ઉપરથી લાગે. ગમે તે ક્ષણે ખુશીથી મરવાની તૈયારી રાખતી એકાદ નિવૃત્ત ડોશી, કોઇ પણ વારસ ન હોવા છતાં પણ જેમ પોતાની ઝુંપડી વિષે અનહદ પ્રેમ રાખે છે તેમ જ તાંબુ પોતાની આ ઓરડી વિષે રાખતી. એ ઓરડી તરફ એને ખાસ પક્ષપાત હતો. મને પાછળથી ખબર પડી કે ઢોરોનો સ્થાન પ્રત્યેનો પ્રેમ માણસ કરતાં પણ વધારે હોય છે. કુતરો આને અપવાદ હશે; પણ એને પણ સ્થાનત્યાગ કરતાં લાગણીઓ નહિ થતી હોય એની શી ખાતરી? બાકી ગાય-ઢોર તો સ્થાનફેરથી વિરહી પ્રેમીજનની જેમ કૃશ પણ થાય છે. અને છતાં તાંબુને આ કોટડી વધારે પસંદ પડી તેથી જ એનો પૂર્વજન્મનો કાંઇક સંબંધ હશે એવું મેં અનુમાન કાઢયું. રાત્રે અંધારામાં એની આંખો ખૂબ સુંદર અને ચળકતી દેખાતી. સૂતાં પહેલાં હું રોજ બારીમાંથી એની ચળકતી આંખોનું દર્શન કર્યા વગર રહેતો નહિ. અને તાંબુ પણ 'મેં તને જોયો છે' એમ જાણે કહેવા માટે જ તરત જ એક ભારે નિશ્વાસ છોડવા જેવો દબાએલો હૂંકારયુક્ત અવાજ કરતી. આ Good Night 'ગુડનાઇટ' (શુભરાત્રિ અથવા શિવરાત્રિ)નો વિધિ રોજ અચૂક ચાલતો.

તાંબુ વટલાઇ એ પ્રસંગ પણ સ્મરણમાંથી જતો નથી. એક વખત અમારે ત્યાં ખૂબ પાંઉ આવ્યા હતા. એટલા બધા થઇ પડયા હતા કે અમે સવારે દૂધ અને પાંઉ, બપોરે દાળ શાક અને પાંઉ, રોંઢામાં દૂધ અને પાંઉ, વાળુમાં દૂધ અને પાંઉ એવો કાર્યક્રમ રાખ્યો તો યે તે ખલાસ થતા ન હતા. પાંઉ બગડી જતા જોઈ શામળભાઇએ એક પાંઉ તાંબુને આપી જોયો. એને એ ભાવ્યો, એટલું જ નહિ પણ એનો એને ચટાકો લાગ્યો;—વ્યસન જ થયું કહો તો ચાલે.

પાંઉ જુએ ને તાંબુ ગાંડી થઇને શામળભાઇની પાછળ દોડે. અમે પણ પાંઉ ખાઇને કંટાળ્યા હતા એટલે શામળભાઇ અંબાઈ ગએલા અને સારા બંને જાતના પાંઉ એને ખવડાવી દેતા. આ રીતે તેત્રીસ કોટિ દેવોનું સ્થાન એવી હિંદુઓની ગાયને આર્ય શામળભાઇએ યવનનો ખોરાક ખવડાવીને વટલાવી નાખી.

શામળભાઇનો તાંબુ પ્રત્યેનો પીઢ—અને તેથી અપ્રદર્શિત છતાં ઊંડો—પ્રેમ તો અમને કાકાસાહેબના એક વાક્યે જણાયો. તાંબુ નવીનવી સિંહગઢ ઉપર આવી ત્યારે એને બધી જ વસ્તુઓ નવી લાગતી. ઊંચા-ઊંચા ડુંગરા, ઊંડીઊંડી કરાડો બધું જ નવું! કેટલી યે વાર એ ઊંડી કરાડને છેડે ઊભી રહી પોતાની વિશાલ આંખો ફાડીફાડીને કલાકોના કલાકો તાકીને જોયા કરતી. છેવટે કાકાસાહેબે શામળભાઇને ચેતવણી આપી કે 'શામળભાઇ, તાંબુને સંભાળજો, નહિતો કોક દિવસ એ ચકરી ખાઇને નીચે ખીણમાં પડશે ને પછી તમારે એની પાછળ ભૂસકો મારવો પડશે.' પણ થોડા જ દિવસમાં તાંબુની એ ટેવ ચાલી ગઇ.

કાકાસાહેબ એક દિવસ દીવાનખાનામાં બેઠાબેઠા લખતા હતા. હું પાસે જ હતો. એટલામાં બારણામાં ઓળો પડ્યો. મેં જોયું તો તાંબુ આવતી હતી. કાકાસાહેબ તો લખવામાં મશગૂલ હતા. તાંબુ સીધી અંદર આવી અને કાકાસાહેબ સાથે કાંઇક વાતો કરવા માગતી હોય તેમ તેમની સામે ઊભી રહી.

મને ચિંચવડનો મોતિયો યાદ આવ્યો. ભાઇસાહેબને એકવાર વસુંધરા બહેન ખાવાનું આપતાં ભૂલી ગયાં હશે. મોતિયાને કેમ ખબર પડી એ તો કોણ જાણે, પણ એણે જાણી લીધું કે આવી બાબતમાં કાકાસાહેબ એજ પ્રીવીકાઉન્સિલ છે. કોઇ દિવસ નહિ ને તે જ દિવસે મોતિયો બીજે માળે ચડ્યો અને કેવળ 'ગૃહસ્થો' સાથેની ખાનગી સ્વરૂપની મુલાકાતો માટેની ઓરડીમાં જઇ પોતાની ફરિયાદ કાકાસાહેબ આગળ મૂંગી પણ જુસ્સાદાર ભાષામાં રજુ કરી. એના ભાષણના—ભૂલ્યો, ભષણના—બધા અલંકારો કે ગૂઢ શબ્દો સમજવાની શક્તિ તો કાકાસાહેબમાં હતી જ નહિ, પણ તેઓ સાર તો સમજી ગયા. ઉપરથી જ બૂમ મારી એમણે મોતિયાને ખાવા આપવાની ડિક્રી આપી, અને પછી ફક્ત 'જા' એટલું કહ્યું ને મોતિયો સમજીને ખાવા ચાલ્યો ગયો. મને થયું આજે તાંબુ પણ એમ જ ફરિયાદ કરવા આવી હશે. પણ એ તો સહેજ આંટો મારવા આવેલી. મનમાં થયું હશે, ચાલો કાકાસાહેબની ખબર કાઢતા જઇએ, એટલે ઠેઠ અંદર પેસી ગઈ. થોડીક વાર લખાણ સામે જોયા કર્યું. પણ એ લખાણ પોતાના ગોરસ કરતાં નીરસ લાગ્યું હશે તેથી કહો કે પછી કાકાસાહેબ પ્રેમથી થાબડી તેના સંતોષથી કહો, પણ તાંબુ પાછી બહાર ચાલી ગઇ. અને પછી તો એનું અંદર આવવું સ્વાભાવિક થઈ પડ્યું. અને અમે પણ એ સામે ખાસ વાંધો ઉઠાવતા નહિ.

દિવસો ને મહિનાઓ પસાર થયા. અમારા મહારાષ્ટ્રવાસનો અંત આવ્યો. તાંબુને ચિંચવડની સ્વાવલંબન પાઠશાળાને ભેટ આપી. પત્રથી હું એની ખબર પુછાવ્યા કરતો. એને એક કન્યા થયાના સમાચાર પણ સાંભળેલા.

વરસ દહાડે હું મુંબાઇથી પુના જતો હતો. ચિંચવડ સ્ટેશન છોડ્યા પછી બેત્રણ માઇલ ટ્રેન જાય એટલે રેલ્વેની ડાબી બાજુએ આવેલાં પાઠશાળાનાં ખેતરો અને મકાનો નજરે પડે છે. હું ગાડીમાંથી પસાર થતો હતો. ગાડી ઝપાટાબંધ ચાલતી હતી. બાજુએ ખેતરમાં તાંબુ ઊભી હતી. મેં એને ઓળખી. સતારવાદક નખીના એક જ ઝટકાથી જેમ સુંદર ઝણકાર હવામાં વહેતો મૂકે છે તેમ તાંબુના દર્શનથી કોઇ અગમ્ય નખીએ મારા હૃદયના તારો છોડ્યા અને પૂર્વસ્મરણના ઝણકાર કર્યા. હું તાંબુ સામે જોઇ રહ્યો. એ મને ક્યાંથી ઓળખે?—અને તે પણ ગાડીમાં?

એની હમેશની રીત મુજબ ગાડી દૂર ગઇ ત્યાં સુધી એણે ચરવાનું બંધ રાખી જોયા કર્યું. મારી આંખો ભરાઇ આવી. એટલામાં ગાડી પણ વળી અને તાંબુ અદૃશ્ય થઇ ગઇ. હું કેટલી યે વાર શૂન્ય દૃષ્ટિએ તાંબુની દિશા તરફ જોઇ રહ્યો.

'ભાઉ'

શશાંક

• વસંતતિલકા •

જે ભાનુએ નિજ કરેથી સુકાન્તિ અર્પી,
તેના જ અસ્ત સમયે હસતો તથાપિ;
છે નિંદ્ય એ કપૂતનો અપકાર ભારે,
જેથી શશાંક ઉરમધ્ય કલંક ધારે.

રતિલાલ શુકલ

સૌંદર્ય કયાં છે?

મનુષ્યને એકની એક ચીજ જોવામાં એટલો આનંદ નથી થતો જેટલો નવીનવી વસ્તુઓથી મળે છે. દિવસ આખો તપતા દિનકરમાં એટલું સૌંદર્ય નથી દીસતું, જેટલું પ્રાતઃકાળનો સૂર્યોદય જોવામાં ભાસે છે. રોજની જયોત્સ્ના જોવામાં એટલો આનંદ નથી મળતો જેટલો બીજની બાલ ચન્દ્રકલા જોવાથી મળે છે. એ જ પ્રકારે વર્ષા ઋતુમાં બેએક મહિના સુધી પૂર્ણિમાનાં દર્શન દુર્લભ બન્યાં હોય છે તેથી જ આપણને વર્ષભરમાં શરચ્ચંદ્ર સૌથી સુંદર લાગે છે.

મેં જ્યાંસુધી હિમાલય જોયો નહોતો, જ્યાંલગી ત્યાં જઈને હું વસ્યો નહોતો ત્યાંસુધી મારા હૃદયમાં એ નગાધિરાજ પ્રતિ ખૂબ કાવ્ય-ભાવ હતો. ત્યાં જઈને પહેલવહેલો વસ્યો એ અરસામાં તો હું સવારે પ્રાર્થના પૂરી થાય કે તરત દાતણ પણ કર્યા વિના બરફનાં ઊંચાંઊંચાં શિખરો નિરખવા દોડતો. મહિનાઓ સુધી આ ઉત્સુકતા રહી. મહિનાઓ સુધી સવાર સાંજ ફરીફરીને એ ઉત્તંગ હિમશિખરોને જુદાજુદા કોણથી જોયાં. બરફ ઉપર પથરાતી અને સીનેમાની ફિલ્મની માફક ક્ષણેક્ષણે પલટાતી સૂર્યની લાલી અને પ્રતિબિંબો નિહાળવામાં હું કલાકોના કલાકો વીતાવતો. આમ, વર્ષ બે વર્ષ સુધી હિમાલય મારે માટે સૌંદર્યના અનંત ભંડાર સમો રહ્યો. પણ ત્રણ વર્ષ પછી તો એ ઉત્તગ હિમશિખરો જોઇજોઇને મન ધરાઇને તેમના પ્રતિ ઉદાસ બની ગયું. 'स्थावराणां हिमालयः' એ મંત્ર રટતાં હિમાલય સન્મુખ બેસીને પ્રાર્થના કરતાં પણ એના પ્રતિ હૃદયનું કાંઈ આકર્ષણ રહ્યું નહિ. મેં જાણ્યું કે મારૂં મન મલિન થઇ ગયું છે. તેનું નિર્દોષ સાત્ત્વિક-પણું પ્રવૃત્તિની રજથી ઢંકાઇને ઝંખાઈ ગયું છે. કોઈ પ્રવીણ ગાયકનું ગળું બગડી જવાથી તેને જેવું દુઃખ થાય તેવું મને થવા લાગ્યું. વારંવાર પ્રયત્ન કરવા છતાં પણ હિમાલયના જે સૌંદર્યનાં દર્શન મને પહેલાં થયાં હતાં તે ન થયાં.

વરસ દોઢ વરસ રહીને હિમાલય છોડી બહાર વિશાળ મેદાનમાં આવ્યો, હિમાલયની ઊંચીઊંચી છાટો વચ્ચેથી મુક્ત થઇને પહોળા વિશાળ પટમાં ભટકતી ગંગાની ધારામાં સ્નાન કરવાનું મળ્યું. અહીં નહોતા શાંતિભંગ કરતા જલઘોષના અવાજ કે નહોતી ગીચ વૃક્ષરાજીની ભીડ. નીચે શાંત વિશાળ પટ હતો; ઉપર ક્ષિતિજ સુધી સંપૂર્ણ ગોળાકારે પથરાએલું નીલવર્ણું આકાશ પથરાએલું હતું. ઊંચાંઊંચાં શિખરોથી ભેદાઇને તેના ગોળાકારમાં વિકૃતિ કે સંકુચિતતા અહીં નહોતી આવતી. પહાડોને લીધે હિમાલયમાં આકાશની અનંતતા જણાતી નથી. એ અનંત દીસતા વ્યોમ નીચે વિશાળ મેદાનના પટમાં હું એકલો હતો તોપણ નાચી ઊઠયો. મને થયું સૌંદર્ય ગિરિશિખરોમાં નથી, પણ ગંગા-મૈયાની ગોદમાં જ ભર્યું છે. માટે જ આર્ય લોકો ગંગા-માઇની જય બોલે છે, હિમાલયની નહિ.

તે પછી કેટલાક વખત બાદ સાબરમતી આશ્રમમાં આવ્યો. હું—માત્ર હું જ નહિ પણ કેટલાયે લોકો—આશ્રમને માટે આવું શુષ્ક સ્થાન શોધવા માટે બાપુ-જીને હમેશાં દોષ દેતા હતા. મનમાં ઘણા થતી કે આ તે કેવી મરુભૂમિ છે! કોઇપણ જાતના સૌંદર્યનું અહીં નામનિશાન ન મળે. રોજ એકના એક રસ્તા પર આંટા મારીમારીને જીવ મૂંઝાઇ જતો.

પણ હિમાલયથી પાછા આવ્યા પછી મને એ સ્થાન સૌંદર્યથી ભર્યુંભર્યું લાગવા માંડ્યું. સાબરમતીની મુલાયમ રેત (જ્યાં એક કાંકરો પણ શોધ્યો ન મળે), શાંત નીરવ પ્રવાહ, મનુષ્યોની વચ્ચે નિર્ભયતાથી ફરી રહેલાં મોટાંમોટાં સારસ,—આ દશ્ય પહાડોની શોભા-થી કોઈપણ રીતે ઊતરતું નથી. નદીને સામે પાર સૂર્યોદય સમયે અર્ધ ગોળાકાર ક્ષિતિજમાં જે લાલિમા ફેલાઇને નાનાંનાનાં વાદળો પર સુવર્ણની વેલબુટ્ટીની ભાત પડી રહે છે તેની આગળ હિમશિખરોની શોભા ઝાંખી પડતી લાગે છે. આ તો પૂર્વ દિશાની વાત થઇ. પશ્ચિમની શોભા પણ એટલી જ આકર્ષક છે. બાવળો-નાં આ જંગલ –એનાં ઝીણાંઝીણાં ચાંદડાં ને કલામય રીતે ફેલાયેલી શાખાઓની પાછળ જે સૂર્યાસ્ત થાય છે તે પણ પૂર્ણ સૌંદર્યથી ભરેલો લાગે છે. પણ સૌથી સુંદર દશ્ય તો અહીં મધ્યરાત્રિનું ભાસે છે. નિરભ્ર આકાશમાં ચારે દિશામાં એકેએક તારો દેખાઈ રહ્યો હોય છે, અને ટમકાટમકાને દેવોનું કાવ્ય કહી રહ્યો હોય છે. પહાડોમાં અનેકાનેક શિખરોની ભીડ અને વાદળોના સામ્રાજ્યમાં રાત્રિનું સૌંદર્ય જ દુર્લભ હોય છે.

આ બધા અનુભવો ઉપરથી મારો તો એવો ખ્યાલ

બંધાઇ ગયો છે કે સૌંદર્ય કોઇ એક વસ્તુમાં કે કોઇ વિશિષ્ટ પરિસ્થિતિમાં નહિ, પણ નવાંનવાં દર્શન અને નવીનવી કલ્પનાઓમાં છે.

જેટલું નવું એટલું સુંદર. પણ ત્યારે શું જૂનું એટલું સૌંદર્યહીન સમજવું? આપણાં માતપિતા, આપણી ઝુંપડી, આપણું ખેતર, આપણાં ઢોરઢાંખર, આપણા બાલગોઠિયાઓ એ સર્વ આપણને તો સૌથી અધિક સુંદર અને આકર્ષક લાગે છે. આપણાં મંદિર, આપણી પૂજાવિધિ ને આપણી પ્રાર્થનાની બરાબર પરાયાં મંદિર, પરાયાં પૂજાવિધિ કે પ્રાર્થના એટલાં સુંદર લાગતાં નથી.

સારાંશ કે 'નવામાં જ માત્ર સૌંદર્ય છે' એ વાતમાં પૂર્ણ સત્ય નથી. અને 'જૂનું તેટલું સુંદર એ વાત પણ યથાર્થ નથી. વળી સૌંદર્યનો સંબંધ કોઈ સ્થાન, સમય કે પરિસ્થિતિની સાથે પણ સંકળાએલો નથી હોતો. તેમ સૌંદર્ય નામની એવી કોઇ ચીજ કે વસ્તુ પણ નથી કે જેને આપણે પકડીને આપણા ગજવામાં કે ખેતરમાં સંઘરી શકીએ. સૌંદર્યનું મૂલ આ દૃશ્ય સૃષ્ટિથી, આપની કલ્પનાસૃષ્ટિથી કે પછી ઋતુ કે કાળથી યે પર ક્યાંક પણ હોવું જોઇએ.

સૌંદર્યનું ઊગમસ્થાન ક્યાં છે તે આપણે નથી જાણતા, તેમ કોઇ ગ્રંથ કે મહાપુરુષ આપણને તે બરોબર બતાવી શકે એમ પણ નથી. એનું સંશોધન તો આપણે જાતે કરવું પડે છે. પરંતુ એ સંશોધનની પણ પદ્ધતિ હોવી જોઇએ. જે કોઇપણ ચીજનું સંશોધન કરવું હોય તેના વિષે બે પ્રકારનો વિચાર કરવો પડે છે. એક તો એ કે જે ચીજ આપણને જોઇએ છે તે કેવી હોવી જોઇએ? અને બીજું, એ વસ્તુથી આપણને કેવો લાભ થવો જોઇએ?

પહેલા પ્રશ્નનો ઉત્તર એ છે કે આપણને એવું સૌંદર્ય જોઇએ કે જે અનંત હોય, જેમાં કદી વિકૃતિ ન થાય કે જે ક્ષય ન પામે. અને જેમાં કોઇ વિકૃતિ નથી, જેનો કદી ક્ષય નથી, અને જે અનંત, અક્ષય અને વિકૃતિ વિનાનું છે તેને આપણે સત્ય વસ્તુ કહીએ છીએ. એટલે જ્યાં સત્ય નથી ત્યાં કદાચ સૌંદર્ય જણાય તોપણ તે યથાર્થ રીતે સૌંદર્ય ન કહેવાય, અને તે અગ્રાહ્ય સમજવું. જો એ ગ્રહણ કર્યું તો સૌંદર્યના ઊગમસ્થાનનો રસ્તો ચૂકવાના.

બીજા પ્રશ્નનો ઉત્તર એ કે સૌંદર્યમાંથી આપણને શાંતિ અને પ્રસન્નતા મળવાં જોઇએ. પોતાનું અને સૌનું તેમાંથી કલ્યાણ થવું જોઇએ. જ્યાં કોઇનું રજ પણ અમંગળ થતું હોય, જેનાથી પોતાને કે બીજાને નુકસાન થતું હોય ત્યાં તે વસ્તુમાં પણ સૌંદર્યને સ્થાન નથી જ. જો ત્યાં સુંદરતા દેખાતી હોય તો તે સૌંદર્યનો ભ્રમ છે—સૌંદર્ય નહિ.

કદાચ આ જ કારણોથી શાસ્ત્રકારોએ પરમાત્માને વિશેષણો આપવામાં 'સુંદર' શબ્દને છેલ્લું—ત્રીજું સ્થાન આપ્યું છે: 'सत्यम् शिवम् सुन्दरम्' સૌથી પ્રથમ સત્ય; પછી શિવ—એટલે કે જે કલ્યાણમય છે (અહિંસામય પણ કહી શકાય); અને પછી છેવટે જ્યાં એ બે હોય ત્યાં સૌંદર્ય તો આપોઆપ આવવાનું જ.

પ્રભુદાસ ગાંધી

(સત્યાગ્રહાશ્રમના 'સૌંદર્ય' નામના હિંદી હસ્તલિખિતમાંથી)

ચોરવાડ વ્યાયામ વર્ગ

ગ. દર વર્ષની માફક આ વર્ષે પણ આવતા મે મહિનામાં ચોરવાડના શીતળ પ્રદેશમાં તા. ૧-૫-૧૯૩૨થી તા. ૩૧-૫-૧૯૩૨ સુધી શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ તરફથી વ્યાયામ વર્ગ ચાલશે, જેમાં કાઠિયાવાડના તેમજ કાઠિયાવાડ બહારના હિંદના કોઇપણ પ્રાંતના વ્યાયામપ્રેમી ભાઇઓ ભાગ લઈ શકશે. આ વર્ગનો લાભ લેવા ઇચ્છનારે તા. ૨૦-૪-૧૯૩૨ સુધીમાં શેઠ શ્રી હરખચંદ મોતીચંદ ચોરવાડ (કાઠિયાવાડ) એ સરનામે અરજી કરવી. શિક્ષણ લેવા આવનાર પાસેથી ભોજન તથા વ્યવસ્થા ખર્ચના એક માસના જણ દીઠ રૂા. ૧૫ પંદર લેવામાં આવશે. અરજી સાથે ત્રણ રૂપિયા ડિપોઝિટ તરીકે મનીઑર્ડરથી મોકલવા. વિગતવાર પત્રિકા માટે મંત્રી, કા. વ્યા. પ્ર. મંડળ, ભાવનગરને લખવું. ચોરવાડ જેવા શીતળ સ્થળમાં ઉનાળામાં ચાલતા આ ઉપયોગી વર્ગનો લાભ છેલ્લાં બે વર્ષમાં ગુજરાત કાઠિયાવાડના ઘણા વિદ્યાર્થીઓએ લીધો છે.

સ્વપ્નભંગ

રંગબેરંગી ઉષાનાં ઓઢણ
આભના તેજ અંબાર;
શીતળ લીલી છાંય વનોની
કોયલના ટહુકાર:
સુણું તુજ ભોમકા એવી રે,
હવે મને નીંદર કેવી રે.



મહેલ આ મારો મેઘ વિસામો
અંદર ઝાકઝમાળ;
ખંડમાં ખંડ ને મેડીએ મેડી
વજ્જરબંધ કમાડ:
મને ઊની આંચ ન લાગે રે,
ચોકીદાર અખંડ જાગે રે.

વાયરા રોકયા, તેજને રોકયાં,
રોકયાં પામર લોક;
ઘરમાં મૂક્યા વીજળીપંખા,
ગાયનથાળો થોક:
મારે રહ્યું કામ ન કોનું રે,
નહિ દીન મુખનું જોણું રે.

રંગ ને રાગ મચાવ્યા અંદર,
મોહમદિરાનું પાન;
ભોગનાં ભોજન પેટમાં પૂર્યાં
કાનમાં કામનાં ગાન:
ચડયો મદસિંહ ઉછાળે રે,
હવે જગ છો જખ મારે રે.

નીંદરની ફૂલસેજમાં પોઢ્યો,
કામળ ઓઢી બાર;
ચૂપ કર્યા દરવાન દિવાનને
ઊંઘ તૂટે ન લગાર:
ઘરેરાટ ઘોરવા લાગ્યો રે,
ઇજારો ઊંઘનો માગ્યો રે.


આજ અચાનક આંખડી ખૂલે,
બહાર મચ્યો ઘોંઘાટ;
લોપ થયા દરવાન દિવાન સૌ
સ્થિર હીંડોળા ખાટ:
ઘરે ઘનઘોર અંધારું રે,
દ્વારેદ્વાર લાગિયું તાળું રે.

મહેલ આ મારો જેલ બન્યો શું,
ખંડ બન્યા વનવાટ;
સેજનાં ફૂલ કો'વાયાં સોડે,
ધુમાય દીપકવાટ,
પથારી ખાવા ધાતી રે,
મને કયાંય કળ ન થાતી રે.

બારણે જાવા ઊઠી દોડું,
ભીંત શિરે ભટકાય;
આ શું ? પથ્થર કેરી દિવાલો
પોલી કેમ સુણાય ?
અરે ! થયાં બારણાં ખોદાં રે,
તડોમાં નાચતાં ફોદાં રે.

ખોલું ન ખોલું? બીકણ મારું
મનડું આજ મૂંઝાય;
તડમાંથી હું દેખું તાકી
ઊજળી લીલી છાંય:
હવે દિલ ના રે' બાંધ્યું રે,
ભલે ઘર જાય છો ભાંગ્યું રે.

હામ કરી હું આંચકો મારું,
ભોગળ ખોલું બાર;
તેજનાં પૂર ચડે મુજ આંખે
વાયરા ઠેલે દ્વાર:
ઝબાકે આંખ મીંચાતી રે,
ઊસાસે ઊઠતી છાતી રે.



બારણાં ખોલી બહાર હું આવું,
પાછળ શો ખખડાટ;
જીવ વિનાનો મ્હેલ આ મારો
તૂટી પડે કકડાટ:
ગરોળી ને ઘૂડ બરાડે રે,
પોલો મ્હેલ ડાચું ફાડે રે.

મ્હેલ ભલે એ ભાંગ્યો એનો
શોક મને ન લગીર;
સૂરજ કેરી તડકી મીઠી,
શીતળ વાય સમીર:
ભીંતોના ભાર અહીં ના રે,
બંધાવા દામ અહીંના રે.

રંગબેરંગી ઉષાનાં ઓઢણુ,
આજ હવે ઓઢીશ;
તેજતણા અંબાર હું પીતો,
વાદળમાં પોઢીશ:
સલામો તારલા દેશે રે,
સમીરણુ વીંઝણા લેશે રે.



વીજળી આવી કરશે દીવા,
મેઘલો ભૈરવ ગાશે;
સ્વર્ગંગાનાં પાણી પીતાં,
જીવડો તાજો થાશે:
મારી ત્યાં આગ હોલાશે રે,
જરાએક આંખ મીંચાશે રે.

સુન્દરમ્

માનસિક નોંધ

આપણને ખબર પણ નથી હોતી એવી અજાણ રીતે આપણા મનમાં અનેક પ્રકારની નોંધો અદૃશ્ય રીતે રહ્યા જ કરે છે. આપણે જે કંઇ વિચાર અને વર્તન કરી શકીએ છીએ તે એ માનસિક નોંધને આધારે જ. સ્મૃતિ અને વાચાનો આધાર પણ તેના ઉપર જ રહેલો છે. આ બાબતમાં જર્મનીના એક પત્રમાં ઍલેકઝાંડર સ્ટુલરે પ્રયોગ સહ એક વિસ્તૃત લેખ આપ્યો છે, તેમાંનું એક દૃષ્ટાંત અહીં લઇએ છીએ.

એક ભાઈ રાત્રે મોડા પોતાની ઓરડીએ આવે છે. પણ આવીને ઊભા થઇ રહે છે. કારણકે ઉઘાડવાનું સાધન નથી. કૂંચી ક્યાંક બીજે ઠેકાણે ભૂલી ગયા છે. તેથી એ નિશ્ચય કરે છે કે હવે એવી ભૂલ ન થવી જોઇએ. અને હવે ફરીથી કાલે કૂંચી ન ભૂલાય તેની યાદી રાખવા માટે રૂમાલ કાઢી એક છેડા પર મોટી ગાંઠ મારે છે.

એ ભાઇએ માનસશાસ્ત્રનું નામ પણ નથી સાંભળ્યું; છતાં તેણે જે ક્રિયા કરી તેમાં માનસશાસ્ત્રનો એક ખરેખરો અને ફલદાયી સિદ્ધાંત રહેલો છે. બીજે દહાડે ગમે ત્યારે પણ તે રૂમાલ ખીસામાંથી કાઢશે તે વખતે પેલી ગાઠ નજરે ચડશે અને તરત તેના મગજમાં કૂંચીની આકૃતિ ઊભી થશે.


પણ પ્રશ્ન એ જ છે કે ગાંઠ અને કૂંચી વચ્ચે કોઇ જાતનું મળતાપણું ન હોવા છતાં રૂમાલની ગાંઠ જોવાથી મનમાં કૂંચીનું સ્વરૂપ કેવી રીતે બંધાય છે? આ સમજવા માટે આપણે ફોનોગ્રાફની રેકર્ડનું દૃષ્ટાંત લઇએ. તેની સપાટી ઉપર સંગીતના સ્વરો અતિ બારીક ખાંચાખાડામાં અંકાઇ ગયા હોય છે. વગાડતી વેળા આ સ્વરો ગમેતેમ ઝઝણી ઊઠતા નથી, પણ જે ક્રમમાં તે ઉતારવામાં આવ્યા હોય છે તે જ ક્રમમાં પ્રકટ થાય છે. તેવી જ રીતે મગજ પર જમા થએલા બનાવો ગમે તે રીતે યાદ આવતા નથી, પણ જે ક્રમાંકથી આંતરમનમાં ગોઠવાયા હોય છે તે જ ક્રમમાં પુનઃ જાગૃત થાય છે. પેલા ભાઇએ ગાંઠ વાળતાં વાળતાં કૂંચીનો જ વિચાર કર્યા કર્યો. કૂંચી સિવાય તે વેળા બીજો આકાર જ તેના મનમાં નહોતો. એટલે ક્રિયા ગાંઠ વાળવાની થતી હતી છતાં વિચારાકૃતિ તો કૂંચીની જ ઘૂંટાતી હતી. આથી એ બેની વચ્ચે સંબંધ થયો, ને તેથી ગાંઠ જોતાં કૂંચીનું જ ધ્યાન તેને થાય છે.



આકૃતિ ૧લી

આપણી સાધારણ વાતચીતમાં આવા સંબંધને આપણે ભાવનાયોગ કહીએ. માનસશાસ્ત્ર તેને મનની નોંધ કહે. આવી સેંકડો નોંધો રોજ આપણા મનમાં ચાલુ નોંધાયા જ કરે છે. ખાસ કરીને આપણી ભાષા તો આવી નોંધ ઉપર જ નભી રહી હોય છે. દાખલા તરીકે શબ્દ અને પદાર્થનો સંબંધ વિચારો. એક બોલેલો કે લખેલો શબ્દ આંખ અથવા કાન મારફતે આપણને પહોંચે છે ત્યારે તે ભાષાના અક્ષરો જ રહે છે, કે એ બોલાએલા શબ્દ પાછળનો અર્થ પ્રકટાવે છે?


કોઇ 'ટેબલ' એમ બોલે ત્યારે અવાજોની એક પરંપરા કાનના પડદા પર અથડાય છે એ તો આપણે સમજીએ છીએ. પણ એ અવાજ અથડાઇને જ બસ થતું નથી, પરંતુ આપણા અંતરમાં એકદમ એ અવાજ ચાર પાયાના લાકડાના ટેબલની આકૃતિ ઊભી કરે છે.



આકૃતિ ૨જી

અહીં બે બાબતોનો સંબંધ દેખાય છે. એક તો અવાજ મારફત આવતી આકૃતિ અને મનમાં ઊભી

થતી આકૃતિ. ચિત્ર નંબર બીજામાં જોતાં સ્પષ્ટ જણાશે કે અવાજના આંદોલનની આકૃતિ અને એ જ વખતે મનમાં રચાતી આકૃતિ વચ્ચે જરાયે મળતાપણું નથી. ચિત્ર નંબર ત્રીજામાં બતાવ્યા મુજબ પરભાષાના માણસને એ જ અવાજ કંઇ પણ હેતુ સારતો નથી. આપણી જોડે જ તે ઊભો રહે અને એ જ શબ્દ તેના કાન પર પહોંચે તોપણ તેના મનમાં કશું જ ઊભું થવાનું નથી.



આકૃતિ ૩૭


અવાજ એક સરખો છતાં આ ભેદ પડવાનું શું કારણ? તેનો ખુલાસો સરળ છે. બચપણથી જ આપણા મન પર 'ટેબલ' શબ્દનો અવાજ ટેબલનો પદાર્થ કોતરતો રહ્યો છે. આપણે ટેબલ આંખ વડે જોયું છે અને તેને ટેબલ જેવા નામથી ઓળખાતું સાંભળ્યું છે. તેથી ટેબલ ભલેને સામે ન હોય તોપણ કાન આગળ ટેબલ એવો અવાજ થતાં જ સ્મૃતિમાં 'ટેબલ' જેવો આકાર ઊભો થાય છે. અગાઉના પરિચયની સાંકળને લીધે તે મનને જાગૃત કરે છે;—પેલા ભાઇના મનમાં ગાંઠ શબ્દે કૂંચીનું સ્વરૂપ યાદ આપ્યું તેમ.

પણ પેલા પરભાષા વાળાને 'ટેબલ' અવાજ સાથે 'ટેબલ' પદાર્થને જોડવાનો અનુભવ કદી થયો નહિ હોવાથી તેના કાન પર ટેબલ અવાજ થવા છતાં યે 'ટેબલ'નો ઘાટ તે કલ્પી શકતો નથી.

પોતાની ભાષામાં માણસના મનમાં વર્ષોના મહાવરાને પરિચયને લીધે શબ્દ તથા વસ્તુ વચ્ચે એટલો ગાઢ સંબંધ બંધાઇ જાય છે કે તે બેને જુદાં તરીકે સમજવાનું પણ કઠણ થઇ પડે. પરંતુ આપણે જ્યારે પરભાષા શીખવા માંડીએ છીએ ત્યારે જ આપણને લાગે છે કે મનમાં વસ્તુના પરિચયની નોંધ અને વસ્તુ ઓળખવાની નોંધ જુદીજુદી હોય છે.

ઘણીવાર એક અજાણ્યો શબ્દ કાન પર અથડાય છે અને તેની ત્વરિત સમજણ ઝટ પ્રકટતી નથી. એથી ઊલટું આપણે એકાદ પદાર્થ કે વસ્તુ વિષે બરાબર ખ્યાલ ધરાવતા હોઇએ છતાં તે માટે જોઇતો પરભાષાનો શબ્દ મગજમાં જડતો જ નથી. પરંતુ જ્યારે આપણે જરા યે મુશ્કેલી વગર આ બે બાબતો વચ્ચેનો સંબંધ સાંધી શકીએ, શબ્દ અને વસ્તુનો ખ્યાલ એક સાથે જ આપણા મગજમાં અંકાય ત્યારે જ આપણે પરભાષા શીખી શકીએ.

અંગ્રેજીમાં સૂર્યને 'સન' કહે છે, ચંદ્રને 'મૂન' અને તારાઓને 'સ્ટાર્સ' કહે છે એ બાબત વિદ્યાર્થી પહેલવહેલો શીખે છે ત્યારે પ્રથમ એ સમજણની સાથે તે તે આકાશી પદાર્થની આકૃતિઓ તેના મગજમાં અંકિત થાય છે; પછી મહાવરાથી એ બંનેનું એવું એકીકરણ થઇ જાય છે કે પછી મોટપણે, એક વખત એ બંને મગજમાં જુદાંજુદાં અંકિત કરવાં પડ્યાં હતાં એ વાત સ્મરણમાં પણ આવતી નથી. આ પ્રકારની માનસિક નોંધ આપમેળે તો મન કર્યા જ કરે છે, પરંતુ પરદેશી ભાષા શીખવા ઇચ્છનાર જો એ જ નોંધ ઇરાદાપૂર્વક સમજણથી રાખતો થઇ જાય તો સહેલાઇથી ભાષાજ્ઞાન પ્રાપ્ત કરી શકાય. (અંગ્રેજી ઉપરથી)



આકૃતિ ૪થી

'ડાકટર, મને ઠીક નથી રહેતું.'

'શું થાય છે ભાઇ તમને?'

'કુતરાની મિસાલે રહું છું; ઘોડાની જેમ કામ કરું છું; વરૂની જેમ ખાઉં છું અને પાછો કુતરા જેવો લોથ થઇને રીંછની જેમ સૂઇ રહું છું.'

'ભાઇ, ત્યારે તો કોઇ જાનવરના ડાકટરને જ તમારી તબિયત બતાવો.'

બુલબુલ

બુલબુલ રોજ ગાયા કરે. મીઠામીઠા આલાપ; નાનાનાના આલાપ. બસ આલાપમય જીવન!

એક વાર માણસ આવ્યો. 'તને લઇ જાઉં તો કેમ?' માણસે પૂછ્યું. 'ક્યાં?' બુલબુલે બે-દરકારીથી સામું પૂછ્યું.

'સમાજમાં. અહીં તારી કદર કરનાર કોણ છે? તારા આવા આલાપ નિર્જન વનમાં વેડફાઇને વિલય પામે છે. ચાલ માનવસૃષ્ટિમાં આ કદરવિહોણા વગડામાં તારૂં કોણ છે?'

'અહીં શું ખોટું છે?' બુલબુલે સહજ પૂછ્યું.

'શું ખોટું?' ચીડાઇને માનવી બોલ્યો. દીઠો માનવી ન જડે એવા આ અરણ્યમાં તારૂં ગળું બેસી જાય છે. દિવસ ઉગ્યાથી લઇને તે આથમ્યા સુધી અહીં તને ગળું ખેંચતું જોઇ, ઓ બુલબુલ, મારૂં હૈયું ચીરાઇ જાય છે. આ સ્થિતિ? પ્રભો! કિંમત વિનાની ચીજો પાછળ માણસો મરી ફીટે છે; અને તારી તો કોઇને પરવા પણ નથી! તારી કિંમત તું શું જાણે બુલબુલ! એક આવડુંક નાનકડું પંખી, પણ....'

બગીચાની વચ્ચે પાંજરૂં ટાંગ્યું હતું. બુલબુલ તો ઊંચે જાય ને નીચે જાય. કૂદે ને ઊડે. માણસ તો તેને જોઈ-જોઇને હરખાય. 'વાહ કુદરત, તારી યે શી કરામત!' અચાનક માનવીના મુખમાંથી ઉદ્દગાર સરી પડ્યા.

'આ દુનિયા પણ અજબ છે! બધું જ વિચિત્ર! કેવી ગમ્મત!' બુલબુલ ગણગણ્યું. 'આ માણસ તો જો! મારી ઉપર કેવું હેત રાખે છે?'

બુલબુલ તો ચિત્રવિચિત્ર આલાપો લે. પેલો માણસ ખુશખુશ થઇ ગયો. પડોશી આવ્યાં, મિત્રો આવ્યા; સગાં આવ્યાં, ગામ આવ્યું. સૌ બુલબુલને વખાણે: 'કેવી મીઠી વાણી! બધાં પંખી જોયાં, પણ આણે તો હદ વાળી. ઈશ્વરી બક્ષિસ! વાહ વાહ!'

બુલબુલને લોહી ચડ્યું. પાંખો ફફડાવી. આંખો મટમટાવી. આજ એનો હરખ માતો ન હતો. મન મોકળું મૂકીને તેણે ગાયું. બુલબુલની ખ્યાતિ દેશ-વિદેશમાં પ્રસરી ગઇ.

'આખો દિ' તે હું શા સારૂ ગાયા કરૂં?' એક દિવસ બુલબુલ ગણગણ્યું. 'માણસ તો દિવસમાં ત્રણ ચાર વાર જ મારી પાસે આવે છે. તો પછી તે જ વખતે શા માટે ન ગાઉં? મારા અનેક કિંમતી આલાપોને વેડફાવા શા માટે દઉં? બિચારો કેટલી આતુરતાથી આવે છે! હવે તો તેની આગળ જ મારૂં હૈયું ઠાલવું.

બીજા દિવસથી માણસ હોય તેટલો વખત જ ખાસ ગાવાનું બુલબુલે રાખ્યું. માણસ તો ધારતો હતો કે બુલબુલ તો સારો યે દિવસ કલ્લોલ કરતું હશે. પણ માણસના સહવાસથી તેનામાં અભિમાન પ્રગટ્યું હતું. વગડામાં તો તેને આંટે એવાં અસંખ્ય પંખીઓ હતાં. કુદરતની એ સ્વાભાવિકતામાં તેને ગર્વનો છાંટો યે નહોતો અડ્યો. સવારથી સાંજ સુધી નિરાભિમાન રહીને તે ગાયા કરતું. પણ માણસની વસ્તીમાં તેને પોતાની કિંમતનું ભાન થયું. પોતાના આલાપો વિષે તે મગરૂર થયું. જ્યારેજ્યારે માણસ તેની પાસે આવતો ત્યારેત્યારે તેને રીઝવવા બુલબુલ પોતાનું ગળું ખોલી દેતું. દિવસભર ગુંજાતું સંગીત ઘડીઓમાં સમાપ્ત થવા લાગ્યું.



'પણ તું આવા કઢંગા આલાપ કેમ લે છે?' એક દિવસ માણસે સહેજ કંટાળેલી મુખમુદ્રાથી કહ્યું: 'તારૂં સંગીત મીઠું છે; પણ કોકકોક આલાપ તો બહુ જ બદસૂર છે. કેટલું દિવ્ય સંગીત! આવા સંગીતમાં તારા જ કેટલાક ખરાબ આલાપથી કલાનું ઉલ્લંઘન થાય છે. તેથી સમાજ તારા આલાપો પ્રત્યે અણગમો બતાવે છે. કાલે જ મને મારો એક મિત્ર આ વાત કહેતો હતો. આજે પણ મેં કેટલાક કલાકોવિદો પાસેથી આ જ વાત સાંભળી. તારા આવા નીરસ આલાપ એકદમ અટકાવી નાખવા જોઇએ. સંગીત-શાસ્ત્ર, રસશાસ્ત્ર, કલાશાસ્ત્ર વગેરે અનેક શાસ્ત્રોની દૃષ્ટિએ તેની કિંમત નથી. જો, તારે ગાવા જ હોય તો આટલા આલાપ લેવા. તેમાં જ સંગીત, કલા ને

રસનું રહસ્ય સમાએલું છે.' આમ કહી માણસે અમુક અમુક આલાપ તેને પઢાવ્યા. અમુક નક્કી થએલા આલાપ જ બુલબુલ લેતું. કારણ તેને પેલા માણસની કદરની જરૂર હતી. એને વાસ્તે અમુક અમુક શાસ્ત્રોની મર્યાદામાં રહેવું હવે તેને આવશ્યક થઇ પડયું.

ફરીવાર સમાજ આખો બુલબુલ પર ફિદાફિદા થઇ ગયો. એક દિવસ બુલબુલને માટે એક જણે સોનાનું પાંજરૂં ભેટ ધર્યું. બુલબુલને હવે સોનાના પાંજરામાં પૂરવામાં આવ્યું. તેણે માણસ તરફ કૃતજ્ઞતાની એક વધુ નિગાહ ફેંકી.

ઘણો વખત વીતી ગયો. એક દિવસ માણસ એક પંખીને હાથમાં લઇ આવ્યો. બુલબુલના પાંજરા પાસે આવીને તેણે કહ્યું, 'બુલબુલ, હવે તું જા.' બુલબુલના હૈયામાં ધ્રાસકો પડયો. તેણે પૂછયું 'કયાં?'

'તારી ઇચ્છા હોય ત્યાં.' માણસે નીરસ હાસ્ય કરીને કહ્યું. 'તારામાં ક્યાં નવીનતા છે? તારા કરતાં તો આ પંખી કેટલું મધુરૂં ગાય છે! તારા તો આલાપ જ એના એ. કયાં યે રમણીયતા નહિ. કયાં યે નવું સર્જન નહિ. કયાં યે ચમક નહિ. ધારત તો ઇશ્વરે આપેલી આ બક્ષિશથી તું કેટલું આગળ વધ્યું હોત! હવે આ પ્રતિભાવાન પંખીને માટે જગ્યા કર.'

માણસે પાંજરાનું નાનકડું બારણું ખોલી નાખ્યું. 'જાઉં કે ન જાઉં?' બુલબુલ મૂંઝાયું. બીજી જ પળે અંદર હાથ નાખીને માણસે તેને બહાર ખેંચી કાઢયું. નિરાશ થઇ તે પાસેના ઝાડ પર બેઠું.

પહેલાં તો તેણે 'સમાજ'માં જવાનો વિચાર કર્યો. પણ 'સમાજ' પણ માણસનો જ ને? જેવો માણસ તેવો સમાજ. તેનું મન સમાજ તરફ ન વળ્યું. તેને પોતાનું અસલ વતન સાંભર્યું. નાનાંનાનાં ખોખરાં ને વિશાળ વૃક્ષો યાદ આવ્યાં; ને એ બધાંમાં યાદ આવ્યાં તેની જાતનાં વિવિધ પંખીઓ. તે અરણ્ય તરફ ઊડયું. એક ઝાડ ઉપર આવીને બેઠું. તેને કાને એક મીઠો સૂર આવ્યો. કોઇ નાનકડા પંખીએ આનંદની એક સીટી બજાવી હતી. બુલબુલે એ સીટી બજાવવા પ્રયત્ન કર્યો. પણ લાચાર! તેણે અનેકવિધ આલાપ સાંભળ્યા. પણ હવે તેવો એક પણ કુદરતી આલાપ કાઢવાને માટે તે અસમર્થ હતું. તેનાં જાતભાઇઓ પણ તેનાથી કાંઇ ન્યારૂં જ ગાતાં હતાં. તેવા સૂરો ઝીલવાનો પ્રયત્ન તેણે કર્યો; પણ એ 'સંસ્કારી' અને 'કેળવાએલું' ગળું તે સૂર ન ઝીલી શકયું.

પેલા પઢાવેલા આલાપ એ જ તેની મૂડી હતી. સમાજે તેના આલાપ ને તેનું ગળું સંગીતમય, કલામય ને રસિક કરી મૂકયાં હતાં.

તેને ઘણું યે દુઃખ થયું. એક વાર તે ઊડયું. દૂરદૂર જઇને એક છોડ પર બેઠું. પણ અસ્વસ્થ ચિત્ત સ્વસ્થ ન થયું. તેને પોતાને પૂરી ખાત્રી થઇ ચૂકી હતી કે નવું સર્જન તેને માટે અશકય હતું. મનુષ્ય કદાચ આકર્ષાય તો તે તેના ગળાથી; આલાપથી નહિ.

તે ફરી વાર ઊડયું નહિ. ઊગેલો સૂરજ આથમ્યો. ફરી વાર પણ ઊગ્યો; પણ બુલબુલ હાલ્યુંચાલ્યું નહિ. તેનું દુઃખ અનિવાર્ય હતું. પોતાની કંગાળ હાલતનું તેને ભાન થયું હતું. બીજાં પંખીઓના સ્વૈર આલાપની તેને અદેખાઇ આવતી હતી. તેની આંખો ફિક્કી પડવા લાગી. પગમાંથી જોર જવા લાગ્યું. તેને તેનો અંતકાળ પાસે આવતો લાગ્યો.

હતું તેટલું બળ એકઠું કરીને છેલ્લી ક્ષણે છેલ્લો આલાપ લેવા તેણે પ્રયત્ન કર્યો. પણ તેમ તો તેની અસમર્થતા વધારે ને વધારે સાલી. અવાજ તેના ગળામાં જ થીજી ગયો. તે લથડયું. નીચે પડયું. તેના પ્રાણ ઊડી ગયા.

પેલો છેલ્લો આલાપ નીકળતો હોય તેમ તેની ચાંચ અધખૂલી હતી.

તનસુખ ભટ્ટ

ડૉ. મહેન્દ્રલાલ સરકાર

અનુસંધાન પૃષ્ઠ ૮૫થી

કરતા. ધીમેધીમે આ મંડળ લોકપ્રિય થયું અને તેની સંખ્યા વધતી ચાલી. આ મંડળની બેઠકો દરમ્યાન એક દિવસ એમને દેશીઓની ખાસ જરૂરિયાત—ભૌતિકશાસ્ત્રના અભ્યાસની સંસ્થા —સ્થાપવાનો વિચાર ઉદ્ભવ્યો. બસ; પછી રાહ જોવાની શાની હોય? ૧૮૬૯ના ઑગસ્ટ માસના ‘કલકત્તા જર્નલ ઑફ મેડિસીન'માં હિંદીઓને સારૂ વિજ્ઞાનના અભ્યાસ વાસ્તે પ્રજાકીય સંસ્થા ઉઘાડવાની જરૂરિયાત પર પોતે એક સબળ લેખ લખી પ્રસિદ્ધ કર્યો. આ એક જ લેખ પૂરતો હતો. કશા વાદવિવાદને સ્થાન જ ન રહ્યું. કલકત્તા આખામાં એ વિચાર પ્રસરી ગયો. આ લેખની પ્રસિદ્ધિનું એક તાત્કાલિક પરિણામ તો એ આવ્યું કે કલકત્તા વિદ્યાપીઠની બી.એ.ની પરીક્ષાના વિષયક્રમમાં વિજ્ઞાનને પણ વિપર્યયે સ્થાન મળ્યું.

મહાન વ્યવસ્થાપક

૧૮૬૯ના ડિસેમ્બરમાં તો એ મંડળની રચના સર્વત્ર પ્રસિદ્ધ થઈ. ક્રિસ્તોદાસ પાલ કહે છે, ‘તેના પર ખૂબ ઉહાપોહ, ચિંતન ને મનન થયાં. જાહેરની તેમ જ પરદેશી સરકારના અમલદારોની પણ સહાનુભૂતિ તેને મળી. સદ્ભાગ્યે એ વેળા બંગાળાના લેફ. ગવર્નર સર રિચર્ડ ટેમ્પલ બહુ ઉમદા વિચારના ને ઊંચી કેળવણી પામેલા હતા. સેંટ ઝેવિયર કૉલેજ વાળા ખગોળવેત્તા તથા વૈજ્ઞાનિક પ્રો. લૅફોન્ટ પણ ડૉ. સરકારના મત સાથે મળતા થયા. હેતુ મહાન હતો, સાહસ ઉમદા હતું, જાહેર પ્રજાને ફાયદો થતો હતો, તેથી કેળવાયેલા મધ્યમ વર્ગની શુભેચ્છા પણ તે આકર્ષી શક્યા. પણ શ્રીમાન મોટા વેપારીઓ તથા પૈસાદાર જમીનદારો માનચાંદ તથા કીર્તિના ભૂખ્યા હતા. તેઓ પ્રાંતના વડા હાકેમના નચાવ્યા નાચતા હતા. એટલે સરકારી અમલદારોની સહાનુભૂતિ આ કામમાં તેમને બહુ ઉપયોગી થઇ. અંતે સરકારના સંપૂર્ણ ટેકાથી, છ વર્ષ લગી અવિશ્રાંત ચળવળ ચલાવ્યા પછી ૧૮૭૬ના જાન્યુઆરીની ૧૫મી તારીખ ને શનિવારે બંગાળાના તે વખતના લેફ. ગવર્નરના હાથે હિંદી વિજ્ઞાન-મંડળની સ્થાપના થઇ. હિંદના ઇતિહાસમાં તે એક યાદગાર દિવસ રહી જશે. તે વિષે તેમણે કહેલું કે ‘એક અજ્ઞાત સામાન્ય દાક્તરના બોલાવ્યાથી હિંદનો કેળવાયેલો ને શ્રીમાન વર્ગ, અંધશ્રદ્ધાળુ અને પાખંડી, વૃદ્ધ અને યુવાન સૌ આવ્યાં, અને વળી જેમને બંગાળા તથા બંગાળીઓ જોડે કંઇ યે નિસ્બત નહોતી એવા અન્ય ભૂમિના દેશી રાજાઓએ પણ ઉદારતાથી એક પળ પણ ખોટી થયા વિના મદદ કરી. આ સંસ્થા દ્વારા તેમણે હિંદની ભાવિ સ્પષ્ટ ઉન્નતિ જોઇ.'

ડૉ. સરકાર વૈજ્ઞાનિક શોધખોળના વિદ્વાન નહોતા. કોઇ મૂળ મોટી શોધ તેમણે કરી નથી, તેમ તેને માટે તેમનો પ્રયાસ પણ નહોતો. વિજ્ઞાનમાં તેમને રસ એટલા માટે હતો કે આધુનિક સુધારાનું મોટું હથિયાર વિજ્ઞાન છે એમ તે માનતા. તેમાં અખૂટ શક્તિ ભરેલી છે એમ તેમને લાગતું. પોતાના દેશના હિતને ખાતર તેનો લાભ લેવાની તેમની ઇચ્છા હતી. કુદરતે નાશવંત મનુષ્યજાતિને જે અંતરાયોથી વીંટી લીધો છે તેને દૂર કરવાની જાદુઇ લાકડી વિજ્ઞાન છે એમ તે ખાતરીથી માનતા. પાશ્ચાત્ય દેશોમાં સુધારાની અદ્ભુત પ્રગતિ એ વડે જ થઇ છે એમ એમણે જોયું. જાપાને થોડા વર્ષમાં જે કરી દેખાડ્યું તેથી તે મોહમુગ્ધ થએલા.

વિજ્ઞાનના વિષયમાં હિંદી યુવકોમાં તેમણે શોખ અને રસ ઉત્પન્ન કર્યા તથા પોતાથી બની શકે તેટલો પ્રયત્ન તેના પ્રચાર માટે કર્યો, એ તેમની વિજ્ઞાનદેવીને ચરણે મોટી સેવા છે. આ હેતુ પાર પાડવા તેમણે ઉપર કહી તેવી સંસ્થા સ્થાપી. વિજ્ઞાનના અભ્યાસમાં જીવન ગાળનારાઓને સારૂ અનુકૂળતા કરી આપી, વિજ્ઞાનનું જ્ઞાન ફેલાવવા વ્યાખ્યાનમાળાઓ ગોઠવી અને એમ ભૂમિકા તૈયાર કરી. હિંદની વૈજ્ઞાનિક કેળવણીના એ પિતા બન્યા.

હિંદી વિજ્ઞાન વિકાસ મંડળ

પણ ડૉ. સરકારનો મનોરથ તો સર ડેવિડ બ્રુસ્ટર-ની બ્રિટિશ મંડળ જેવી સંસ્થા સ્થાપવાનો હતો. પોતાનો એ હેતુ સંપૂર્ણ બર લાવવા માટે સંસ્થા સરકારી અમલદારોની દખલગીરીમાંથી મુક્ત હોવી જોઇએ એવી તેમની આંતરિક ઇચ્છા હતી. હિંદીઓની જ વ્યવસ્થા તથા અંકુશ નીચે સંસ્થા રાખવાનો તથા વિચાર-સ્વાતંત્ર્ય મુજબ અમલ કરવાની આપણને પૂરી છૂટ હોવી જોઇએ એવો તેમનો આગ્રહ હતો. પણ શરૂઆતમાં હિંદી અધ્યાપકો તેમ જ વ્યાખ્યાનકારો પાસેથી કામ લેવું અસંભવિત તેમ જ અનિચ્છનીય હતું. તે વેળા હિંદમાં વૈજ્ઞાનિક કેળવણીના જમાનાનો હજી પ્રારંભ હતો. સામાન્ય હિંદી વિદ્યાર્થી એ સમયે

લોહચુંબકનો ટુકડો જોઇને પણ અચંબો પામતો! વૈજ્ઞાનિક શોધ જેવું કંઈ યે ગણીએ તો બહુ જ અલ્પ અંશે મેડિકલ કૉલેજમાં જ હતું. પ્રેસિડેન્સી કૉલેજ જેવી વિદ્યાદાન આપનારી સંસ્થામાં પણ એવું કંઈ નહોતું. આવા અંધારના સમયે વિજ્ઞાન વિકાસ મંડળ સ્થપાયું, એટલે હિંદી અધ્યાપકો મળવા કેવળ અ-સંભવિત હતા. તેથી આ પ્રશ્નની બધી બાજુઓનો વિચાર કર્યા પછી ડૉ. સરકારે નિર્ણય કર્યો કે હિંદી વ્યવસ્થાની કલમ મંડળના શિક્ષણ ખાતાને લાગુ ન પાડવી. 'સ્વદેશાભિમાન તથા પ્રજાકીયપણું જ્ઞાનના ક્ષેત્રમાં અંતરાયરૂપ ન થવું જોઇએ. દુનિયાના મહાન તત્ત્વચિંતકો અગર લેખકો કોઈ અમુક જ પ્રદેશમાં કે આબોહવામાં પાકયા નથી. તેઓ કોઇ એક જ પ્રજાની સંતતિ નથી. તેઓ તો આખી મનુષ્ય જાતનો વારસો છે. ઊંચી વિદ્યા અને શોધખોળની બાબતમાં સ્વદેશાભિમાનનો પ્રશ્ન નડતર રૂપ ન થવો જોઇએ' એમ સર અસુતોષ મુકરજીએ પોકારીપોકારીને કહ્યું છે.

આ બાબતમાં ડૉ. સરકારના સ્વદેશાભિમાની મિત્રોએ થોડો વિરોધ કર્યો, પણ તેમની લાગણી દુભ-વ્યા વગર બહુ વિવેકથી તેમને સમજાવી આ યોજનાની ફત્તેહ માટે સર્વ વર્ગના માણસોનો સહકાર તથા સહા-નુભૂતિ પ્રાપ્ત કરી.

એમની ઇચ્છા તો એ હતી કે વિજ્ઞાનની સર્વ શાખાની મૂળ શોધખોળનું મુખ્ય સ્થાન સંસ્થા બને. તેને વિવિધ ધંધાની શાળા બનાવી હિંદીઓને સુધરેલા લુહારો કે મિસ્ત્રીઓ તૈયાર કરવાનો ડૉ. સરકારનો ઉદ્દેશ નહોતો, પણ પાશ્ચાત્ય વિજ્ઞાનના ઊંચામાં ઊંચા સિ-દ્ધાંતોનું સંપૂર્ણ જ્ઞાન તેમનામાં ફેલાવે તથા યુરોપી-અનોએ કરેલી મહાન શોધોમાં હિંદીઓ પણ પોતાનો ફાળો પૂરે એવા સમર્થ તેમને બનાવે. આવા ઉન્નત ને વિદ્વાન આશયવાળી તે એક જ સંસ્થા એ વેળા હતી. તેનો પાયો નાખતાં પણ બહુ લાંબી પૂર્વતૈયારી કરવી પડેલી. પહેલાં તો આવી સંસ્થાની જરૂરિયાત લોકોને સમજાવતાં જ ૭ વર્ષ લાગ્યાં હતાં! ઉપર કહ્યું તેમ વિજ્ઞાનના સાદા સિદ્ધાંતો જાણનાર પણ જૂજ લોકો હતા. તેથી તેમણે પોતાની પહેલી ફરજ તો એ માની કે આ સંસ્થામાં સારી કેળવણી પામેલા તથા વિજ્ઞાનનો શોખ ઉપજાવે તેવા વૈજ્ઞાનિકો તૈયાર કરી બીજી કૉલેજોમાં અધ્યાપકો તરીકે મોકલવા. આજે જે ઉન્નત સ્થિતિમાં એ સંસ્થા છે તે સ્થિતિએ મૂકવા માટે તો ડૉ. સરકારને ઘણાઘણા ભોગ આપવા પડેલા. આ સ્થળે બંગાળના બલ્કે સારા હિંદના વિ-જ્ઞાનના વિદ્યાર્થીઓ પર જેમણે ઋણ કર્યું છે તેવાં બે નામ આપવાનું વીસરી જવું જોઇતું નથી. આ મંડળની પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવાનું માન એ બે ગૃહસ્થોને જ ઘટે છે. સંસ્થા હજુ પગભર પણ નહોતી થઇ ત્યાં શ્રી કાલિકીસન ટાગોરે વૈજ્ઞાનિક સાહિત્યો વસાવવા માટે પચીસ હજાર રૂપિયાનું દાન કર્યું તથા સામાન્ય ખર્ચ માટે અને મકાન ફંડ ખાતે બીજા સાડા સાત હજાર રૂપિયા આપ્યા. વિજયનગરના મહારાજાએ પ્રયોગશાળા બાંધવાનો તમામ ખર્ચ આપ-વા કબૂલ કર્યું. અને મંડળની વિજયનગર પ્રયોગશાળા તૈયાર થઇ.

જબરો મતભેદ

જે સમયે આ વિજ્ઞાન વિકાસ મંડળની સ્થાપના થઇ તે સમયે બીજી બાજુ કલકત્તાનું એક બીજું વિદ્વાન મંડળ સફાળું જાગી ઊઠયું. તેણે લખ્યું કે ઘણી જરૂરિયાતની તેમ જ મોજશોખની વસ્તુઓ માટે હિંદને પરદેશ પર આધાર રાખવો પડે છે. જેમ કોઈ આંધળો કે પાંગળો માણસ પોતાના ચાકર પર આધાર રાખી પરાધીન જીવન ગાળે છે તેમ જ હિંદ ઘણીખરી પરદેશી વસ્તુઓ માટે પરતંત્ર દશા ભોગવે છે. પ્રાચીન મહાન સુધારકોના સંતાનોની આ કાયમની નામોશીરૂપ દશા છે. જેથી શહેરના કેટલાક મોટામોટા સ્વદેશાભિમાની ગૃહસ્થોએ પણ એમ માન્યું કે દેશની મોટામાં મોટી જરૂરિયાત વિજ્ઞાનના તર્કની નથી પણ વિજ્ઞાનના ક્રિયાત્મક ઉપયોગની છે. તેમની માન્યતા એવી હતી કે જેમને કમાવાની ચિંતા ન હોય, જેઓ ખૂબ શ્રીમંત હોય, જેમની પાસે પુષ્કળ સાધન હોય તેવા માણસો પાશ્ચાત્ય સાહિત્યવાચનમાં અગર વિજ્ઞા-નના તર્ક કરવા બેસે એ ઠીક વાત છે. પણ જે લોકોને કાલના રોટલાની પણ ચિંતા હોય અને અથાગ મહેનત છતાં પણ પેટપુર રોજનો રોટલો ન મળતો હોય એવા લોકને સારૂ વિજ્ઞાનના ઊંચા તર્ક નકામા છે. એ દેશની શક્તિને ખોટે માર્ગે દોરવાનો અનર્થકારી પ્રયત્ન છે. તેમને ડૉ. સરકારની વિજ્ઞાન વિકાસ મંડળની

યોજના આમ ખોટા આધ્યાત્મિક તર્ક જેવી લાગતી હતી. તે આ કાળની જરૂરિયાત નથી પણ ઊલટી અત્યારે તે દેશ પર ભારરૂપ છે એમ તેમને જણાતું. આજથી પચાસ વર્ષ પછી એવી સંસ્થાનો ખપ પડે ત્યારે સાચું. અત્યારે તો તેમાં જાહેર નાણાંનો દુર્વ્યય જ તેમને લાગતો હતો. તેથી આ ઉત્સાહી સ્વદેશાભિમાની સજ્જનોએ એવી દલીલ કરી કે અત્યારે તો હિંદના યુવકોને વૈજ્ઞાનિક તથા યાંત્રિક કેળવણી આપે તેવી એક પાઠશાળાની જ દેશને જરૂર છે. વળી ડૉ. સરકારે કરેલી લાંબી તૈયારીનો પૂરો લાભ લેવાનો તેમને ઇરાદો થયો. તેથી પોતાની સંસ્થા સ્થાપવા તેમણે પણ આ જ સમય સાધ્યો અને હિંદનાં અનેકવિધ દુઃખોનો નાશ કરે તેવી સંસ્થા સ્થાપીને ઇંગ્લંડના પાટવી કુમાર (એડવર્ડ)ની આ દેશની મુલાકાતના ચિરકાળનું સંભારણું ઊભું કરવાનો તેમણે વિચાર કર્યો. લેફ. ગવર્નર સર રિચર્ડ ટેમ્પલનો સહકાર તથા સહાનુભૂતિ મેળવી તેમણે એવું તો પ્રચાર કામ આદરી દીધું કે જેથી ડૉ. સરકારના મંડળ પર ટીકાની ઝડી વરસી રહી. પછી તો વાત વધી અને ઈર્ષ્યાખોર ચર્ચાપત્રો પણ જાહેર છાપાંમાં દેખાવા લાગ્યાં અને કલકત્તાના હોમીઓપથીના દાક્તરની અનેકવિધ સારી ખોટી ટીકાઓ તથા હાંસી થવા માંડી. 'ઇન્ડીયન લીગ' જેવી સંસ્થા કે જેમાં ઘણાખરા સજ્જન પુરુષો સભાસદ હતા તેણે પણ આગળ પડી આ હીલચાલમાં ભાગ લેવા માંડચો. સર રિચર્ડ ટેમ્પલ જેવા માણસોના પ્રમુખપણા નીચે સભાઓ ભરવાની વ્યવસ્થા થઇ અને એવું જાહેર કરવામાં આવ્યું કે પાંચ દહાડામાં એક લાખ ચાળીસ હજારનું ફંડ ભરાઇ ગયું છે. તળપદાં વર્તમાનપત્રોએ પણ એકે અવાજે કહી દીધું કે 'આનું નામ તે ખરૂં કામ!'

એક ગ્રીક કહેવત છે કે 'મિત્ર રૂપે આવેલા દુશ્મનથી જ સાચું ડરવાનું છે.' 'ઇન્ડીયન લીગ'ના સભ્યોએ આ કહેવત સાચી ઠેરવી. તેમણે જ્યારે જોયું કે કલકત્તાના મોટામોટા વિદ્વાન પુરુષો ડૉ. સરકાર પ્રત્યે માનની નજરથી જુએ છે ત્યારે તેમણે જાહેર કર્યું કે અમારો ઉદ્દેશ પણ હિંદી વિજ્ઞાન વિકાસ મંડળના જેવો જ છે. જ્યારે લેફૉન્ટ જેવા મહાન ખગોળ ને ભૌતિકશાસ્ત્રી ડૉ. સરકારના પ્રતિપક્ષી મંડળ તરફ દૃષ્ટિ સરખી પણ કરતા નથી એવું તે લોકોએ જોયું એટલે તેમણે પણ બહાર પાડયું કે અમે પણ તે મહાન ડૉ. મહેન્દ્રલાલના જ મિત્રો અને સહયોગીઓ છીએ. તેમણે બંને સંસ્થાને એકત્ર કરી દેવા માટે ડૉ. મહેન્દ્રલાલ સરકારને નિમંત્રણ કર્યું. સિદ્ધાંત તથા ક્રિયા એક જ સાહસની બે બાજુઓ છે. બંનેના હેતુ તથા આદર્શ એક જ છે. દેશની કંગાલિયતનો અંત આણવાનો જ બંનેનો અંતિમ ઉદ્દેશ છે. સર્વે ક્રિયાત્મક સાહસની પૂર્વે મૂળ સિદ્ધાંતનું જ્ઞાન જરૂરી છે. સિદ્ધાંતની પૂર્ણતાની ઉપયોગી રીતનું નામ જ ક્રિયા છે. તેથી એકઠાં થએલાં નાણાં, શક્તિ અને લાગવગ વડે હિંદના ઉદ્ધારનું મહાન કાર્ય કરવા સારૂ બંનેએ એક થવું એ જ શ્રેયસ્કર છે. આ મતમાં ભળવા માટે ડૉ. સરકાર પર ખૂબ દબાણ લાવવા મોટામોટા માણસોનાં નામ અપાયાં. ડૉ. સરકારને કંઈ આ પહેલો સંગ્રામ ખેલવાનો નહોતો. તે તો ઘડાએલા કુશળ લડવૈયા હતા. તે તો પોતાની એક જ વાત પકડી રહ્યા અને પ્રતિપક્ષીઓ જોડે બાથ ભીડી.

આ સ્થળે ડૉ. સરકારની સ્થિતિ સમજાવવી આવશ્યક છે. વૈજ્ઞાનિક કેળવણીનો ખ્યાલ લોકપ્રિય બનાવનાર આ દેશમાં એ જ પહેલા પુરુષ હતા. તેમણે ક્ષેત્ર ખેડી ભૂમિ બરાબર તૈયાર કરી હતી. એ જ વેળા 'ઈન્ડીયન લીગ'ના સભાસદોએ ક્રિયાત્મક વિજ્ઞાનની મદદ વડે હિંદને ધનિક બનાવી દેવાનું આકર્ષક નિવેદન જાહેર પાસે મૂકયું. આ નિવેદન વિષે ડૉ. સરકાર જોડે તેમણે અગાઉથી કશી ચર્ચા કરી નહોતી. તેમની સભામાં ડૉ. સરકારને નિમંત્રણ આપવા જેટલું સૌજન્ય પણ તેમણે દાખવ્યું નહોતું કે આ દેશની વૈજ્ઞાનિક કેળવણીના આ મહાન ફિરસ્તાને સહકાર કહેવા જેટલો પણ તેમણે વિવેક વાપર્યો નહોતો. માત્ર ડૉ. સરકારની જીવનભર કરેલી મહેનતનું ફળ લૂંટી લેવા સ્વાર્થી લોકની છૂપી મસલતની સભાઓ જેવી તેમની સભા હતી. પોતાના કાર્યક્ષેત્રની કશી વિસ્તારપૂર્વક યોજના તેમણે જાહેર પાસે મૂકી નહોતી. તેમનો બધો વ્યાપાર પ્રૅક્ટિકલ—ક્રિયાત્મક—એ આકર્ષણ શબ્દની મૂડી પર જ હતો. તેથી હિંદી વિજ્ઞાન વિકાસ મંડળનો પાયો નાખનાર ડૉ. સરકારને આવા બીનજવાબદાર લોક સાથે ભળવાની આશા વ્યર્થ હતી. બંને પક્ષની સ્થિતિ સમજાવવા માટે સર રિચર્ડ

સભા ભરી તેમને નિમંત્રણ મોકલ્યું. ડૉ. સરકાર હાજર થયા અને બોલ્યા કે 'નિયત સમય માટે વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી શકે એવી પાઠશાળા સ્થાપવાનો પહેલેથી જ મારો ઈરાદો નથી; પણ જ્યાં વિદ્યાર્થી અવસ્થા વટાવ્યા બાદ અભ્યાસી જિંદગીભર (અગર જ્યાંસુધી તેની ઈચ્છા હોય ત્યાં લગી) વિજ્ઞાનની કોઇ એક વા વધુ શાખાનો આગળ અભ્યાસ કરે તેવી સંસ્થા સ્થાપવાનો જ મારો ઉદ્દેશ છે. તદ્દન નવીનવી શોધખોળો સારૂ નવાનવા પ્રયોગો કરવા માટે સર્વ અનુકૂળતા કરી આપવાનો જ મારો હેતુ છે. કોઇ કળા અગર યાંત્રિક કે ધંધાની કેળવણીની કોઇ યોજનાને તેમાં સ્થાન જ નથી. વિજ્ઞાનનો જે ટૂંકો અર્થ 'લીગ'ના સભ્યો કરે છે તેથી ઘણો વિશાળ અને ઊંચો અર્થ હું કરૂં છું. આ બંને સંસ્થાઓના મૂળ ઉદ્દેશો પાયામાંથી જ ભિન્નભિન્ન છે અને ઝીણી નજરે તપાસતાં એક બીજાથી વિરૂદ્ધ પણ છે. માટે આ બંને સંસ્થાને એક કરવાની વાત જ હું અસંભવિત માનું છું. બાકી બંને સંસ્થાને પોતપોતાની દિશામાં નગદ કામ જ કરવું હોય તો બંને માટે દુનિયા વિશાળ પડી છે.'

ઉપરના વાદવિવાદ પરથી ડૉ. સરકારનો એક ગુણ પ્રકાશમાં આવ્યો. પોતાની પ્રમાણિક માન્યતામાં તથા નીતિમાં કદી છૂટછાટ મૂકી સમાધાન ન જ કરવું એવું માનનાર તે હતા. તેમના આખા જીવન દરમ્યાન આ વાત વારેવારે તરી આવે છે. તે કહેતા 'સમાધાન એટલે જ મૃત્યુ.' સમાધાનીમાં વ્યક્તિત્વનો ધ્વંસ થાય છે. અને વ્યક્તિત્વ ગયા પછી રહ્યું શું ?

'ઈન્ડીયન લીગ' એકાદ દશકા સુધી માંડમાંડ ચાલી અને જે કરવાનાં બણગાં પ્રારંભમાં ફૂંકેલાં તેમાંનું કશું કર્યાં સિવાય મૃત્યુને સાથરે સૂઇ ગઇ. અને વિજ્ઞાન વિકાસ મંડળની અલ્પ શરૂઆતમાંથી આજે જગતનું તે એક અગ્રગણ્ય વૈજ્ઞાનિક શોધખોળનું સ્થાન થઇ પડ્યું છે. જે માટે ડૉ. સર સી. વી. રામન કહે છે: 'નવા જ્ઞાનનો પ્રવાહ અહીંથી જગતના દરેક ભાગમાં વહ્યો છે. જ્યાંજ્યાં ભૌતિકશાસ્ત્રનો આગળ અભ્યાસ થાય છે ત્યાં દરેક સ્થળે આ મંડળની કીર્તિ ઝળહળે છે.'

માનચાંદ

ડૉ. સરકારની સેવાઓની કદર પ્રજા તરફથી એકસરખી થઇ. દેશમાં વૈજ્ઞાનિક શોધખોળના મોટામાં મોટા ઉત્પાદક લૉર્ડ કર્ઝો કલકત્તા વિદ્યાપીઠની ડૉ ઑફ લૉઝ' ની માનદ પદવી તેમને આપી. હોમીઓપથીના તો તે ધન્વંતરી ગણાતા. રોગને કાંતી દેવાની તેમની કુશળતાથી, ચેપી દર્દોને વધતા અટકાવવાના તેના પ્રયાસોથી તથા શહેરના ગરીબ દર્દીઓની મફત સારવાર ને ધર્મદાનથી તેમનું નામ કલકત્તામાં અતિ લોકપ્રિય થઇ ગયું. કલકત્તા મ્યૂનિસિપાલિટીના પણ તે સભ્ય ચૂંટાયા; ઉપરાંત ઑનરરી (માનદ) પ્રેસિડેન્સી મેજીસ્ટ્રેટ પણ નીમાયા અને પછી સી. આઈ. ઈ. નો ખિતાબ પામ્યા. હૃદયની સચ્ચાઇ તથા દેશની વિવિધ જરૂરિયાતોના તેમના જ્ઞાનને લઇ સરકારે તેમને બંગાળાની કાઉન્સીલના સભ્ય નીમ્યા. કલકત્તા વિદ્યાપીઠના તંત્રમાં પણ 'સિન્ડીકેટ'ના સભ્ય તરીકે તથા 'ફેકટરી ઑફ આર્ટ્સ'ના પ્રમુખ તરીકે તેમણે ખૂબ સારી સેવા કરેલી. બંગાળાની 'એશિયાટીક સોસાએટી'ના નિયામક મંડળના તે એક આગેવાન સભ્ય હતા. આ પ્રમાણે

અભ્યર્થના

· પૃથ્વી ·

અશસ્ત્ર વધ કાં થતો? હૃદય સોંસરા ઘાવથી
અવ્યક્ત, સહુ મર્મમાં દવ અકથ્ય શે જાગતો?
કુપંથ ચડ્યું નાવડું જીવનનું; હવે માગતો
લગીર તુજ જ્યોત હું ઉગરવા મહાકાલથી.
વહી વિષમ વ્હેનમાં વિફળ વિશ્વ વ્યવ્હારના
ઝીલ્યા નીરસ વાસનામય જ સ્નેહ વિલાસના
બળે દવ ફિરે, ન જ્યોત જગમાં અરે સાંપડી;
મચ્યો સુખ મહીં, જડી પણ ન શાન્તિની કો ઘડી;
ગણ્યાં ભૂષણ દૂષણો, દલિતની દયા ના ધરી
જીવ્યો જીવન સ્વાર્થના અધમ વ્હેનમાં હું પડી.
વહે વિષભર્યા કુડા સમીર ને જુવાળો ચડે;
વસ્યો નયન અંધકાર, પથ શોધતાં ના જડે.
ઉગાર મુજ નાવ લ્હાવ દઇ આત્મઉજ્જાસના
સજાવ પ્રભુ! સ્નેહથી સુખદ ભેખ કર્તવ્યના.

પ્રાણશંકર જગજીવન બધેકા

પ્રાંતની ઘણી આગળ પડતી શિક્ષણ સંસ્થાઓ જોડે તેમ જ અન્ય દેશોની પણ કેટલી યે સંસ્થાઓ જોડે પરોક્ષ કે અપરોક્ષ રીતે સંકળાએલા હતા. રાજા પ્યારે-મોહન મુકરજીએ લખ્યું છે તેમ 'ડૉ. સરકાર પોતાની યુવાનીનું સ્વપ્ન વૃદ્ધાવસ્થામાં ફળતું જોઇ શકયા. તેમના જન્મ વેળા આ દેશ પાશ્ચાત્ય પ્રજાઓના કામનો મૂંગો પ્રેક્ષક હતો; તેમના મૃત્યુ વખતે જગતની સઘળી પ્રગતિમાન હીલચાલમાં તે યોગ્ય ફાળો આપતો થયો હતો.

અવસાન

ડૉ. સરકાર વૃદ્ધ થયા હતા. હિન્દના ઉદ્ધારની સતત ધખતી ધગશને લીધે બહારથી તે અથાગ શ્રમ ઉઠાવી શકતા લાગતા હતા, પણ તેમના નિકટના પરિચયમાં આવનાર સર્વને લાગતું હતું કે હવે તે ઝાઝું કાઢશે નહિ. વૃદ્ધાવસ્થાનાં ચિહ્નો મોં પર સ્પષ્ટ તરતાં હતાં. તેમનો અવાજ બુલંદ હતો, પણ હવે તો લાંબાં વ્યાખ્યાનો આપતી વેળા ફેફસાં થાકી જતાં લાગતાં. તેમને પણ પ્રભુના દરબારમાં તેડાં આવવાની હૃદયમાં ઝાંખી થએલી લાગતી. ઇ.૧૮૯૧માં સખ્ત ઇન્ફ્લુએન્ઝાનો હુમલો થયો. એ જ વેળા આ રોગ આ દેશમાં પહેલવહેલો આવ્યો. ત્યાર બાદ તેમને મૅલેરિયા તથા દમનો વ્યાધિ થઇ આવ્યો. પોતાનું મૃત્યુ મૅલેરિયાથી જ થશે એવું તેમને સૂઝી આવેલું અને તેના ચેપની બીક તેમને જિંદગીભર લાગેલી. પણ તેથી તે મૅલેરિયાના પોતાના દર્દીઓ તરફ કદી બેકાળજી રાખતા નહિ. હુગલીનો એક નિરાધાર ગરીબ બાળક તેમનો દર્દી હતો. બહારગામની ફી પોતે ઓછામાં ઓછી રોજની સો રૂપિયા લેતા; છતાં આ નિઃસહાય અનાથ બાળકની સારવારમાં પોતે નવ દિવસ રોકાયા અને કશી ફી લીધા વિના પાછા આવ્યા. પણ સાથે મૅલેરિયા લેતા આવ્યા. તેમાંથી કંઇક આરામ થયા બાદ વળી એક બીજા દર્દીની સારવારમાં ગયા. ત્યાંથી ફરી મૅલેરિયાનો ઉથલો લાગ્યો. તેનાથી ત્રણ વર્ષ લગી પોતે પીડાયા. છેલ્લે ૧૮૯૬ના નવેમ્બરમાં શાહ-ઝાદા ફરૂખશાહની સારવારમાં ગયા. ત્યાંથી ફરીથી મૅલેરિયા તાવ લાગુ પડ્યો. એ કામ હાથ ધરવાની પોતાની નામરજી છતાં મિત્રોના આગ્રહને વશ થઇ બાલીગંજમાં તે શાહજાદાની સારવાર માટે એમને જવું પડ્યું. એ સ્થાન પ્રાણઘાતક મૅલેરિયાનું ઘર ગણાય છે. આ ભયંકર રોગના પંજામાંથી તે કદી છૂટી જ ન શકયા. ત્યાર પછીનું તેમનું આયુષ્ય એટલે લાંબી માંદગી જ કહેવાય. પછી તો એકે દહાડો પોતે સાજા રહ્યા હોય તેવું બન્યું જ નથી. આમ છતાં વિજ્ઞાન મંડળમાં પોતાનાં વ્યાખ્યાનો નિયમિત આપતા!

એક દહાડો મંડળમાં પોતાનું નિયમિત વ્યાખ્યાન આપવા માટે સભાગૃહ તરફ ઊપડવાની તૈયારીમાં હતા. ચાર વાગ્યાનો વ્યાખ્યાનનો સમય હતો, અને બરાબર ત્રણ વાગ્યે એક દર્દીને તપાસવા આવવા માણસ તેડવા આવ્યું. બસો રૂપિયા ફી આપવા તેઓ તૈયાર હતા. પણ તે દર્દી પાસે દોઢ બે કલાક રોકાવું પડે તેવું હતું તેથી પોતે ના પાડી, કેમકે મંડળમાં રાહ જોતા પોતાના વિદ્યાર્થીઓને નાઉમેદ કરવાનું તેમને પસંદ નહોતું. મંડળ પ્રત્યેના એમના ધર્મની વચ્ચે કોઈ પાર્થિવ વસ્તુ આવી શકતી જ નહિ. મંડળ એ પોતાના જીવનનું સુંદર મૂર્તિમંત કાર્ય છે એમ તે માનતા.

રોગમાં ને રોગમાં તે ધીમેધીમે તદ્દન કૃષ થઇ ગયા. ૧૯૦૩માં તેમના ૭૧મા જન્મદિવસે તેમના પુત્રે તે મંગલ પ્રસંગનો ઉત્સવ યોજ્યો. હવે ડૉ. સરકારને લાગ્યું કે પૂરા બાર મહિના પણ હું કાઢવાનો નથી. પણ અંતરથી શાન્તિ હતી. પોતે આ જન્મમાં ઇશ્વરે આપેલી શક્તિઓનો સદ્વ્યય કર્યો હતો, એ સંતોષ લઇને એ જ સાલમાં તેમનો આત્મા ઊડી ગયો. પથારી પાસે પોતાનાં સર્વ સગાંવહાલાં તથા મિત્રોને છેલ્લી પળે તેમણે બોલાવ્યા હતા અને ઇશ્વરમાં તથા ધર્મમાં શ્રદ્ધા રાખવા સૌને બે વેણ કહ્યાં. લાગણીશૂન્ય ગણાતા વૈજ્ઞાનિક પાસેથી આવી વાતની આશા જ ન રખાય. પણ તેમણે કહ્યું 'ના. ઇશ્વરમાં તથા ધર્મમાં જરૂર શ્રદ્ધા રાખજો. પ્રભુનો મહાન ધર્મ મનુષ્યના આત્મામાં છે તે અનુભવવા સૌ પ્રયત્ન કરજો.'

જિંદગીના છેલ્લા દિવસોમાં તો તેમણે ખૂબ પીડા ભોગવી. પણ પોતાની યુવાનીના મનોબળથી સૃષ્ટિના સર્જનહારની કીર્તિમાં મન પરોવી બહાદુરીથી સઘળું સહી લીધું. 'માણસ પર પળેપળે ઇશ્વરની અગાધ કૃપા વરસી રહી છે. તેને ખાતર હમેશ તેનાં ગુણગાન કરવાની આપણી ફરજ છે' એ તેમના છેલ્લા શબ્દો હતા.


સંસ્કૃતિ એ સમયે જાણે વિધુર થઇ જતી લાગી.

રેવાશંકર ઓ. સોમપુરા

વસ્ત્રવિચાર

ઝભ્ભો—ખમીસ—પહેરણ

મનુષ્યના શરીરમાં વસ્ત્રો ઉમેરવાથી તેનું નૂર ૯૯૯ વધે છે એવી મતલબની પ્રાચીન કહેવત છે. છતાં માણસો તેમનાં વસ્ત્રો માટે જોઇએ તેટલો વિચાર કરતા નથી. જો વિચાર કરવામાં આવે તો રમૂજના અનેક નમૂના મળી આવે. એક જવાંમર્દ




આંટીવાળા ફેંટા નીચે અક્કડ કૉલર અને બો પહેરે છે! બીજા ગૃહસ્થ કાળાં અર્ધા મોજાં ઉપર ધોતિયું અને નીચે હોલબૂટ પહેરે છે! ત્રીજા કોટપાટલૂન ઉપર છાપરીવાળી પાઘડી પહેરે છે! આ વસ્ત્રોને અને તેના પહેરનારાઓને કશો સંબંધ હોતો નથી. વળી આપણાં વસ્ત્રો મુસલમાન અને અંગ્રેજી રાજ્યોની અસરોથી જુદાજુદા આકારનાં બન્યાં છે અને તેમાં આબોહવા, અનુકૂળતા કે કલામયતા કશું જોવામાં આવ્યું નથી.

ખમીસ જ લ્યોને. પહેલાં માણસો આત્માના સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહની માફક પહેરણ, કબજો અને કોટ કે કડિયું પહેરતા. હવે ખમીસ એ ઘણી પ્રચલિત વસ્તુ છે અને છેક હમણાંથી તેનું સ્થાન ઝભ્ભા—કફનીએ લેવા માંડ્યું છે. તે બંને હજી બધી રીતે સંતોષકારક નથી. પણ એ સર્વના ગુણો એકત્ર કરીને એક નવું વસ્ત્ર બનાવી શકાય. પછી તેને નામ અપાય કે ન અપાય તો પણ તે તેટલું જ ઉપયોગી રહેવાનું.

વસ્ત્રની બ્હાંય એ એક ઉપયોગી અંગ છે. જેમને વારંવાર લખવું પડતું હોય, બીડીઓ વાળવી પડતી હોય અથવા નિયોગોમાં હાથનો વાપર વિશેષ કરવો પડતો હોય તેમને લટકતી બ્હાંયવાળું વસ્ત્ર ચાલે નહિ. તે બ્હાંયને કાં તો ખમીસની માફક અક્કડ કફ જોઇએ, અથવા તે હાથને ચપોચપ જોઇએ. હિંદ ગરમ દેશ હોવાથી અક્કડ કફ પરસેવાથી ખરાબ થાય, એટલે કફ અક્કડ ચાલે નહિ. એટલે એવા માણસો માટે બ્હાંય, ઉપરથી કાપેલા પોલા મૂળાના કાંદાના જેવી જોઇએ. જેમ બ્હાંય કાંડા આગળથી ચપોચપ જોઇએ તેમ જ હાથની બધી ગતિઓ હરકત વિના થઇ શકે તેટલા માટે બીજે બધે તે પૂરતી ખુલ્લી હોવી જોઇએ અને છેવટ કાંડાં આગળ બટન કે બોરિયાં હોવાં જોઇએ.

બ્હાંય સિવાયના બીજા ભાગ માટે અત્યારે બે ત્રણ રિવાજ પ્રચલિત છે. ખમીસને ખૂણા હોતા નથી. તેનું કારણ એ દેખાય છે કે પાટલૂન પહેરનારાઓ ખમીસનો વધારાનો ભાગ પાટલૂનની અંદર ખોસે છે. ધોતિયું અને સૂરવાલ પહેરનારાઓને એવી જરૂર નથી હોતી. માણસનું ધડ ચોખૂણ નથી, પણ સૌથી નીચલી પાંસળી પાસે સાંકડું છે અને છાતી આગળથી પહોળું છે; માટે વસ્ત્રનો આકાર પણ છાતી આગળથી પહોળો, વચ્ચે પાતળો અને નીચે ખુલ્લો એ રીતનો હોવો જોઇએ, અને તેના ખૂણા બહાર આવતા હોવા જોઇએ. બીજી એક એ દૃષ્ટિ પણ નજરમાં રાખવી જોઇએ કે અહીં ગરમી લાંબો વખત પડે છે તે વખતે ઘણાં વસ્ત્રોની જરૂર નથી. કેવળ ઝભ્ભો બસ થાય. અને એક માત્ર ઝભ્ભો પહેરી બહાર જવું હોય ત્યારે તે કદરૂપો કે બેડોળ ન હોય તે જરૂરનું છે. તેમ જ તેણે બીજી બધી રીતે કોટ, કડિયું કે એવા બાહ્ય વસ્ત્રની ગરજ પણ સારવી જોઇએ. એ માટે તેને ગજવાં પણ હોવાં જોઇએ અને તે એવી રીતે આપવાં જોઇએ



કે તેમાં હાથ અંગમરોડની ગરજ વિના જઇ શકે. તે એટલાં મોટાં ન જોઇએ કે બકરીના કાન માફક લટકે.

ખમીસના કૉલર બે જાતના હોય છે. એક માત્ર પટ્ટી અને બીજા બંને બાજુ ભૂશિર જેમ બહાર પડતી અણીઓવાળો. કેટલાક ઝભ્ભા જે સ્કંધ આગળથી બીડાય છે તેને કૉલર હોતા નથી. પણ શાસ્ત્રમાં સ્ત્રીઓ અને બગલાઓ બેની જ ડોક સુંદર કહી છે, તેથી જ સ્ત્રીઓની ડોક ખુલ્લી રહે છે. બગલાઓ દરજીનો ઉપયોગ કરતા નથી માટે તેમનો પ્રશ્ન નથી. પણ બીજા સર્વ લોકોએ પોતાની ગરદન પ્રમાણે કૉલર રાખવો જોઇએ. તે પાછળથી ઊંચો ને આગળથી નીચો એ રીતે આવવો જોઇએ. જો ગરદનની લંબાઇ વિશેષ હોય તો કૉલર ઊંચો રાખવો અને તેમાં બે બટન રાખવાં. બટન માટે ગાજ રખાવવાં એ વધારે પસંદ કરવા જેવું છે. **'વસ્ત્રશાસ્ત્રી'**

દેવોનું કાવ્ય

કેટલાય દિવસનું આકાશદર્શન ચડી ગયું છે. પ્રતિપદાને દિવસે ચંદ્રદર્શનની રાહ જોઇને થાકયા, પણ એમાં ચંદ્રનો વાંક નહોતો; અમારી જ ઉતાવળ હતી. બે અમાસ લાગલાગટ આવ્યા પછી ચંદ્રદર્શન તો પડવાને દિવસે જ થાય, અને એ પ્રમાણે થયું પણ ખરૂં.

શુક્ર, ચંદ્ર અને ગુરુ જયારે પાસેપાસે હોય છે ત્યારે આકાશપ્રેમી આંખોને હેરાનગતીનો પાર નથી રહેતો. ઘડીકમાં શુક્ર તરફ નજર જાય છે; એટલામાં ચંદ્ર પોતાના આંકડા વતી ખેંચીને નજર પોતાના તરફ લઇ જાય છે. ઘરડો કૃષ્ણ ચંદ્ર કયો અને ઊજળો બાળ ચંદ્ર કયો એની શોધમાં પડયા હોઇએ, એટલામાં જાણે ભારે અવિવેક થયો હોય એવા પશ્ચાત્તાપથી નજર ગુરુ મહારાજ તરફ દોડે છે અને એમની સેવામાં ચોંટે છે. શુક્ર અને ચંદ્ર આગળ ગુરુનું તેજ તો ફિકકું હોય છે; પણ તે જ કારણે એનું મુરબ્બીપણું, એનું પીઢપણું વધારે વ્યક્ત થાય છે. ચંદ્ર અને શુક્રના તેજને લીધે ગુરુનો તેજોવધ નથી થતો. કોઈ ઘરડો વીર યુવાનોને ઊછેરી મોટા કરતો હોય અને પછી એ યુવાનો વૃદ્ધથી હવે ન થઇ શકે એવી પરાક્રમની કૃતિઓ કરી બતાવંતા હોય ત્યારે એ ભોંઠો નથી પડતો, પણ એક જાતની કૃતાર્થતા અનુભવે છે. એના જમાનામાં એણે બધું કરી બતાવ્યું છે અને વિજયનું શ્રીફળ મેળવ્યું છે. હવે એના શિષ્યો પરાક્રમ બતાવતા હોય ત્યારે એને આનંદ જ થાય ને? હવે એ અખાડામાં હરીફ તરીકે નથી ઊતરતો, પણ કુશળ પરીક્ષક તરીકે, જૂના જાણકાર તરીકે તટસ્થ રહીને નિહાળે છે. ગુરુના તેજમાં એ તટસ્થ નજરની પ્રસન્નતા હોય છે, એટલે મુરબ્બીપણું એનું જ.

અને આકાશમાં ગુરુ પોતાનું સ્થાન ઝટઝટ નથી ફેરવતો. શુક્ર તો ઊંચોનીચો થયાં જ કરે છે, અને ચંદ્રને તો રોજ એકએક ઘરની પરોણાગત લેવાની હોય છે એટલે વરરાજાની પેઠે—અથવા સાચું કહીએ તો માનપત્રો લેવા ફરતા રાષ્ટ્રપતિની પેઠે એ જતો હોય છે. બીજને દિવસે શુક્ર અને ગુરુ સાથે ચંદ્રે કાટખૂણો કર્યો હતો, પણ ત્રીજને દિવસે એ બધું બદલાયું. આ કર્ણું ખેંચેલા ધનુષ્યમાંથી તેજસ્વી બાણ છૂટે તેવી રીતે ચંદ્રથી દૂર પશ્ચિમ તરફ ચળકતો સૂર્ય દેખાતો હતો. જાણે પશ્ચિમમાં કોઇ અસુર અલોપ થયો છે એની પાછળ જ એ બાણ દોડતું ન હોય! પણ આ કલ્પનામાં ભૂલ છે. શુક્ર બાણ બને તો યે એ અસુરોનો ગોર અસુરોનો ઘાત કરવા પ્રવૃત્ત ન થાય. પણ એવા કલ્પનાના ગોટાળા પુરાણકારોએ હમેશાં કર્યાં છે; માટે ગુનેગાર હોઇએ તો યે એમાં પુરાણકારોના અનુયાયી જ છીએ. કૃષ્ણચંદ્રે પોતે જ નથી કહ્યું કે 'પૂર્વજોએ કરેલું કર્મ મેં કરજે!'

પણ હવે તો સવાર થઈ. વાજિની વતી ઉષા કહે છે, હવે ઊઠો, કામે વળગો. પણ હંસ લોભી નજરે કહે છે, તમારા દર્શનમાં મારી હાજરી પૂરીને જ ઊઠોને! અભિજિત કહે છે 'ત્યાં શ્રવણ છે એની પણ નોંધ લેતા જાઓ. અને સારણ કહે છે કે કલાક પહેલાં યમુના અને યામમત્સ્ય દેખાતા હતા તેમનો પણ નામોચ્ચાર કરો એટલે જૂનું ઊધરાણું રહે નહિ.

બીની વાદળી સ્લેટ પરના દાખલાઓ ભૂંસી નાખતી હોય તેમ નવજલભીનાં વાદળાંઓ નીલ આકાશ પર દોડતાંદોડતાં કહે છે હવે રાતનો ખેલ ખલાસ. દિનકર સવિતાનારાયણનું સ્વાગત કરવાને, એનું ઉપસ્થાન ગાવાને તૈયાર થાઓ; હાથમાં અર્ધ્ય લો; એ ભગવાન આવે છે. પૂર્વ દિશાના મુખ પરની લાવણ્યછબી જોયા પછી ભગવાનનાં દર્શન થયાં જ સમજવું જોઇએ.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

રીંછ વરૂ



રૂસ દેશમાં એક ખેડુત રહેતો હતો. એને જોડા બનાવવા માટે ઝાડની છાલ જોઇતી હતી. તે મેળવવા માટે એ જંગલમાં ગયો. ઘણાં ઝાડ પરથી છાલ ઊખેડી એણે તો છાલનો મોટો ઢગલો કર્યો. આ કામ કરતો હતો તેવામાં તેણે દૂરથી એક રીંછ આવતું જોયું, એટલે ગભરાઇને સંતાવાની જગ્યા શોધવા લાગ્યો. છાલનો ઢગલો પાસે જ પડ્યો હતો, એટલે એની નીચે તે સંતાઇ ગયો.

રીંછ તો પાસે આવી પેલો ઢગ જોઇને મનમાં કહે છે, 'અહીંઆ આટલી બધી છાલ શા કામ માટે ભેગી કરી હશે? ગમે તે હોય; પણ જરા આરામ લેવા માટે આ જગ્યા ઠીક છે.' આમ વિચારી એ તો ત્યાં ઢગ આગળ બેઠું.

થોડીક વારે એક વરૂ ત્યાંથી દોડતુંદોડતું નીકળ્યું. રીંછે તેને કહ્યું, 'કાં દોસ્ત, આમ ઉતાવળો ઉતાવળો ક્યાં ચાલ્યો? આવ, બેસ તો ખરો; જરા વાતો કરીએ.' એટલે વરૂ પણ પેલા ઢગ પાસે બેઠું અને રીંછને કહેવા લાગ્યું 'હું તો પેલા ખેડુતને ત્યાંથી એક ઘેટું ચોરી લાવવા જતો હતો.'

'એ તો બહુ સારી વાત.' રીંછે કહ્યું. 'હું પણ ચાલ તારી સાથે આવીશ ને તેને ત્યાંથી મધમાખીનો એક પૂડો ઉડાવી લાવીશ. પછી આપણે મજેદાર ભોજન કરીશું.'

એવામાં પાસેની ઝાડીમાંથી એક સસલાએ ડોકું કાઢ્યું. રીંછે તેને જોઇને બોલાવ્યું, 'અરે ભાઇ, અહીં આવજે; આપણે જરા વાતો કરીએ.'

'નારે, ભાઇ, હું તો બહુ કામમાં છું.' સસલાએ જવાબ દીધો. 'મારે તો પેલા ખેડુતની વાડીમાંથી કોબીનો એક ગોટો ઉઠાવી લાવવો છે.'

રીંછ કહે, 'વાહ; તું પણ ત્યાં જ જવાનો છે કે? ત્યારે તો તું તે કોબી લઇને અહીં જ આવજે. હું પણ ત્યાંથી મધ લઇ આવવાનો છું ને આ વરૂ એક ઘેટું લાવશે. પછી આપણે બધા સાથે મળીને નાસ્તો કરીશું.'

આમ મનસૂબો કરી ત્રણે જણ પોતાનું કામ કરી લેવા ત્યાંથી નીકળ્યા. વરૂ ઘેટું લેવા ખેડુતના ઘર તરફ ગયું, રીંછ મધ લેવા માટે ફળોના માંડવા તરફ ચાલ્યું અને સસલું કોબી લેવા સારૂ વાડીમાં પેઠું.

છાલના ઢગલા નીચે સંતાએલા ખેડુતે આ જનાવરોની બધી વાત સાંભળી હતી; એટલે તે ચોર પરોણાઓ પોતાને ઘેર પધારે તે અગાઉ તે ટૂંકા રસ્તે પોતાના ઘર તરફ દોડ્યો. ઘેર પહોંચીને તરત પોતાની

બેન

હું રે બનું બેન, સૂરજનો ઘોડલો,
ચાંદાની હરણી તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઇ.

હું રે બનું બેન વાડીનો મોરલો,
આંબાની કોયલ તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઇ.

હું રે બનું બેન મીઠો શો મોગરો,
મીઠી ચમેલડી તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઈ.

હું રે બનું બેન બાપાનો ડગલો,
બાપાની લાકડી તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઇ.

હું રે બનું બેન બાનો ઘડૂલો,
બાની ઇંઢોણી તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઈ.

હું રે બનું બેન ગાંધીનો રેંટિયો,
ગાંધીની પીંજણ તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઇ.

હું રે બનું બેન બાપાનો લાડકો,
બાપાની લાડકી તું થા રે બેન!
તું મારી બેન ને હું તારો ભાઇ.

૪-૧૨-૩૧

સુન્દરમ્

ને સસલું



સ્ત્રીને બોલાવી કહ્યું, 'જલદી એક હાંડલી ભરી પાણી ચૂલા પર મૂકી દે. આજે મહેમાન આવવાના છે તેને માટે અગત્યની તૈયારી કરવી છે.'

થોડી જ વારમાં ખેડૂતે વરૂને પોતાના ઘર તરફ લપાતું છુપાતું આવતું જોયું. તેને જોઇને તરત તેણે પોતાની સ્ત્રીને હાંક મારી, 'અલી એ, જલદી ગરમ પાણી લાવજે.' તેની સ્ત્રી તરત જ ગરમ પાણી લઇ આવી અને જેવું પેલું વરૂ વાડીના દરવાજામાં પેઠું કે ખેડૂતે ગરમગરમ ખળખળતું પાણી તેની પીઠ ઉપર રેડી દીધું. વરૂ તો બિચારૂં ચીસ પાડતું ત્યાંથી નાઠું. એ દોડતું જાય તેમ અગન બળે; એટલે જરા અટકી પોતાની દાઝેલી ચામડી ચાટે ને વળી પાછું દોડે.

પેલો ખેડુત તો પાછો ટૂંકે રસ્તે પેલા છાલના ઢગલા આગળ દોડ્યો ને જનાવરો પાછાં ત્યાં આવીને શું કરે છે તે જોવા તે ત્યાં ભરાઇને બેઠો.

પહેલાં રીંછ મધ લઇને આવ્યું. પછી કોબી લઇને સસલું આવ્યું ને બંને વરૂના આવવાની રાહ જોતા વાતો કરતા બેઠા. એટલામાં વરૂ દોડતુંદોડતું આવ્યું ને પછી ઊભું રહીને પોતાની દાઝેલી ચામડી ચાટવા લાગ્યું.

'કેમ ભાઈ, તમારૂં ઘેટું ક્યાં છે?' રીંછે પૂછ્યું.

'અરે ભાઇ, ઘેટાની વાત જવા દોને! એ ખેડુતની વાડી તો ભારે આફતભરેલી છે. તેમાં જ્યારે ખેડુત બૂમ પાડે કે 'અલી એ ગરમ પાણી લાવ' ત્યારે તો આપણું પ્રાણીઓનું મોત જ આવ્યું સમજવું.'

ખેડુત ઢગલા પાછળ છૂપાઇને આ બધું સાંભળતો હતો, એણે હવે ત્યાંથી બૂમ પાડી, 'અલી એ, ગરમ પાણી લાવ.'

આ બૂમ સાંભળતાં જ જનાવરો એવાં તો ભડક્યાં કે ચોરેલો માલ પણ ત્યાં જ મૂકીને નાઠાં.

અને ખેડુત એ બલા પતાવીને પછી નીરાંતે પોતાનું મધ, કોબી અને પોતાને જોઇએ એટલી ઝાડની છાલ લઇને ઘેર ગયો.

(રશિયન વાર્તા ઉપરથી) ફ્રેની દલાલ



ભાગ·બાળવિભાગ·બાળવિભાગ·બાળવિભાગ·બા

ભાઇ

હું રે બનું ભાઈ, આકાશે વીજળી,
આકાશે મેહુલો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

હું રે બનું ભાઇ, દરિયે માછલડી,
દરિયાનો બેટડો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

હું રે બનું ભાઇ, લીલી લીમલડી,
લેલુંબ વડલો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

હું રે બનું ભાઇ તુળસીની માંજર,
તુળસીનો ક્યારો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

હું રે બનું ભાઇ, દાદાની દાબડી,
દાદાનો હુક્કો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

હું રે બનું બેન ગાંધીની તકલી,
ગાંધીનો ફાળકો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

હું રે બનું ભાઇ બાની બચૂડી,
બાનો બચૂડો તું થા રે ભાઇ,
તું મારો ભાઇ ને હું તારી બેન.

૫-૧૨-૩૧ સુન્દરમ્

સારનાથમાં મૂલ ગંધકુટિ વિહારની સ્થાપના



श्री अनागारिक धर्मपाल

પૃથ્વીતલ પર અનેકવિધ પરિવર્તનો થતાં રહે છે. બાહ્ય રૂપાંતરો એ સૃષ્ટિનો સામાન્ય ક્રમ છે. પણ તેની પાછળ એકરૂપતા અને સનાતન સત્ય અખંડ દર્શન દે છે. આજે છેલ્લાં ૨૪૫૯ વર્ષમાં પૃથ્વીની સપાટી પર અનેક સંસ્કૃતિઓનાં રૂપો બદલાયાં. ધર્માંધ મદાંધોએ અજ્ઞાનવશ પોતાની માન્યતાથી ભિન્ન જણાતા ધર્મને નાબૂદ કરવા ઘણાઘણા પ્રયત્નો કર્યા. છતાં સનાતન સત્ય તો હજી અખંડ રૂપે પ્રકાશે છે જ.

આ જ સ્થિતિ સારનાથના ઇતિહાસ પરત્વે છે. આજે સાડી સુડતાલીસ કરોડ માનવજાતિનું એ યાત્રાધામ પાછું પોતાના ગૌરવને પ્રાપ્ત થવા પામ્યું છે.


લગભગ ૧૮ સૈકાઓ પછી ગઇ તા. ૧૧-૧૨-૧૩મી નવેમ્બર ૧૯૩૧એ સારનાથમાં બૌદ્ધ ધર્માનુયાયીઓનું એક આંતરરાષ્ટ્રીય વિરાટ સંમેલન ભરાએલું. આ માંગલિક પ્રસંગે 'મૂલ ગંધકુટિ વિહાર'ની પ્રાણપ્રતિષ્ઠા અને મહાબોધિ વૃક્ષારોપણ ક્રિયા સંપાદન કરવામાં આવેલાં. આ પવિત્ર સમારંભમાં સમસ્ત ભૂમંડળના બૌદ્ધ પ્રતિનિધિઓ એકત્ર થએલા. ભારતની લબ્ધપ્રતિષ્ઠ વ્યક્તિઓએ પણ એ વખતે સારા પ્રમાણમાં હાજરી આપેલી. આખાયે સમારંભમાં માનવ હૃદયની કોમલ ભાવના અને ભગવાન તથાગતના અવતારકાર્યનાં પ્રત્યક્ષ દર્શન થતાં હતાં.

ભગવાન બુદ્ધદેવે મહાબોધિ વૃક્ષ તળે દિવ્ય પ્રકાશ પ્રાપ્ત કરી સૌથી પ્રથમ સારનાથમાં પધારી જગતને અનેરો ઉપદેશ આપ્યો. તેમનું તત્કાલીન નિવાસસ્થાન 'ગંધકુટિ' નામે સંબોધાતું એવો શિલાલેખ છે. તેને આધારે આ વિહારનું નામ મૂલ ગંધકુટિ વિહાર યોજવામાં આવ્યું છે. આ વિહારનો પાયો સૌથી પ્રથમ સીલોનનિવાસી અનાગારિક દેવમિત ધર્મપાલના હૃદયમાં ૧૯૦૪માં નખાયો. આ સદ્‌ગૃહસ્થ ૧૮૯૧ના જાન્યુઆરીની ૨૨મીએ એક જાપાની સંન્યાસી જોડે સારનાથના દર્શને આવેલા. એ વેળા તેમણે ત્યાં ધાર્મિકસ્તૂપ અને સૂવર પાળનાર અસ્પૃશ્ય જાતિ સિવાય બીજું કંઈ ન જોયું. આ દુર્દશાથી તેમના કોમળ હૃદયમાં આઘાત થયો ને ગયાજી જઇને ૧૮૯૨માં બૌદ્ધ ધર્મોદ્ધાર માટે જીવનવ્રત લઈ ભગવાન બુદ્ધદેવના શરણે સમગ્ર જીવન અર્પ્યું. તે જ વર્ષે એમણે મહાબોધિ સોસાએટીની સ્થાપના કરી. ૧૯૧૪માં સારનાથમાં મહાબોધિ ફ્રી સ્કુલનો પ્રારંભ કર્યો. ૧૯૧૫માં હોનોલૂલૂ દ્વીપ નિવાસી શ્રીમતી મેરી ફોસ્ટરને વિહાર માટે એક સારી રકમ દાન આપવા લખ્યું. આ પ્રમાણે ફંડની શરૂઆત થઇ અને ૧૯૨૨માં વિહારનું કામ શરૂ થયું. થોડો વખત કામ બંધ રહ્યું, પણ આખરે ૧૯૩૧ના જુલાઇમાં મંદિર સર્વથા તૈયાર થયું. આ વિહાર માટે જુદાજુદા દેશવાસી બૌદ્ધોએ સારો ફાળો આપ્યો છે. આ પ્રમાણે મહારાજા કનિષ્ક પછી આવી બૃહદ્ પરિષદ એકત્ર મળવાનું શ્રેય મહાબોધિ સોસાએટીના સંસ્થાપક અનાગારિક દેવમિત ધર્મપાલના શુભ પ્રયત્નોને જ છે.

સમારંભના પહેલે દિવસે ભગવાન તથાગતના ભસ્માવશેષનો સ્થાપનવિધિ, સરઘસ અને મંદિર ઉદ્‌ઘાટનક્રિયા મુખ્ય હતાં. આખું વાતાવરણ 'સાધુ સાધુ'ના ગુંજારવ તથા ધૂપગંધની મહેકથી સ્વર્ગીય બની રહ્યું હતું. અસલ ભસ્માવશેષને હાથી પર સરઘસમાં પવિત્રપણે ફેરવી વિહારમાં પધરાવવામાં આવ્યા. આખા યે સરઘસે ભાવપૂર્વક ત્રણ વખત મૂલ ગંધકુટિ વિહારની પ્રદક્ષિણા કરી.

આ ભસ્માવશેષ દયારામ સાહાની હિંદના વાઈસરૉય તરફથી ભેટ લઇને આવ્યા હતા. તેમણે આ અવશિષ્ટાંશ અર્પણ કરતી વખતે તેનો ઇતિહાસ રજુ કર્યો હતો. આ ભસ્માવશેષ ભગવાન બુદ્ધના અસલ અવશિષ્ટાંશના કરવામાં આવેલા આઠ ભાગમાંનો અષ્ટમાંશ છે. તે તક્ષશિલામાં આવેલા ધર્મશક્તિ સ્તૂપ પાસેનાં મંદિરોના ટેકરાઓમાંથી મળી આવ્યાં છે. આમાં ભગવાન બુદ્ધનાં ફૂલ અને ભસ્મ અસલ સોનાની ડાબડીમાં મૂળ રૂપમાં સંઘરી રાખવામાં આવ્યાં છે. ભસ્મમાં અસ્થિના નાના નાના કટકા પણ છે. આ અસલ સોનેરી ડાબડીના રક્ષણાર્થે એક ચાંદીનો સુંદર કોતરકામ કરેલો ડાબડો હતો, અને તેનું રક્ષણ કરવા એક પથ્થરની પેટીમાં તેને બંધ કરવામાં આવેલો; પણ સૈકાઓ થયાં જમીનમાં દટાઇ રહેવાથી પથ્થરની પેટી અને ચાંદીનો ડાબડો ભાંગી ગયાં છે.

અસલ અવશિષ્ટાંશના ચાર ભાગ પાડવામાં આવેલા. તે ભાગો જુદાજુદા સ્તૂપોમાં પવિત્રપણે સ્થાપિત કરવામાં આવેલા. સમ્રાટ અશોકે આ બધા ભાગોને જુદાજુદા સ્તૂપોમાં પરિવર્તિત પણ કરેલા. સૌથી છેલ્લા મહારાજા કનિષ્કે કેટલાક સ્તૂપો ખોદાવી ભસ્માવશેષોને નવીન સંસ્કાર કરાવેલા. અસલ ભાંગેલા ચાંદીના ડાબડા ઉપર ખરોષ્ટ્રી લિપિમાં લેખ છે કે: 'સન ૧૩૬ની



મૂલ ગંધકુટિ વિહાર : સારનાથ

આષાઢી પૂર્ણિમાએ બૅકટ્રીઆના ઉરસ્ક નામના બૌદ્ધ ભિક્ષુકે કનિષ્કની મંગળ કામના અર્થે બોધિસત્ત્વ મંદિરમાં આ અવશેષની સ્થાપના કરી '

સમારંભના બીજે દિવસે મહાબોધિ વૃક્ષારોપણની માંગલિક ક્રિયા કરવામાં આવી હતી. આ મહાબોધિ વૃક્ષશાખા અનુરાધાપુર (લંકા) થી લાવવામાં આવી હતી. વાલીવમાં આ શાખા નહિ, પણ મૂળ બોધિવૃક્ષના બીજમાંથી જ ઉત્પન્ન થએલ એક બાળ બોધિવૃક્ષ છે. મૂળ બોધિવૃક્ષ સેંકડો ફીટ ઊંચું અને વિશાળ હતું. તે કયારે પણ કરમાતું નહિ. અશોકે તેની જમણી શાખા પોતાના રાજ્યના અઢારમા વર્ષે સિંહલદ્વીપમાં લઈ જઈ રોપી અશોકના પુત્ર મહેન્દ્રે પણ ગયાના મૂળ બોધિવૃક્ષના બીજમાંથી ઉત્પન્ન થએલા છોડને લઇ જઈ સિંહલદ્વીપમાં વાવેલો. તેની વંશપરંપરા હજુ સુધી ચાલુ છે. તેનો જ છોડ આ સમારંભ પ્રસંગે લાવી મૂળ ગંધકુટિ વિહારની બાજુમાં રોપવામાં આવ્યો છે. આ વૃક્ષારોપણ પ્રસંગે બૌદ્ધ શ્રદ્ધાળુઓએ 'જયમંગળ ગાથા' ગાઈ આખાયે વાતાવરણને મંગળમય બનાવી મૂકયું હતું.

ત્રીજે દિવસે બૌદ્ધધર્મ પરિષદમાં મહત્ત્વપૂર્ણ ચર્ચા થએલી. આ પ્રસંગે બૌદ્ધ વિશ્વવિદ્યાલય સ્થાપન કરવા માટે પણ યોગ્ય વિચારણા કરવામાં આવેલી કે જેથી બૌદ્ધ ધર્મોધારણનું કામ સુગમતાથી સાધી શકાય.

આ આંતરરાષ્ટ્રીય સમારંભમાં પંડિત જવાહરલાલજીએ હાજરી આપેલી અને મહાસભા તરફથી એક નાનો સરખો સોના અને ચાંદીનો નીલમરંગ જડિત ત્રિરંગી રાષ્ટ્રધ્વજ ભેટ આપ્યો હતો અને પોતાના ભાષણમાં અહિંસાધર્મ રાષ્ટ્રધર્મ હોવાની ખાત્રી આપી હતી.

આ માંગલિક પ્રસંગે બૌદ્ધ ચિત્રો, ગ્રંથો અને મૂર્તિઓનું એક અત્યંત મહત્ત્વપૂર્ણ અને અલભ્ય પ્રાચીન વસ્તુઓનું પ્રદર્શન ભરવામાં આવેલું. આટલું વિશાળ અને પુરાતત્ત્વપૂર્ણ પ્રદર્શન થવું આવા સમારંભમાં જ સંભવિત હોઇ શકે.

આ પ્રસંગે હિંદ બહારથી આવેલાં બૌદ્ધ સ્ત્રીપુરુષોને આ ભગ્નાવશેષો, મૂર્તિઓ, મંદિરો વગેરે જોઇ અને ગાઈડ દ્વારા તેના ધ્વંસની કથા સાંભળી અત્યંત આઘાત થયો હતો. અને ધ્રૂસકેધ્રૂસકે રડતાં હતાં.

૮૦૦ વર્ષ પહેલાં ૧૧૯૪માં મહમ્મદ ઘોરીએ સારનાથના બૌદ્ધ મઠ અને મંદિરોનો નાશ કર્યો ત્યારથી તેનાં ખંડેરો પૃથ્વીમાં દટાયાં પડયાં હતાં. બ્રિટિશ સરકારના પુરાતત્ત્વ વિભાગ તરફથી સૌથી પ્રથમ ૧૮૭૨માં એનું ખોદકામ શરૂ થયું અને ત્યારથી જુદેજુદે વખતે કેટલાક સ્તૂપો વગેરે ખોદી તેમાંથી ઐતિહાસિક વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

મહારાજા કનિષ્ક પછી આ પહેલો જ પ્રસંગ છે કે જયારે મહાયાન અને હીનયાન બૌદ્ધ ધર્માનુયાયીઓ સમગ્ર ભૂમંડળમાંથી આવી બૌદ્ધ ધર્મોદ્ધારણની વિચારણા કરે છે. સિલોન નિવાસી સંસ્કૃતિપ્રિય અનાગારિક ધર્મપાલ હવે જીવનને કિનારે પહોંચ્યા છે. તેમણે ૪૦ વર્ષની મહાન તપશ્ચર્યા પછી પોતાનો જીવનોદ્દેશ સફળ કર્યો. આજે ભારતવર્ષના ધર્મપ્રાણ નવયુવાનોનો ધર્મ હાકલ આપે છે કે એશિયાના ધર્મસમ્રાટના કાર્યને પાછું હાથ ધરો અને વિશ્વમાં વિજયનો ડંકો બજાવી યુગો થયાં લોહીથી ખરડાએલી માતૃભૂમિને પવિત્ર અને વિશ્વકલ્યાણમયી બનાવો. આપણા યુગપુરુષે આ મંત્ર ફૂંકયો છે તેનો અહિર્નિશ જાપ જપો. **જેઠાલાલ જોશી**

ઊંઘ આણવાનો કીમિયો

મારા એક મિત્રને અનિદ્રાનો રોગ હોવાથી રાત્રે બીલકુલ ઊંઘ આવતી નહિ. તેમણે મને આ વાત કરી ત્યારે મેં તેમને કહ્યું, 'ભલા ત્યારે તમે પરીક્ષામાં શા માટે બેસતા નથી ? ઘસઘસાટ ઊંઘ લાવવાને માટે પરીક્ષા જેવો બીજો એકે રામબાણ ઇલાજ નથી !' તેમણે મારી સલાહ માની. પરીક્ષામાં તો જોકે તે નાપાસ થયા; પણ ઉપાયે આબાદ કામ કર્યું. કૉલેજ છોડયા પછી એમણે કદી નહિ લીધી હોય તેવી ઘસઘસાટ ઊંઘ એમને પરીક્ષાને એ પ્રભાવે પ્રાપ્ત થઇ. હમણાં ફરી પાછી ઊંઘની મુશ્કેલી તેમને ઊભી થઇ છે. ગઈ કાલે હૉટેલમાં મને મળ્યા ત્યારે તે કહેતા હતા કે અનિદ્રાની શરૂઆત થવા લાગી છે એટલે હવે હું પાછો હિસાબી વિષયની પરીક્ષા આપવાનો છું!

આમ પરીક્ષા એ ઊંઘાકર્ષક ચુંબક છે. કોઇ પણ વખતે તમને ન આવે એવી ઘસઘસાટ ઊંઘ પરીક્ષા વખતે જરૂર આવીને હાજર થાય છે! એના પંજામાંથી છૂટવા માટે ઘણા જણ અનેકવિધ યુક્તિઓ રચે છે. ખીંટી સાથે ચોટલી બાંધી વાંચવાનો અને ઉપરા-

ઉપર સ્ટ્રૉંગ ચાના કપ પીવાનો ઇલાજ તો જાણીતો છે. કેટલાક બહાદુર માણસો છીંકણીની અજમાયશ કરે છે. કેટલાક દર પા પા કલાકે મોઢું ધોવા કરીને જાગવાનો પ્રયત્ન કરે છે. એક વાર પરીક્ષા વખતે એક મિત્ર સાથે મેં શરત કરી (અલબત્ત, એવા ઇરાદાથી જ કે રૂપિયા ખોવાની ચિંતામાં હું જાગી શકીશ.) કે તે રાતે હું એક વાગ્યા પહેલાં ઊંઘી જાઉં તો મારે તેને બે રૂપિયા આપવા. પણ એ તો પરીક્ષા વખતની ઊંઘ! ખેદની વાત છે કે તેમાં હું નાસીપાસ થયો!

બીજી યુક્તિ ઍલાર્મની છે. પણ તેથી તો વહેલા સૂવા ઇચ્છનારને ફક્ત બહાનું જ મળે છે. આડે દહાડે હું રાતના બાર વાગ્યા સુધી ગપાટા મારું, પણ પરીક્ષાની મોસમમાં મારા શરીર ઉપર ઊંઘનું આક્રમણ બરાબર ૯ વાગ્યે થતું. જેમતેમ કરીને ૧૦ વાગ્યા સુધી તો હું તેની સાથે ટક્કર લેતો પણ પછી હું મહાત થતો ને ઍલાર્મ મૂકીને સૂઇ જતો. પણ પરોઢિયે ચાર વાગ્યે ઍલાર્મ વાગતો ત્યારે જાગીને હું તેને ૭ ઉપર મૂકી પાછો સૂઇ જતો!

મારી જાણનો એક છોકરો છે. જાગવાને માટે રાત્રે ૧થી ૩ વાગ્યા સુધી તે કિંડરગાર્ટનના મનોયત્નો કરતો! પણ પરિણામ એ આવતું કે તેના જ શ્રમથી તેની ઊંઘ ઊલટી વધતી અને બળતી બત્તીએ અને હાથમાં ચોપડી રાખીને ભાઇસાહેબ નિદ્રાધીન થતા.

પરીક્ષા વખતની ઊંઘ ઉડાડવાને માટે જિજ્ઞાસુઓના હિતાર્થે અહીં હું કેટલીક સૂચનાઓ રજુ કરું છું.

૧ કાળીમાતા અથવા બીજા કોઇ હાજરાહજુર દેવદેવી—જેના ત્રાસથી તમે કંપતા હો તેમની આણ રાખીને પ્રતિજ્ઞા લ્યો કે અમુક વખતને માટે એક, બે કે ગમે તેટલા વાગ્યા સુધી હું જાગીશ જ જાગીશ.

૨ તમારી ડોકે લાહોરવાળા સુપ્રસિદ્ધ હરિશિકેશતસિંગનું ચમત્કારિક માદળિયું બાંધો. પરીક્ષાની ઊંઘ ઉડાડીને પાસ કરાવવાની તેમાં દૈવી શક્તિ છે.

૩ લાઉડ સ્પીકર સહિત રેડિયોનું યંત્ર ખરીદો. તમને ઊંઘના ભણકાર સંભળાય તેવો જ હળવેક લઇને તમારો કાન લાઉડ સ્પીકર પાસે લાવવો. તેની અસર તાત્કાલિક થશે. સંભવ છે કે તમે બહેરા થઈ જાઓ; પણ માણસાના વૈદરાજ શિવશંકર શર્મા ફક્ત ૧૦ રૂપિયા લઇને બહેરાપણું મટાડે છે. પછી શી ફિકર છે?

૪ પેટમાં ચૂંક આવ્યા કરે એવું કરો. તેથી વહાણું વાતાં સુધી તમે સહેલાઇથી જાગી શકશો. મુંબઈ અમદાવાદમાં તો થોડા જ આનામાં સરસ મજાનો પેટનો દુખાવો પ્રાપ્ત થઇ શકે છે. તમે ચેવડો જરૂર ખાઓ. ઉપરાંત તાજો નહિ ખાવાનો નિયમ કરો. તમારે બહુ ચિકાશ કરવાની જરૂર નથી. વિશ્વાસે વહાણ ચાલે છે. ચેવડો તળાઇને બહાર પડે અને તે તમારા મોઢામાં આવે તે બેની વચ્ચે પંદર દિવસનો ગાળો હોય તો બસ! કવખતે જશો તો જોઇતો માલ નહિ મળે. હૉટેલના નોકરને કહી દેવું કે પંદર દિવસ પહેલાંનો ચેવડો હશે તો જ ચાલશે. પહેલાં તો તે મૂર્ખની માફક હસશે. પણ તે બીચારાને તમારા ઉચ્ચ આશયની ક્યાંથી ખબર હોય? ઘેર પણ પેટનો દુખાવો પ્રાપ્ત થઈ શકે છે. મારાં જમના ફઈબા આ બાબતાં ઉસ્તાદ છે. તેમની જરા ખુશામત કરો તો જરૂર તમારી વહારે ધાય. તે અમુક અમુક વાનીઓ એવી બનાવી આપે કે હું છાતી ઠોકીને કહું છું કે તમે તે આરોગો કે પેટમાં દુખ્યા વિના રહે જ નહિ?

૫ મગફળીના તેલમાં તળેલાં ભજીઆં અને સાથે મરચાંની ધમધમાટ ચટણી રાત્રે એક વાગ્યે ખાવી; અને જુઓ કે ઇષ્ટ પરિણામ આવે છે કે નહિ?

૬ એવી ગોઠવણ કરો કે રાત્રે ૧૧ વાગ્યા પછી ઘરનાં કોઇ વૃદ્ધ કાળજીવાળાં ડોશીમા અર્ધાઅર્ધા કલાકને અંતરે તમારા અભ્યાસગૃહમાં મુલાકાત આપે. એટલું ખરું કે તેમની જીભ સજાવેલી તલવાર જેવી હોવી જોઇએ. તે આવીઆવીને તમારી ખબર કાઢી જાય: 'કેમ ચાલે છે? બરાબર ગોખજે.' તમને જાગતા રાખવાને માટે ડોશીમાએ પોતાની પાસેના બધા ઉપાય અજમાવવા જોઇએ. તેમણે કહેવું કે 'આ પ્રમાણે વહેલો વહેલો સૂઇ જઈશ તો નાપાસ થઇશ. જોયું, પેલી ધનકોરનો છગન પાસ થઇ ગયો? વગેરે.

આ બધા ઉપાય નિષ્ફળ જાય તેમ છતાં તમે પરીક્ષામાં બેસો તો આટલું તો જરૂર કરજો; વર્તમાનપત્રોમાં એક ચર્ચાપત્ર છપાવજો અને તેમાં જણાવજો કે ઇતિહાસનો પ્રશ્નપત્ર અઘરો હતો અને અંગ્રેજીનો બરાબર ન હતો. ભલે તમે પરીક્ષામાં નાપાસ થાઓ પણ તમારી સાથે સહાનુભૂતિ ધરાવનારા બીજા અવશ્ય મળી આવશે.

(અંગ્રેજી ઉપરથી) શા.ત્રિ.ગાં.

જ્ઞાનલીલા

માગશરની 'જ્ઞાનલીલા'ના મળેલા ઉત્તરોમાંથી બધા ખરા માત્ર ત્રણ જણના છે. તેમાંના જેઓ ગ્રાહક છે તેમને ઇનામ મોકલાશે: (૧) સંચાલક, **શ્રી** નૂતન સાર્વજનિક વ્યાયામ-મંદિર-નડિયાદ (૨) શંભુભાઇ પટેલ-નડિયાદ (૩) ઉમિયાશંકર ઠાકર-આણંદ. ખરા ઉત્તર નીચે મુજબ છે: **(૧) ગણિત-ગમ્મત:** ૪ વર્ષ પછી: હાલની ઉંમર-ચંપા ૪ વર્ષ, મોટી બહેન ૨૮ વર્ષ, બાપની ઉંમર ૫૬ વર્ષ. (૨) અ=૯૮૭૫

(૨) એ શું? (૧) કાનસ (શરીરનાં અવયવો: કાન અને નસ) (૨) સુરત (૩) સો; તેમાં એક અક્ષર 'ળ' ઉમેરવાથી 'સોળ' નાની સંખ્યા બને.

(૩) શબ્દ-ગોઠવણ:

આ	મ	**લ**	ન	લે	શ
મ	ગ	**જ**	લ	ધ	ર
દ	**લ**	**પ**	**ત**	**રા**	**મ**
સુ	ર	**ત**	લ	વા	ર
ગ	ગ	**શ**	જ	હું	સ
પ્ર	લ	**ય**	વ	નિ	કા

(દલ=ફૂલપાંદડી; પત=આબરૂ)

(૪) શોધી કાઢો: (૧) એક હાથ રક્ષક વીરાનો સો કાયર શરમાવે. (૨) નહિ દેહના મોહ, શૂરને નહિ નેહના રોહ (૩) રહો સ્વકાર્યે જ સદા મગ્નત. (૪) આ રાષ્ટ્રનો સબળ હું સુ:માર આત્મ (૫) શૂરાનું છે કામ આજ તો શૂરાનું છે કામ.

(૫) અંક-ચોરસ:

૪૧	૨૩	૧૦	૫૬
૨૨	૪૪	૫૩	૧૧
૧૫	૪૯	૪૮	૧૮
૫૨	૧૪	૧૯	૧૫

(૬) ખાલી શબ્દ ચોરસ:

સ	ર	દા	ર
ત	રં	હ	ત
લ	વા	જા	લા
જ	ળ	ગા	મ

(૭) ચિત્ર-પ્રશ્ન:



નીચેના સવાલોના ઉત્તર ૧૫મી એપ્રિલ પહેલાં મળવા જોઇએ.

નવા સવાલ

(૧) ગણિત-ગમ્મત: (૧) સાત ચોરની ટોળીએ નગરશેઠના ઘરમાં ખાતર પાડ્યું. તેમાં બીજી ચીજોની સાથે ચોરોના સરદારના હાથમાં સાચા મોતીનો એક ડાબલો આવ્યો. તે તેના એક સાથી સિવાય બીજા કોઇએ જોએલો નહિ. બીજી બધી ચીજોના ભાગ પડી ગયા પછી તે બંને જણ મોતી વહેંચવા બેઠા તો તેમાં સરખાં ભાગ ન પડતાં એક વધ્યું. આથી તેમણે એક જણને ભેળવવાનો ઇરાદો કરી ત્રણ ભાગ પાડવા માંડ્યા; તો પણ એક મોતી વધ્યું બીજો એક ભેળવી ચાર સરખા ભાગ પાડવા જતાં પણ એક વધવા લાગ્યું, અને પછી પાંચ અને છ ભાગ સરખા પાડતાં પણ એક મોતી તો વધ્યું જ. અંતે સાતે જણને માટે સરખા ભાગ પાડ્યા ત્યારે જ બધાં મોતી સૌને બરોબર વહેંચાઇ રહ્યાં. તો દાબડામાં મોતી કેટલાં હશે? (૨) એક ગૃહસ્થને બે દીકરા છે. પાંચ વરસ પહેલાં તે ગૃહસ્થની ઉંમર મોટા દીકરાની ઉંમર કરતાં પાંચ ગણી હતી અને પાંચ વરસ પછી મોટા દીકરાની ઉંમર નાના દીકરાની ઉંમર કરતાં અઢી ગણી થશે. નાના દીકરાની ઉંમર હાલ પાંચ વર્ષની છે ત્યારે તે ગૃહસ્થની ઉંમર હાલ કેટલાં વર્ષની હશે? **(૨) અંક-ગમ્મત:** બાજુની આકૃતિમાં ગોઠવેલા આંકડા ફરી એવી ખૂબીથી ગોઠવો કે જેથી આડી ઊભી તથા કર્ણરેખા દરેકના ત્રણ આંકડાનો ગુણાકાર ૨૧૬ આવે. (ર. વિ. દ.)

૧	૨	૩
૪	૬	૯
૧૨	૧૮	૩૬

(૩) શબ્દ-ચોરસ: બાજુની આકૃતિમાં નીચેની સૂચના મુજબના પાંચ સાચા શબ્દ ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી આડી કર્ણરેખામાં આપણા એક જાણીતા મુલકનું નામ આવી જશે. (૧) આપણા એક સ્વર્ગસ્થ સાક્ષર (૨) જન્મમરણ વિનાનું (૩) કન્યાઓનું એક વ્રત (૪) એક પરોપકારી ચારણ સરદાર (૫) અંતરેચ્છા.

×	·	·	·	·
·	×	·	·	·
·	·	×	·	·
·	·	·	×	·
·	·	·	·	×

(૪) એ શું? (૧) ત્રણ અક્ષરની ઘરઘરના ઉપયોગની એક ચીજ છે. તેનો શિરચ્છેદ કરવાથી પાછળ ખાવાના ઉપયોગની એક ચીજ વધે છે; તેનું પેટ વાઢવાથી પાછળ દુર્વ્યસનની એક ચીજ વધે છે અને તેનો પગ કાપવાથી બાકી એક રોગ રહે છે; ત્યારે એ ચીજ કઇ? (૨) આકાશ, પર્વત અને પવન: એ ત્રણ શબ્દના સમાન અર્થ સૂચક ત્રણ શબ્દોમાં એના કર્તાનું એક નામ સમાઇ જાય છે; એ કયાં? (૩) એવું કયું પક્ષી છે જેના નામમાં આનંદ તેમજ બોધ બંને છુપાઇ રહે છે?

(૫) શબ્દ-ગોઠવણ: બાજુની આકૃતિમાં નીચેની સૂચના પ્રમાણે બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે ચોકડીથી બતાવેલી વચલી લીટીમાં એક જાણીતી કહેવત તથા પહેલી હારમાં દર્શાવેલા આંકડા મુજબના ક્રમે વાંચવાથી એક મહાપુરુષનું નામ વંચાશે. (૧) એક પ્રાણી (૨) વ્યાકરણનો એક શબ્દ (૩) નિરંતર (૪) નૂતન (૫) પહેરવાની એક ચીજ (૬) સમયનું એક માપ (૭) વિજય.

૫	×	·
·	×	·
૨	×	·
૩	×	·
૧	×	·
૪	×	·
·	×	·

(૬) શબ્દ-ફેરવણી: બાજુની આકૃતિના પ્રથમ ખાનામાં 'મગધ' શબ્દ આપેલો છે. ખાના દીઠ માત્ર એક જ અક્ષર ફેરવી, બાકીના અક્ષરોને તેમનાં મૂળ ખાનામાં રહેવા દઇ નવા શબ્દો રચતા જઇને છેલ્લા ખાનામાં 'ગાન્ધાર' લાવી દો.

મ	ગ	ધ
ગા	ન્ધા	ર

(૭) ચિત્ર-પ્રશ્ન: નિશાનબાજીની રમતમાં બાજુ પ્રમાણે આંકડાવાળું એક ચક્કર તૈયાર કરવામાં આવ્યું હતું. તેના ગમે તે આકડાઓ ઉપર ગમે તેટલા બાર કરીને કુલ ૧૦૦નો સરવાળો મેળવવાની શરત હતી: તમે તે કરી શકશો?






માધુકરી

રંગ્યાં દિશાચિર વિધુની વિશુદ્ધિ રંગે,
અર્ચા પ્રભાની અરચી દિનને દિનેશે;
નવગંધકોશ કંઇ ગંધવતી ઉઘાડે
ઊઘાડીને ઘુંઘટ ગાઓ વસન્ત સખી પધારે.

—કવિ નાનાલાલ



સ્વ. છગનલાલ ગળિયારા

ગુજરાતના દાનવીર

ગુજરાતનાં છાપાંઓએ તો ગળિયારા નામ 'સાહિત્ય પારિતોષિકો' અપાયાં તેથી જ જાણ્યું. પણ રંગુન અને માંડલે તેમજ ગળિયારા કુટુંબના વતન સુરત પાસે આવેલા તાપી કાંઠાના કઠોર ગામનાં દિલ તો એ નામ પર વર્ષોથી ન્યોછાવર થયાં છે; કારણકે એ નામે કઇકની ભૂખ ભાંગી છે, કઇક ભાંગતાને ઊભા રાખ્યા છે, કઇકને સહાય અને ઉત્સાહ આપ્યાં છે.

સખાવતો કરતાં જેમણે પાછું વાળી જોયું નહોતું એવા એ કુટુંબના વડેરા શ્રી છગનલાલ ગળિયારા, સખાવતી કામમાં મોટરનો અકસ્માત થતાં ગઇ (૧૯૩૧ની) સાલના ડિસેમ્બરની બીજી તારીખે ૫૬ વર્ષની ઉમરે અવસાન પામ્યા.

એ સજ્જનવર્યે 'કુમાર'ના અપ્રતિમ સ્નેહી અને મિત્ર તો હતા જ; પણ એમનું સ્મરણ 'કુમાર'ના વાચકો આગળ અહીં એટલા માટે ઉતારીએ છીએ કે આપબળે જગત ખેડીને જિંદગી જોગવનાર, એ માનવ વિભૂતિ જેવા ગૃહસ્થ, બ્રહ્મદેશ અને ગુજરાતની જનતાની એક સુવાસભરી સ્વાર્થત્યાગની મૂર્તિ હતા. માત્ર ૧૩ વર્ષે તેમના પિતા શ્રી વમળચંદ ગળિયારા જોડે વતન છોડી માંડલે ગયા. ૨૧મે વર્ષે તો તેમણે ધંધા-કામકાજ ઉપર સારો કાબુ જમાવી દીધો અને ૧૯૦૧ની સાલમાં તેમના ભાઇઓ સાથે રંગનો વેપાર શરૂ કરી દીધો. જર્મનીની ફારબન ફેઠીકન બાયર કંપનીના તે બર્મા ખાતેના ખાસ એજંટ હતા. ઉમંગ, ઉત્સાહ અને અથાગ મહેનતે તેમણે દ્રવ્ય મેળવી બતાવ્યું તેવું જ ઉદારતાથી વાપરી બતાવ્યું.

તેમનું ઘર તો રાષ્ટ્રીય ઉતારો બન્યું હતું અને તેમનાં ભાવિક પત્ની તથા બાળકો પર દેશભક્તોના આશીર્વાદો વર્ષતા. એવો અતિથિસત્કાર તો કોઇક જ ઠેકાણે હોય

સ્વ. છગનભાઈ કોઇ સંપ્રદાય કે માન્યતાના દાસ નહોતા. તેમનો ઉગ્ર સ્વભાવ અન્યાયમાત્ર જોતાં ઊકળી ઊઠતો. ઢોંગ, વહેમ, જુલમ કે ઠગાઇના તો તે બારમો ચંદ્રમા હતા. તેમના દેશાભિમાને સી આઈ ડી ખાતાને હમેશાં ચિંતામાં રાખ્યું હતું. તેમણે માંડલેમાં ગુજરાતી સેવા સમાજ સ્થાપી હતી અને ત્યાંની ગુજરાતી શાળા માટે પોતાનું મકાન આપી દીધું હતું. એ જ શાળા માટે વધુ ફાળો મેળવવા તેઓ મુસાફરીએ નીકળેલા અને રંગુન પહોંચવાની તકે જ મોટર અકસ્માત થયો, જે જીવલેણ નીવડ્યો.

તેમના અવસાનથી ઘણા ગરીબોની મોટી ઓથ ગઇ છે, તો તેમનાં સુશીલ અને ગભરૂ દિલનાં પત્ની તથા બાળકોને તો તેમનું છત્ર જતાં ખરેખરી વિપત્તિ જણાય તેમાં શું

આશ્ચર્ય! પરમાત્મા એમને સહાય થાઓ અને એ પુનિત આત્માના અંશો તેમનાં બાળકોમાં ફરી પ્રકાશો એવી પ્રાર્થના છે.

સોમા દ કૉરો

સૃષ્ટિની ઉત્પત્તિ વિષે વિવેક કરતાં, ઓગણીસમી શતાબ્દિના વિદ્વાનોને અનેક મહત્ત્વની બાબતોનો આવિષ્કાર થયો. માનવ-જાતિની ઉત્પત્તિ કલ્પ્યા પછી તેના જુદાજુદા સમૂહ પાડવામાં આવ્યા, અને કપાલમાપ, વર્ણ, આચાર, સભ્યતા, ધર્મ વગેરે સાધનોથી તુલના કરતાં સર્વ જાતિઓમાં—માનવજાતિના કલ્પિત સમૂહોમાં 'આર્ય' જાતિને પ્રધાનપદ આપવામાં આવ્યું.

પૃથ્વી—ભૂગોલના પટ પર વિવિધ સ્થળે વેરાએલી આર્ય પ્રજાની ભિન્નભિન્ન ભાષાઓને તથા આર્યેતર વસ્તીની બોલીઓને, ઉચ્ચારણ, વ્યાકરણ આદિના સામ્ય-વૈષમ્યને નજરમાં રાખી કેટલાક યૂથમાં વહેંચી નાખવામાં આવી છે. આર્યોની ભાષામાં, મુખ્ય સંસ્કૃત, ફારસી, લૅટિન, કેલ્ટીક, ટ્યુટૉનિક, સ્લેવૉનિક, લીથો-લેટીશ, આર્મીનિયન, આલ્બીઅનના યૂથને 'ઈન્ડો યુરોપીઅન' કે 'ઈન્ડો જેરમૅનિક' અને ઍસીરીઅન, આર્મી-અન, હીબ્રુ, ફીનીશ્યન, અરબી તથા ઇથીઓપીન યૂથને 'સેમીટિક' કહે છે. એ જ પ્રમાણે ઇતર ભાષાઓના સામ્યથી 'દ્રાવીડિયન', 'બાન્ટુ', 'મૉંગોલીઅન', 'સાઉથ અમેરિકન' વગેરે યૂથો રચાયાં છે. આવા પ્રકારનાં યૂથોમાંના એક 'ટુરાનો-સીથીઅન સ્ટૉક'માંનું 'ટીબેટો-બર્મન' છે. આ યૂથમાં તિબેટ અને બ્રહ્મદેશની પ્રાંતિક ભાષાઓનો સમાવેશ થાય છે.

આ ટિબેટો-બર્મન યૂથ વિષે સૌથી પ્રથમ મહત્ત્વનું લખાણ બ્રાયન હૅડ્જસે સને ૧૮૨૦માં કર્યું હતું એ સમય પહેલાં આ ભાષા વિષે કંઇ પણ જાણવાનું કોઇ સાધન હોય તો તે રોમીશ સંતો(Romish Friars)નાં છૂટાંછવાયાં લખાણો હતાં. વળી કૅપ્યુસીન સાધુઓએ સને ૧૭૧૯ અને ત્યાર પછીનાં વર્ષોમાં લ્હાસામાં વાસ કરેલો. ધીમેધીમે તેમણે તિબેટની ભાષાનો અભ્યાસ કર્યો અને ફ્રાન્સિસ્કો ઑરેજીઓ ડેલ્લા પેન્ના (Francisco Oragio della Penna) તથા કેસીઅન દ મકરેટા (Cassian Di Macerata) નામના બે સાધુઓએ એ વિષે કેટલીક હકીકતો ભેગી કરી. આનો ઉપયોગ ઑગ-સ્ટીન સાધુ ઑા. ઍ. જીઑર્જી (Aug. Ant. Georgi of Rimin 1711--97) એ પોતાના 'આલ્ફાબેટમ્ ટિબેટાનમ્' રોમ, ૧૭૬૨માં કર્યો હતો. તે ઉપરાંત ડેલ્લા પેન્નાની દોરેલી ટિબેટન લિપિને સને ૧૮૨૭માં ઑ ફૉન્ટેરીટાએ કોરી કઢાડી હતી. સને ૧૮૨૦માં એબેલ રીમુસૅટે પોતાના Researches Surles Langves Tartars નામના ગ્રન્થના એક પ્રકરણ-માં તિબેટન ભાષા વિષે કેટલોક ઊહાપોહ કર્યો હતો.

આવા અપૂર્ણ અને છૂટાછવાયા પ્રયત્નો પછી આ ભાષા વિષે અત્યંત મહત્ત્વની શોધખોળ તો ઓગણીસમી શતા-બ્દિના ઉષઃકાલમાં જ થઈ. યુરોપીય વિદ્વાનોને અનુકૂળ એવો ટિબેટન ભાષાનો પ્રથમ શબ્દકોષ સને ૧૮૨૮માં કલકત્તા પાસે સીરામપૂરમાં 'The Dictionary of the Bhotanta or Bhotan Languages' નામનો એક ઇટાલીઅન સાધુ-ની ભેગી કરેલી હકીકતોના આધારે, જી. સ્ક્રોએટરે (Fr. Che. G. Schroeter) પ્રસિદ્ધ કર્યો. પરંતુ યોગ્ય સંપાદન તથા દેખરેખના અભાવે આ ગ્રંથમાં અનેક ભૂલો રહી ગએલી.

પરંતુ સર્વથી પ્રથમ પૂર્ણ ગવેષણાપૂર્વક આ ભાષાનો શાસ્ત્રીય અભ્યાસ કરનાર તો પ્રસિદ્ધ હંગેરિયન પંડિત સર-સ્વતીવરપુત્ર, ભાષાભિજ્ઞ સોમા દ કૉરો હતો. અપૂર્વ ધૈર્ય, અથાગ પરિશ્રમ અને અવ્યાહત અધ્યયન વડે તેણે ટિબેટન ભાષાનો સર્વાંગસુંદર શબ્દકોષ અને પ્રૌઢ બોધ વ્યાકરણ રચ્યાં.

—હરિનારાયણ આચાર્ય

(એ ચરિત્ર 'કુમાર'ના ૯૭મા અંકમાં આવી ગયું.)

હાથીદાંતની કરુણ કહાણી

આફ્રિકામાં ઝાંઝીબાર બેટ છે. નાળીએરીનાં ઝાડ, પર-વાળાનો કિનારો અને સુંદર રંગીત ઘરોવાળા એ બેટનું સૃષ્ટિ-સૌંદર્ય વિખ્યાત છે. આ બેટને અગાઉના જમાનામાં બે બાબતોને લીધે મહત્ત્વ મળ્યું. એક હાથીના દાંત ને બીજી ગુલામ.

દાંતની કુલકથા બહુ જૂની છે. રોમન સામ્રાજ્ય તેની ચડતી કળાએ તે જગતભરનો હાથીદાંત લૂટી ગયું હતું તેના ઘોડા હાથીદાંતનાં પાત્રોમાં ચંદી ખાતા! પોર્ટુગીઝોએ સત્તરમા સૈકાની મધ્યમાં પશ્ચિમ અને પૂર્વ આફ્રિકા જીત્યો ને ત્યાંનો હાથીદાંત લૂંટી લીધો. દક્ષિણ આફ્રિકાના હાથીદાંત પર ડચોએ પણ એવો જ હલ્લો કર્યો. પરંતુ મધ્ય આફ્રિકામાંના હાથી-દાંતના ડુંગર પર હજી કોઇનું લક્ષ ગયું નહોતું; ને ગયું હોય તો તે હાથ કરવો એ કોઇને શકય નહોતું. આ ભાગમાં કેટલો હાથીદાંત હતો એની ગણતરી સુદ્ધાં પણ કોઇ કરી શકતું નહિ. એટલી ત્યાં તેની વિપુલતા હતી. પણ જે કાર્ય બીજાઓને શકય ન થયું તે આરબોએ શકય કરી બતાવ્યું.

આરબોની સવારી પહેલાં ત્યાંના રહેવાસીઓને હાથી-દાંતની કિંમત નહોતી. મલિયાગિરી પર જેમ ચંદનનું બળતણ કરવાની કહેવત છે તેમ ત્યાં આગળ હાથીદાંતની કોઇને કશી કિંમત જ નહોતી આ હાથીદાંતનું શું કરવું એ પણ ત્યાંના લોકોને સમજાતું નહિ જંગલોમાં ઢગલાબંધ હાથીદાંત પડી રહેતો ને તેમાંના તેલિયા પદાર્થ પર હાથ મારવા સારૂ કીડી-મંકોડા જેવાં જીવડાં હલ્લો કરતાં! ત્યાંના વતનીઓ આ હાથી-દાંતના થોડાઘણા દાગીના કરતા ને નાનીનાની વસ્તુઓ સુદ્ધાં બનાવતા; પણ બાકીનો ડુંગર એમનો એમ જ પડી રહેતો. ત્યાં મુખ્ય અધિકારીની કબરની આસપાસ મોટામોટા હાથી-દાંત ઊભા ને ઊભા દાટી દેવામાં આવતા. જનાવરોના તબેલાને હાથીદાંતની વાડો બનાવતા કેટલેક ઠેકાણે ઘરોની ઉપર આપણે જેમ વાંસનો ઉપયોગ કરીએ છીએ તેમ હાથીદાંત વપરાતો. એક ઠેકાણે હાથીદાંતનો દેવાલયમાં થાંભલા જેવો ઉપયોગ કર્યો હતો હાથીદાંતમાંથી યુદ્ધ માટે રણશિંગા પણ બનાવતા.

પહેરવાનાં વલયો, તથા ઝાડોની છાલ કુટવા સારૂ મોગરીઓ તેમાંથી બનાવતા; લાકડાં કાપતી વેળા તેનો ફાચરની જગોએ પણ ઉપયોગ કરતા. આમ આ અજ્ઞાત પ્રદેશમાં હજારો વર્ષોનો હાથીદાંત પડેલો હતો, ત્યાંના લોકોને તેની કિંમત નહોતી ને હાથીને તેના દાંતને માટે મારવાનું તેઓ જાણતા નહોતા.

ઘણા વખત સુધી ઝાંઝીબાર આરબોના તાબામાં રહ્યું, પણ છેક ઓગણીસમા સૈકાની શરૂઆત પર્યંત તેમણે આફ્રિકાના ગર્ભમાં પ્રવેશ કર્યો નહોતો. પણ ઓગણીસમા સૈકાનો આરંભ સાથે આરબોમાં સાહસિક વૃત્તિ પ્રકટી. તેમણે ગુલામ અને હાથીદાંત મેળવવા સારૂ દેશના અંતર્ભાગમાં પ્રવેશ કર્યો. ત્યાંના લોકો પાસેથી તેઓ ખૂબ શાંતિથી એ બંને વસ્તુઓ લઇ આવતા. આરબ લોક પોતાના જેવજેવડા મોટા ટાંડા લઇને જંગલમાં જતા ને પછી સલુકાઇનો સંદેશો મોકલતા. આ આરબોએ હાથીદાંતની ખરીદી બદલ કર આપવાનું કબૂલ કર્યું. તેમજ તેમના પેસવાના પરવાના માટે પણ કર આપવાની શરૂઆત કરી. આ આરબ વેપારીઓ કમરે ખંજર રાખતા; ને તેમની સાથેના લોકો તલવાર ને ભાલાં રાખતા. આ સંરક્ષણને લીધે તેઓ નિર્ભયતાપૂર્વક ગમે ત્યાં પ્રવાસ કરી શકતા. ધીમેધીમે આ આરબો મુખ્યમુખ્ય કેન્દ્રો પર પોતાના બગીચા ને બંગલાઓ બાંધવા લાગ્યા ને કામચલાઉ રાજ્યવ્યવસ્થા પણ સ્થાપી આફ્રિકાના જંગલોની વિષારી (ઝેરી) માખીઓના ત્રાસને લીધે જનાવરો પાસે ગાડીઓ ખેંચાવવાનું બનતું નહિ; તેથી હાથીદાંત વહી જવાનું કામ ગુલામો ઉપર પડતું. આ ગુલામોએ માથા પર હાથીદાંત લઇ જવો ને આવતી વખતે તેના બદલા તરીકે સામાન આણવો એવો કરાર થયો. પરસ્પર સમજણ ને સલુકાઇથી આ વેપાર ચાલુ હતો, પણ એટલામાં યુરોપિયન અને અમેરિકન વેપારીઓની ધાડ ત્યાં આવી ને એથી વેપારનું સ્વરૂપ બદલાયું. આ પાશ્ચાત્ય વેપારીઓની માગણીને લીધે હાથીદાંતની કિંમત ચડવા લાગી ને આરબોને વધુ ને વધુ અંદરના ભાગમાં જઇને સસ્તો તેમજ મોટા પ્રમાણમાં હાથીદાંત લઇ આવવાની જરૂર પડવા લાગી.

ત્યાંના જંગલી લોકોનાં ભાલાં—બરછીના કરતાં બંદુકો વધારે બળવાન હોવાથી ગોરાઓ આફ્રિકન લોકો પાસેથી હાથીદાંત વેચાતો લેવાને બદલે હવે બંદુકોને જોરે લૂંટવા લાગ્યા. તેમણે હાથીદાંતને માટે ગામનાં ગામ લૂંટયાં. બંદુકો તાકીતાકીને બીક બતાવીને લોકો પાસેથી તેમણે હતો તેટલો બધો સંગ્રહ લૂંટી લીધા પછી ત્યાંના જ લોકો પર એ લૂંટેલો માલ બંદર પર પહોંચતો કરવાની બળજબરી કરી. આવી રીતે દુર્બળોનો નિઃપાત કર્યા પછી તેઓ બલિષ્ઠો પાસેથી ખંડણી તરીકે હાથીદાંત લેતા. પણ એટલાથી યે તેમના મનનું સમાધાન થતું નહિ. જયારે તેમનો ઝાંઝીબાર પાછા ફરવાનો વખત આવતો ત્યારે આ સશસ્ત્ર આરબ ટોળીના માણસો વતનીઓના ઘરોને આગ લગાડતા, બીધેલા લોકોને ખૂબ માર મારતા ને ધુમાડાથી તેમજ આગની જ્વાળાઓથી ગૂંગળાઇ ગએલા લોકોના ગળામાં ફાંસા નાખીને ને એક જ રાંગમાં બાંધીને તેમને કિનારા પર લઈ જતા. ને પછી તેમને ઝાંઝીબારમાં લઈ જઇ ગુલામ તરીકે વેચી નાખતા. ગુલામોનો ને હાથીદાંતનો ધંધો આવી રીતે જોરમાં આવ્યાથી આરબોને વિશેષ મહત્વ પ્રાપ્ત થયું. હાથીદાંતની નિકાસ યુરોપ અમેરિકા તરફ વધવા લાગી ને ગુલામોની નિકાસ અરબસ્તાન તેમજ ઇરાનના અખાત તરફ વધવા લાગી.

સ્ટેનલે નામનો પ્રવાસી કહે છે કે, આરબોના તાબાગાંનો હાથીદાંતનો પ્રત્યેક ટુકડો લોહીથી ખરડાએલો કે લોહીમાં બોળાએલો છે. પ્રત્યેક રતલ હાથીદાંતને માટે એકએક પુરુષના, સ્ત્રીના કે બાળકના પ્રાણ લેવાએલા છે; પ્રત્યેક પાંચ રતલને માટે એકએક ઝુંપડી સળગાવેલી છે; પ્રત્યેક દંતૂશળને માટે આખું ગામ સળગાવી મૂકેલું છે, ને વીશ દંતૂશળને સારૂ આખા જિલ્લાની પાયમાલી કરેલી છે. હાથીદાંતને માટે કરેલી આ અમાનુષી કતલની હોંશેહોંશે હાથીદાંત વાપરનારામાંના ભાગ્યેજ કોઇને ખબર હશે. —ચિત્રમયજગત

ટપાલની ટિકિટો પર રેંટિયો

આ નીચે બતાવેલી ટિકિટો રૂમાનિયાની છે. ૧૯૦૬ની સાલમાં તે રૂમાનિયાગાં વપરાતી. એ ચારમાંની એકમાં રૂમાનિયાની રાણીને ઊન કાંતતી બતાવવામાં આવી છે. બીજીમાં રાણી શાળ ઉપર લુગડું વણતી જોવામાં આવે છે ને ત્રીજીમાં તેને બીમાર ગરીબની માવજત કરતી નર્સ તરીકે દાખવવામાં આવેલી છે. આવી દરેક ચાર સ્ટૅમ્પના સેટ કાઢવામાં આવ્યા હતા. આ મુજબ આર્મિનીઆની એક સ્ટૅમ્પ ઉપર પણ એક



આર્મિનિયન બાઇને રેંટિયો કાંતતી બતાવવામાં આવેલી છે. હકીકતમાં, યુરોપના દેશોમાં જે કપડાં ત્યાંની મીલોમાં બને છે તે તો ઘણે ભાગે એશિયા અને આફ્રિકા જેવા મુલકોમાં વેચવા મોકલવા માટે બનાવવામાં આવે છે; જ્યારે ત્યાંના લોકો તો પોતે હાથથી બનાવેલાં કપડાં પહેરવામાં જ પોતાનું ગૌરવ સમજે છે. — સી. તેજપાલ

ચંદ્રની અસર

ચંદ્રમા ખેતીને કેટલે અંશે મદદ કરે છે તે જાણવા જેવું છે. એક લેખકે હમણાં જ એક પત્રમાં એવું લખેલું યાદ છે કે તેના પોતાના ગામમાં ખેડુતો ચંદ્રમાની ક્ષીણ થતી અવસ્થામાં એટલે કે અંધારિયામાં ડુક્કરના બચ્ચાને મારતા નથી, કારણકે તેઓ માને છે કે જો તેઓ તેમ કરે તો ડુક્કરનું માંસ ખાવા લાયક રહે નહિ. કેટલાક ખેડુતો માને છે કે શુકલપક્ષ એટલેકે ચંદ્રમાની અભિવૃદ્ધિનો સમય બી વાવવા માટે, ધાન્ય ઉગાડવા માટે અનુકૂળ છે, એટલે તેઓ બીજના ચંદ્રમા પહેલાં કે તે જ વખતે ખેતરમાં બી વાવે છે. સ્વાનુભવવાળા કેટલાક કૃષિકારો માને છે કે બિલાડીના ટોપ શુકલપક્ષમાં સરસરીતે ને ઝડપથી ઊગી નીકળે છે. મચ્છીના સેવનનો સમય પણ શુકલપક્ષનો રાખવામાં આવે છે જંગલમાં રહેનારાઓ માને છે કે ચંદ્રમા ઈમારતી લાકડાં ઉપર પણ અસર કરે છે. ફ્રાંસ અને ઇંગ્લંડમાં તો એવી માન્યતા પ્રચલિત છે કે ઇમારતી લાકડાં—ખાસ કરીને સાગને—કૃષ્ણપક્ષમાં જ પાડવાં જોઇએ, કારણ તેથી લાકડાં ઓછાં કહોવાય છે; પણ જો શુકલપક્ષમાં કાપવામાં આવે તો વધારે લાકડાં નાશ પામે. આ માન્યતા છેક રોમનોના વખતથી ચાલતી આવી છે.

ખાંડ અને ગોળ

આપણા દેશમાં દર વરસે ૫ કરોડ ૬૦ લાખ મણ ખાંડ દરિયાપારના મુલકોમાંથી આવે છે. જ્યારે આપણા દેશમાં પુષ્કળ ગોળ અને ૫૬ લાખ મણ ખાંડ પેદા થાય છે. આશરે ૪૦ વર્ષ ઉપર આપણે વિદેશી ખાંડ લગભગ બિલકુલ વાપરતા નહોતા. તે વખતે હાલ કરતાં નાતવરાનું જોર ઘણું હતું, તોપણ વિદેશી ખાંડ વાપરવાની આપણને બીલકુલ જરૂર પડતી નહોતી. તો પ્રશ્ન એ ઊઠે છે કે આપણા બાપદાદાઓ વિદેશી ખાંડ વગર સારાસારા નાતવરા કેવી રીતે કરતા હતા અને મીઠાઇઓ વગેરે પકવાન્ન પણ કેવી રીતે વાપરતા હતા? તેમનાં શરીર પણ આપણા કરતાં વધારે સશક્ત તથા તંદુરસ્ત હતાં અને રોગ તો તેમનાથી દસ ગાઉ દૂર નાસતો હતો. તેમના જ વંશજો આપણે વિદેશી ખાંડને આશરે પડી પરાધીન અને કંગાલ જીવન ગાળીએ છીએ. હકીકત એ છે કે પ્રથમના એ લોકો ઘણે ભાગે લાડુ તથા શીરામાં ગોળનો જ ઉપયોગ પુષ્કળ કરતા. પણ દુર્ભાગ્યે કોઈ શ્રીમંતોએ પોતાની શ્રીમંતાઇનો ઠાઠ બતાવવા ખાંડનો વાપર નાતવરામાં શરૂ કર્યો અને દેખાદેખીથી બીજાઓએ તેમનું અનુકરણ કરી ખાંડ વધુ ને વધુ પ્રમાણમાં વાપરવા માંડી. ખાંડ કરતાં ગોળ એ વધારે શક્તિશાળી તથા બળ આપનાર છે તેમજ નીરોગી જીવન માટે ગોળ ઘણો ઉપયોગી છે. માંદા માણસ પણ ગોળનો ઉપયોગ કરી શકે. આપણા દેશમાં ખાંડના વધેલા પ્રચારને પહોંચી વળવા જેટલી ખાંડ તૈયાર થતી નહોતી અને ખાંડ બનાવવાની આપણી જૂનીપુરાણી રીતોને લીધે આપણે ખાંડ સસ્તી પણ બનાવી શક્યા નહિ અને હરીફાઇમાં વિદેશી ખાંડ સસ્તી પડવા માંડી એટલે આપણે સોંઘો માલ ખરીદવા માંડી દેશી ખાંડના ઉદ્યોગને ફટકો મારી દેશદ્રોહનું પાપ કર્યું.

ખાંડ એ જીવનની અનિવાર્ય વસ્તુ નથી. ગોળ એની જગ્યાએ હમેશાં વાપરી શકાય છે; અને ચાહ કૉફી જેવાં વ્યસન છોડવામાં આવે તો ખાંડ ક્યાં વાપરવી એ પ્રશ્ન જ થઇ પડે. હાલમાં હિંદુસ્તાન સરકાર ખાંડના ઉદ્યોગને રક્ષણ આપવા તૈયાર થઇ છે અને પંદર વર્ષ સુધી આપણા ખાંડના ઉદ્યોગને રક્ષણ આપવા સારૂ વિદેશી ખાંડ ઉપર આકરી જકાત નાખી છે. સરકારના ખેતીવાડી ખાતાના નિષ્ણાતોએ શેરડી સંબંધે જે શોધખોળો કરી છે તેને લીધે હરીફાઈમાં ટકી શકે એવી શેરડી આપણાં ખેતરોમાં પકવી ખાંડ બનાવવાના કારખાનાં છેલ્લામાં છેલ્લી ઢબે સફળ કરી શકાશે એવો અભિપ્રાય આપ્યો છે. આ નવી પદ્ધતિએ જે ખાંડ બનશે તેને સાફ કરવામાં હાડકાંનો ઉપયોગ કરવાની જરૂર રહેવાની નથી. એ ખાંડને રક્ષણ મળવાનું હોવાથી વિદેશી ખાંડ કરતાં એ વધારે મોંઘી નહિ રહે. ખાંડનો ઉદ્યોગ હિંદુસ્તાનમાં મોટા પાયા ઉપર પહેલાં ચાલતો હતો તે હવે પુનર્જન્મ પામશે અને વિદેશી ખાંડ વગર નભાવી લેવાય એવી પરિસ્થિતિ થોડાં વર્ષમાં થશે. એ સ્થિતિએ પહોંચતાં સુધી સ્વદેશી ખાંડ અને ગોળનો જ ઉપયોગ કરવો અને વિદેશી ખાંડ વગર ચલાવી લેવા પ્રયત્ન કરવો એ આપણો ધર્મ છે. (નવ-ગુજરાત)

જૂનું સ્મરણ

હિંદી વિદ્યાર્થી પોતાના વિલાયતના પ્રવાસની વાત કરતો હતો. એક વાર લંડનમાં મોટરબસમાં બેસી તે એક અંગ્રેજ મિત્રને મળવા જતો હતો. એવામાં એક દુબળો પાતળો ઘરડા જેવો લાગતો અંગ્રેજ એક સ્ત્રી સાથે એ જ બસમાં ચડયો. બસ પૂરેપૂરી ભરેલી હતી. બેસવાની જગ્યા ન હતી. પહેલાં વિલાયતમાં એવો શિષ્ટાચાર હતો કે મોટર, ટ્રામ કે ટ્રેઇનમાં જો બેસવાની જગ્યા ન રહે ને કોઇ સ્ત્રી આવી ચડે તો મરદે ઊભા થઇને જગ્યા આપવી જોઇએ. પરંતુ 'સફ્રેજિસ્ટ' આંદોલન થયા પછી જીવનના પ્રત્યેક ક્ષેત્રમાં સ્ત્રીઓ પુરુષોની બરાબરી કરવા લાગી અને ધીરેધીરે એ નિયમ પણ ઊડી ગયો. હવે તો સ્ત્રીઓ આવે છે ને જગ્યા ન હોવાને કારણે ઊભી રહે છે પરંતુ કોઇ દરકાર નથી કરતું પેલા બુઢ્ઢાએ અહીંતહીં જોયું પણ બેસવાની જગ્યા ન દીઠી. બેસારૂઓમાં વિદ્યાર્થી હિંદી છે એમ જાણી બુઢ્ઢાએ કહ્યું, 'જરા જુઓ છો? સ્ત્રી

ઊભી છે અને તમે બેઠા છો! ઊભા થઇને એને જગ્યા આપતા નથી? તમે હિંદુસ્તાનીને જરા પણ વિવેક આવડતો નથી.'

વિદ્યાર્થીએ જવાબ આપ્યો, 'હું શા માટે ઊભો થાઉં? તમારા પોતાના જ દેશવાસીઓને તમે શા સારૂ જગ્યા આપવાનું નથી કહેતા? એમનામાં બહુ વિવેક છે ખરૂં ને? અહીં તમારા જોઇએ એટલા દેશભાઇઓ બેઠા છે.'

બસમાં બેઠેલા સો મુસાફરો બુઢ્ઢાને લડવા લાગ્યા, 'તમે આમ એક વિદેશીને શા સારૂ ધમકાવો છો? એ શા માટે ઊભા થાય? આજકાલ સ્ત્રીઓ સારૂ કોઇ ઊભું થતું નથી. અને તમે તમારા દેશવાસીઓને શા સારૂ નથી કહેતા?'

ચારે બાજુથી ઠીકઠીક સાંભળ્યાથી બુઢ્ઢો ચૂપ થઇ ગયો. પોતાને ઊતરવાની જગ્યા આવવાથી વિદ્યાર્થી ઊતરી પડચો. એ જ જગ્યાએ પેલો બુઢ્ઢો અને તેની સાથેની સ્ત્રી પણ ઊતર્યાં. વિદ્યાર્થી થોડે દૂર આવેલા પોતાના મિત્રના મકાનમાં પેઠો. એનો મિત્ર બીજે માળ રહેતો હતો. એણે દાદર ચડીને બારણું ખખડાવ્યું. એટલામાં પેલો બુઢ્ઢો પણ એ જ મકાનના દાદર ઉપર ચડવા લાગ્યો અને ત્રીજા માળના દાદર ઉપર ચડયો. વિદ્યાર્થીના મિત્રે દરવાજો ઉઘાડતાં એ અંગ્રેજને જોયો હતો. વાતચીતમાં મિત્રે પેલા વિદ્યાર્થીને પૂછ્યું, 'તમે પેલા ઉપર ચડયો એ બુઢ્ઢાને ઓળખો છો?' વિદ્યાર્થીએ ના પાડી.

મિત્રે કહ્યું, 'નહિ? એ તો લાંબા વખત સુધી હિંદમાં રહેલો છે. એનું નામ સર માઇકલ ઓડ્વાયર.— (વિશાળ ભારત)

સૌથી વૃદ્ધ જીવતું વૃક્ષ

કેલિફોર્નિયા (અમેરિકા)માં શીકુયાના નૅશનલ પાર્કમાં જનરલ શેરમન નામનું વૃક્ષ છે, તે ચાર હજાર વર્ષ પહેલાં ઊગ્યું હશે એવી ગણતરી થઈ છે. ગ્રીસની જાહોજલાલી અને ઇજિપ્તના પીરામીડોના યુગમાં તે પુખ્ત વયે પહોંચ્યું હશે, અને ઇસુ ખ્રિસ્તના જન્મ સમયે તેણે ૨૦૦૦ વર્ષ તો જરૂર પૂરાં કરી કાઢયાં હશે! અને હજુ તો તે જુવાની ભોગવે છે! આટલી વય તથા અનેક દાવાનળોના હુમલા છતાં તેનાં મૂળ આગળ આજે હજારો બચ્ચાંકચ્ચાં ઊછરી રહ્યાં છે. આ જાતનાં વૃક્ષમાં પોતાના ઘા રૂઝવી લેવાનો અજબ ગુણ છે. આજે તેના ઘામાંથી ૪૦ ટકા જેટલો રસ ખેંચાઇ જાય છે, પણ તેમ છતાં ૨૦૧૨માં તો પાછું એ હતું એવું બની રહેશે. આ જાતનું સાધારણ ઝાડ ૮૦ ફૂટ ઊંચું અને ૧૨ ફીટના ઘેરાવાનું હોય છે; પણ જનરલ શેરમન ૨૭૩ ફીટ ઊંચું છે ને થડ આગળ ૧૯ ફૂટ ઘેરાવાનું છે. જમીનથી ૧૦૦ ફીટ ઊંચે તેનો ઘેરાવ ૫૮ ફીટ છે. આ એક જ વૃક્ષનાં લાકડાંથી પાંચપાંચ ખંડવાળાં ૫૦૦ ઘરો બાંધી શકાય એવડું તે જંગી છે!

મીઠાઈ ફાયદો કરે છે!

સાધારણ રીતે મીઠાઇ શરીરને નુકસાન કરે, પણ જો ભોજન લીધા બાદ તુરત ખાવામાં આવે તો તે નુકસાનકારક થતી નથી. ચોખ્ખી મીઠાઇ બાળકો માટે હિતકર છે, કારણકે શરીરનું કાઠું બંધાવામાં તેની જરૂર છે. બાળકના ખોરાકમાં મીઠા કરતાં સાકર વિશેષ જરૂરની છે. અંજીર, ખારેક અને મીઠાં ફળોમાં આવતી સાકર બાળકને અનેક ફાયદા કરે છે અને તેવા પદાર્થો ખાવાની ટેવ વધારવી જોઇએ. જમ્યા ઉપર થોડીક સારી મીઠાઇ બાળકને ખાવા મળવી જોઇએ. (મોડી નહિ) અને તે પણ જલ્દી ખાઇને દાંત સાફ કરી નાખે તો જરા યે નુકસાન નહિ કરે. ખાતાંખાતાં જે પાચનરસ Gastric juice નો પ્રવાહ ચાલુ થયો હોય છે તેને મિલાવી દેવામાં મીઠાઇ મદદગાર બને છે. ખાવાના ટંકોની વચ્ચેના વખતમાં આ રસ જોરમાં નહિ હોવાથી તે વખતે મીઠાઇ ન જ ખાવી જોઇએ. મીઠાઈ ખાધા પછી દાંત બરોબર સાફ કરવાનું ભૂલવું ન જોઇએ. ગરીબ માણસોને રોજ થોડી પણ મીઠાઇ ખાવી ન પરવડે તેઓ ગોળ ખાવાનું રાખે તે પણ ફાયદો કરે.

રબરટાયરની રેલ્વે

ફ્રેંચ ટાયર કંપનીના ઍન્જિનીઅરોએ તે બનાવી છે. તેનો એક ડબો જંગી પૅસેંજર મોટરબસ જેવો લાગે છે. તેનાં ટાયર ચાર ઇંચ જેટલાં પહોળાં છે અને તેને માટે સાધારણ બસ કરતાં ત્રીજા ભાગનો ખર્ચ આવશે આથી રેલવે કંપનીને થતી ખોટ અને અટકા બચશે. તેને લગભગ ૭૦ માઇલની ઝડપ પર મૂકતાં છતાં યે લોકો આંચકા વિના બેસી શકે છે અને વાતચીત કરી શકે છે. ચાલુ ટ્રેનની ગતિ ધીમી પાડવા ૧૧૦૦ વારથી બ્રેક મારવી પડે છે, જ્યારે આ ટ્રેન માત્ર ૧૦૦ વારથી બ્રેક પકડે છે. પૈડાના ટાયરમાં પંકચર પડે તો તેને ઊંચકી રાખવાને સાથે જ લાકડાનાં ચક્રો રાખ્યાં છે જેથી અકસ્માત વખતે અટકી જવાનું બનશે નહિ.

હેકટોગ્રાફની સાદી રીત

તમારે નોટીસો, પરીક્ષાપત્રો કે કાર્યક્રમની ઘણી નકલોની જરૂર પડે ત્યારે હેકટોગ્રાફ બહુ ઉપયોગી થશે. તે માટે ઘણી યે રીતો હોય છે, પણ સાદામાં સાદી આ છેઃ પાંચ તોલા જેટલો સૂકો સરેસ મારેર પાણીમાં પલાળી રાખો. તે તદ્દન ઓગળી ગયે ધીમે તાપે ગરમ કરવો. બહુ ઊકળી ન જાય તેનું ધ્યાન રાખવું. જાડો શીરા જેવો થયો લાગે ત્યારે તેમાં આઠ ઔંસ ગ્લિસરીન અને છ ટીપાં કારબોલિક ઍસિડ નાખવાં. આ પ્રવાહીઓને લીધે હેકટોગ્રાફ કઠણ થઈ જશે નહિ. પછી તેને સફેદ બનાવવાને પારીસ વ્હાઇટ, ફ્રેંચ ચૉક અથવા ચાઈના કલે જેવી એકાદ ચીજ નાખવી. છેવટે તેને પોણા ઇંચ ઊંડી છીછરી ચોખંડી પતરાની રકાબીમાં ઢાળી દેવું. સાધારણ રીતે દસેક કલાકમાં તે ઠરી જશે.

તે પરથી નકલ કાઢવાને કોઇ પણ ઍનીલાઇન રંગથી બનાવેલી ઘાટી શાહીથી એક કાગળ પર જોઈતું લખાણ કે ચિત્ર પાડવું અને તેને થોડી વાર સૂકાવા દઇ હેકટોગ્રાફની સપાટી પર તે એકસરખો ચોડી દઇ અંદર શાહી ઊતરે એટલી વાર રાખવો. પછી કોરા કાગળો લઈ એક પછી એક સરખા

સપાટ દાબતા જાઓ એટલે ઘણી નકલો ઊતરશે. છેવટે સપાટી પાણીના પોતાથી લૂછી સાફ કરવી. હેક્ટોગ્રાફ બહુ કડક થઇ ગએલું લાગે ત્યારે ગરમ પાણીમાં આખી રકાબી ઝબકોળી કાઢવી એથી તે નરમ થશે.

દૂરદર્શકયંત્ર 'ટેલીવીઝન'

આજે અમેરિકામાં ૧૫,૦૦૦ ઘરમાં આ યંત્રો ચાલુ થઇ ગયાં છે. ન્યૂ યોર્ક, શિકાગો, બોસ્ટન, વૉશિંગ્ટન વગેરે શહેરોમાં રોજ સવારસાંજ દશ્ય શ્રાવ્ય 'બ્રૉડકાસ્ટિંગ' ચાલુ થઇ ગયું છે. ત્રણ જાણીતાં કારખાનાં આવાં યંત્રો વેચવામાં ખાત્રીદાર ગણાયાં છે. આ સજીવ ચિત્રદર્શક બોલતાં યંત્રોનો પડદો ૩×૫ ઇંચ અથવા ૮×૮ ઈંચનો હોય છે. બીજા લેન્સની મદદ લેતાં તે ઉપર ૨½×૨½ ફૂટ જેવડું મોટું ચિત્ર પણ કરી શકાય છે. દશ્ય બ્રોડકાસ્ટિંગમાં ઘણી જાતના જલસા રજુ કરવામાં આવે છે. આ યંત્ર હજુ તો ઘણા સુધારા માગે છે પણ તે એટલી ઝડપથી પ્રગતિ પામ્યું છે કે તેની સંપૂર્ણતા માટે હવે વર્ષો નહિ પણ થોડા મહિના જ જોઇશે. ૧૮૮૪માં Nipkov (નિપ્કૉવ) નામના રશિયને એક સ્કૅનિંગ ડિસ્ક બનાવી હતી તેમાંથી ચિત્રના છાયાપ્રકાશના ખંડો થઇ જતા હતા. એ જ માણસને જો હાલનાં વીજળીક સાધનો મળ્યાં હોત તો આ યંત્ર દુનિયાને વહેલું મળ્યું હોત. આ યંત્ર પાછળ માણસો એવા તો લાગ્યા છે કે ઇથર પર કાબુ લેવાને છ વર્ષ લાગશે એમ મનાતું તેને બદલે હવે ત્રણ જ વર્ષ ગણાય છે.

અખંડ ગતિવાળો નવો અજબ સીનેકૅમેરા

સાધારણ સીનેકૅમેરામાં ચિત્રોનાં ચાલતાં રૂપોની જુદી-જુદી છબીઓ પડે છે અને પછી પ્રકાશની મદદથી તે પડદા પર ઝડપી ક્રમે આવીને ગતિનો ભાસ કરાવે છે. આ છબીઓ જેટલી ઝડપથી બદલાય છે તેટલી જ ઝડપથી વચ્ચેવચ્ચે એક પડદો (શટર) ઉઘાડવાસ થાય છે. આ શટર ઊઘડે એટલી ઘડી ફિલ્મનું ચિત્ર અટકે છે ને તેને લીધે તે સહેજ આંચકો ખાય છે.

પણ આવા શટર વિનાનો અને સતત ગતિ જાળવનારો સીનેકૅમેરા હમણાં બન્યો છે. તેનો કર્તા ગૅબ્રિયલ ચેરિયા મારેનો મેક્સિકોનો એક શ્રીમંત બૅંકર છે. તેની જિંદગીનો શોખ આવાં દશ્યોત્પાદક યંત્રો કરવાનો છે. સીનેમેટોગ્રાફના મૂળ સિદ્ધાંતમાં કિરણદ્વાર આગળ બદલાતી ફિલ્મ મુખ્ય ગણાય છે, અને આજ સુધી કોઇ તે સિદ્ધાંત બાજુએ મૂકીને નવી દિશામાં પગ મૂકી શક્યું નહોતું. ભલભલા બાહોશ કારીગરો પણ આવી શોધને અસંભવ માનતા.

આ નવા કૅમેરામાં ફિલ્મ ઉપર અને લેન્સથી જ ચાલતું ચિત્ર લેવાય છે; તે સિવાય બધું જ નવા પ્રકારનું છે. માત્ર આકૃતિ નવી છે એમ જ નહિં; આખો સિદ્ધાંત બદલાય છે. બહારના દેખાવમાં તો તે ચાલુ કૅમેરાથી થોડા જ ફેરવાળો છે, પણ અંદરથી તો તમામ રચના જુદી છે. ફિલ્મ એમાં પાછળની બાજુએ જાય છે અને કેટલી યે સળવળ ગતિ કરી આગળના ચક્કરમાં પહોંચે છે ને ત્યાં દવાવાળી બાજુ ઊંધી વીંટાય છે. (જ્યારે આજ સુધી દવાવાળી બાજુ ઉપર રહેતી) આમ છતાં આ કૅમેરાની કરામતની સાદાઈ તરત દેખાઇ આવે છે. ઘણા લેન્સ ચડાવેલું એક ચક્કર અને બેત્રણ દાંતાવાળા મોઢિયાં જ માત્ર ગતિમાન રહે છે, અને આટલો જ ભાગ કૅમેરાનું ખરૂં હાર્દ છે. તેમાંના મુખ્ય ધરી ઉપર આઠ ખૂણાવાળી એક મજબૂત પ્લેટ ચડાવેલી છે ને તેની ફરતી કિનારી પર આઠ લેન્સ ચડાવેલા છે, જે કૅમેરાના લેન્સની જગ્યાએ વારાફરતી આવે છે અને ગતિ સાચવી લે છે, આ લેન્સ તેના શોધકની કલ્પના પ્રમાણે જ બનાવવામાં આવ્યા છે અને તેની ચોકસાઈ ૧૦,૦૦૦ અંશ જેટલી છે. પણ જો ફિલ્મ વખતોવખત બંધ ન થાય તો ચિત્ર પડે શી રીતે? આને માટે શોધકે બહારના ભાગમાં એક પતરૂં ગોઠવ્યું છે, જેમાં ૩૬૦ ખંડ આપી શકાય છે આ તો અરધી કથા થઇ. આ રચનાથી ફિલ્મની સતત ગતિ અને કોઇપણ જાતના આંતરાના અભાવને લીધે તે અંશોમાં અજબ વધારો કરી શકાય છે.

હાલના કૅમેરા એક મિનિટે વધુમાં વધુ ૯૦ ચિત્રો લે છે, જે વખતે શટરનું છિદ્ર ૧૭૦ ડિગ્રીનું હોય છે અને દરેક ચિત્રને ૧/૪૮ સેકંડ સુધીનો પ્રકાશ મળે છે. પણ છિદ્ર બહુ જ નાનું હોય ત્યારે ૧/૨૪ સેકંડ જેટલો વખત માગે છે. આ નવા કૅમેરામાં કોઇપણ મુખ્ય ભાગ ફોકસ કરતાં હાલતો નથી. ફોકસિંગ ચાલુ રાખીને કૅમેરામાં ચિત્ર જ લઇ શકાય નહિ તેમ હોવાથી એક જુદો જ પ્રિઝમ કૅમેરાની આગળ રાખવામાં આવે છે. તે મારફત ફોકસ મેળવી તેને બાજુ કરી લઇ ફિલ્મ ચાલુ કરવાથી ચિત્ર બરોબર ઊતરે છે. તે ઉપરાંત વધુ અજબ કરામત તો પ્રકાશનું માપ સાચવતી ફોટો-ઇલેક્ટ્રિક રચના છે, જેથી બહારના પ્રકાશ પ્રમાણે અંદરની એક સોય કૅમેરાની ગતિ મેળવી લે છે: કૅમેરાના મુખ્ય ભાગો સ્થિર રહેતા હોવાથી અવાજ બહુ જ નજીવો રહે છે. ચિત્રો પણ દર સેકંડે આઠથી માંડી ત્રણસો કે હજાર સુધી પાડી શકાય છે. આને લીધે સ્વરવાચક ફિલ્મ લેવામાં આ કૅમેરા બહુ સુગમ છે.

પાણીમાં તરે એવી હળવી ઈંટો

હાલની ઈંટોના પાંચમા ભાગના વજનવાળી, પાણીથી પણ હળવી, આ નવી ઇંટની શોધ અમેરિકાના રસાયણીઓ સમક્ષ ડૉ. ચાર્લ્સ ફ્રેડરિક બર્જેસે રજુ કરી છે. તેને પાણીમાં તરતી મૂકીને તેણે જણાવ્યું કે એગ ને એમ વરસ સુધી રાખો તો પણ તરશે; છતાં તે મજબૂતીમાં અને ટકાઉપણામાં એટલી ચડિયાતી છે કે દુનિયાના ઊંચામાં ઊંચા મિનારા કે મકાનો ટકાવી શકશે. આટલી હળવી ઇંટથી મકાનનું બાંધકામ બેવડી ઝડપે ચાલશે; એટલે ખર્ચ પણ કમી આવશે.

મુસાફરઃ કોઇ મોટા માણસો આ શહેરમાં જન્મેલાં ખરાં?
વતનીઃ ના, અમારે ત્યાં તો બાળકો જ જન્મે છે!

❀ જીવનનો વિજય છે વીર કાજે! ❀

રોમના એક દેવળમાં ઊંચા ઘુંમટ પરનાં કેટલાંક મહાત્માઓનાં ચિત્રોમાં દોષ કાઢતાં વડા ધર્મગુરુએ કહ્યું, 'એમાંના માણસોને અલંકાર કેમ પહેરાવ્યા નથી?' ચિત્રકારે જવાબ આપ્યો: અલંકાર શ્રીમંતો જ પહેરે છે; અને એવા લોકો એટલે ઊંચે ચડી શકતા નથી!'

મનુષ્યેતર પ્રાણીને માટે ગુજરાતીમાં બે શબ્દો પ્રચલિત છે: જાનવર અને જનાવર. તેમના અર્થ જોતાં બીજો શબ્દ વધારે અનુકૂળ તથા બંધબેસતો લાગે છે. જાનવર=(જાન=જીવ+વર=વાળું) જીવવાળું; જનાવર=(જન=માણસ+અવર=બીજું) માણસ સિવાયનું બીજું પ્રાણી

કોઇપણ રકમને તેજ રકમ વડે બે વાર ગુણો. પછી ગુણાકારને ૭ અથવા ૯ વડે ભાગો, તો કાં તો ભાગ ચાલશે અથવા શેષમાં ૧ વધશે અથવા ૧ ઘટશે; ચોથું વાનું કદી થવાનું નહિ. (શા.લ.આ.)

સોડા વાળને બરડ બનાવે છે; સાબુ નરમ બનાવે છે. હજામતના સાબુમાં બંને હોય છે. હજામત કરતાં પહેલાં વાળ પર તેલનો આછો હાથ ખૂબ મસળવાથી વાળ સહેલાઇથી નીકળી આવશે.

કઢાયો ગુંદર પલાળીને બાંધવાથી ગમે તેવો ઊંડો ગએલો કાંટો પણ એક જ રાતમાં ખેંચાઇને બહાર આવી જાય છે.

'માણસની જિંદગીનું વર્ણન કરો જોઉં.'
'જુવાનીમાં માણસ ભૂલ કરે છે, મોટપણે પેટ ભરવાની ચિંતામાં પડે છે, ઘડપણમાં આગલાંકામોમાટેપસ્તાયછે.'

દુનિયામાં સૌથી લાંબી નદી ઉત્તર અમેરિકામાં ને સૌથી પહોળી નદી દક્ષિણ અમેરિકામાં છે. સૌથી ઊંચો પર્વત એશિયામાં છે; સૌથી ઊંડું મહાસાગરનું તળિયું પાસિફિકમાં છે. કયાં ને કયાં તે જાણો છો?

કલકત્તાના વનસ્પતિ-ઉદ્યાનનો વડ દુનિયાભરમાં સૌથી વધુ વિસ્તારવાળું વૃક્ષ ગણાય છે. તેનો ઘેરાવો ૧૦૦૧ફીટ છે.



ઇ.સ ૧૭૭૪માં જન્મેલો તુર્કસ્તાનનો ૧૫૮ વરસનો આ વતની ઝારો આગા જગતભરમાં બુઢ્ઢામાં બુઢ્ઢો ગણાય છે. તે આજ સુધીમાં બાર વખત પરણ્યો છે, ત્રણ વખત તેના દાંત ફરી ઊગ્યા છે, વગેરે એના વિષેની હકીકતો જાણીતી છે. જીવનમાં તેણે કદી દારૂ પીધો નથી એ તેના આ દીર્ઘાયુનું એક કારણ છે અને તેથી દારૂનિષેધના કાર્ય માટે તેને હમણાં અમેરિકાની સફર કરાવી હતી.

ગરમીને લીધે આવેલી આંખે કેળાનાં ફાડચાં બાંધવાથી આરામ મળશે.


ચીનનો માઇલ ૬૦૯ યાર્ડનો છે; ફ્રાન્સ, હોલૅંડ ને બેલ્જિયમનો માઇલ ૧૦૯૪ યાર્ડનો, રશિયાનો ૧૧૬૭ યાર્ડનો, સ્વીડનનો ૧૧૬૦૦નો, ઈટાલીનો ૨૦૨૫, સ્પેનનો ૧૫૨૨, નોર્વેનો ૧૨૧૮૨ ને હિંદુસ્તાનનો ઇંગ્લંડ-અમેરિકાની માફક ૧૭૬૦ યાર્ડનો માઇલ ગણાયછે.

લીમડાનાં પાન અને ગોળને પીસીને બનાવેલી લૂગદી ગૂમડા ઉપર રામબાણ છે. પહેલી લૂગદી પરુ ખેંચી કાઢી સાફ કરશે, ને બીજી રૂઝ આણવા માંડશે.

જનરલ નાગાઓકા નામનો જાપાની આંતરરાષ્ટ્રીય મૂછમંડળનો પ્રમુખ છે. તેની મૂછો આખી દુનિયામાં ફાંકડામાં ફાંકડી ગણાય છે. એ એક છેડાથી બીજા છેડા સુધી ૨૦ ઇંચ લાંબી છે અને માથાની પછવાડે તેના છેડા પહોંચાડી ગાંઠ બાંધી શકાય છે. (પણ અમે 'કુમાર'ના ૧૭મા અંકમાં જેમનો પરિચય આપેલો તે લાઠીના ભુરખિયા ગામના આહીર હવાલદાર દેસુર આ ગણતરી કરનારના ખ્યાલમાં નહિ હોય. એ ભાઇની મૂછોનો દરેક છેડો ૩૪ ઇંચ લાંબો છે)

ભગરીનાં દરની માટી એટલી ઠંડી હોય છે કે તેને પાણીમાં કાલવી કપાળે ચોપડવાથી દુખતું માથું ઊતરી જાય છે.

અમેરિકાના મિનેસોટા પરગણાના લિટલફોર્ડ ગામની મિસ સેન્ટ નામની બાઈ પાસે એક બળદ છે તેનાં શીંગડાં સાંધામાંથી બહાર કાઢી શકાય છે, તથા પાછાં બેસાડી દઇ શકાય છે!



ઘરમાં જોડા પહેરવા એ આપણી પેઠે જાપાનમાં અવિનય ગણાય છે: છતાં આપણી જેમ તેઓ બધે એક જ પ્રકારના જોડા પહેરતા નથી. એ કલાશોખી પ્રજા પ્રસંગપ્રસંગને માટે જુદીજુદી જાતના જોડા રાખે છે. ઘરની સપાટો ઉપરાંત રસ્તે ફરવાના, નાટકશાળામાં પહેરવાના, એમ વિવિધ પ્રકારના જોડા હોય છે. આ ઉપર બતાવ્યાં છે તે લાકડાના ઊંચા ટેકાવાળાં ચંપલ તેઓ ચોમાસામાં વાપરે છે.